કુમાર

શ્રાવણ '૮૪



અંક ૫૬

ઉગતી પ્રજાનું માસિક

તંત્રી રવિશંકર મ. રાવળ



'લાડભરી કુમારી' : ચિત્રકાર ચન્દ્રવદન ભટ્ટ

કુમાર

શ્રાવણ ૧૯૮૪

અંક ૫૬

વી ર પ સ લી અં ક

તંત્રી રવિશંકર રાવળ: **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ. **ગ્રાહકો** વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી. પણ આ વર્ષે શરૂઆતના ત્રણ અંક ખુટતા હોવાથી રૂા. ૪-૮-૦ લવાજમ લઇ ચૈત્રથી નવ માસ માટે ગ્રાહક નોંધાય છે. **લેખકો:** જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



ગ્રંથવાચનનું પ્રચારચિત્ર
ચિત્રકાર : રવિશંકર રાવળ



કુમાર

વર્ષ ૫
અંક ૮

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માનીતું માસિક

શ્રાવણ
૧૯૮૪

હું

· ઉપજાતિ :

હું વિશ્વનો એક અણુ વિરાટ
ચૈતન્યના પૂર્ણ પ્રકાશવંતો;
તંદ્રા હરું ને ખિલવું હસંતો
પ્રાણે વહ્યા આત્મતણા વિલાસ.

હું શૌર્યનો સાહસ-ઘોર સિન્ધુ
છોળો ઉછાળી જગ ઘુમવાનો;
તોફાન વચ્ચોવચ ઝુમવાનો
પ્હોંચી જવા જીવનલક્ષ્ય-ઈન્દુ.

હું વર્તમાને રમણે ચડેલો
અર્પી જતો સાન સ્વતંત્રતાની;
દોરી રહું રેખ અનંતતાની:
અંધારના તારક શો ઝગેલો.

હું વિશ્વનો એક અણુ વિરાટ,
કલ્યાણના ભાવિ ભર્યો વિકાસ.

દેશળજી પરમાર

(ચિત્રકાર : કનુ દેસાઇ)



ભણતરને અને પોશાકને શો સંબંધ છે એ સમજવાની બુદ્ધિ હાલના વિદ્યાર્થીઓમાં આવી જણાતી નથી. **Plain Living and high thinking** (સાદું જીવન અને ઉન્નત વિચારણા)નું સૂત્ર જે ભાષામાંથી તેમને મોંએ ચડયું છે તે જ ભાષાનો અભ્યાસ કરતી વેળા તેમની રીતભાત જુઓ તો મોટો વિરોધ દેખાશે. એ ભાષાના સંસ્કારથી રંગાએલા વિદ્યાગુરુઓ અને પ્રોફેસરો પણ એવા જ તર્ક ગોઠવે છે કે વિદ્વાન કે પ્રોફેસર બનવાને જીવન ખર્ચાળ હોવું જોઇએ. તેઓ પરદેશી સંસ્કૃતિ પ્રચારે છે કે વિકૃતિ તેનો વિચાર કરવા જેટલી ફુરસદ તેમને કેમ નહિ મળતી હોય? ઘણા સાહેબ બનેલા વિદ્યાગુરુઓ અને તેમને પગલે ચાલતા પારસી અને દેશી પ્રોફેસરો આ બાબતમાં વિદ્યાર્થીને ટપલું મારતાં યે શરમાતા નથી. વિદ્યાર્થી જાણે લખત કરી બંધાએલો ગુલામ હોય, તેને સ્વાભિમાન કે દેશપ્રેમ ન જ હોય એવો નિર્માલ્ય ગણી પોશાક અને રીતભાતની બાબતમાં કૅાલેજ કે હાઈસ્કુલના રાજવિરાજો તરફથી કડક ફરમાનો આપવામાં આવે છે. તે સામે અવાજ કાઢતાં પણ થથરે એવા માનસવાળા વિદ્યાર્થીઓમાં Knowledge is Power (જ્ઞાન એ પરમ શક્તિ છે) એ અનુભવ શી રીતે ઉતરે? જોડા પહેરવાનો જ્યાં સખત કાયદો હતો તે કૅાલેજમાં ઉઘાડે પગે જવાની હિંમત દાખવનારા એમુભાઇ પુરાણીનો જવાબ બધાને મોંએથી ક્યારે નીકળશે? 'જ્ઞાન તો આંખો અને મગજ વડે ગ્રહણ કરવાનું છે; પગેથી નથી પેસવાનું. ઉઘાડા પગને તેની સાથે શી લેવાદેવા છે?'

એક કૅાલેજમાંથી મારા પર એક ભાઇએ પત્ર લખ્યો છે તેમાં પોશાક અને રીતભાત વિષે જે સ્થિતિ રજુ કરે છે તે વાંચવાથી ઉપરની વાતને ટેકો મળશે: 'ઘણીખરી સંસ્થાઓમાં પશ્ચિમના ગુરુઓ ભણાવે છે. તેમનો એક હેતુ હિંદુસ્તાનમાં પશ્ચિમની રહેણીકહેણી પ્રસારવાનો હોય છે. તેઓ વર્ગમાં ભણાવવા આવે ત્યારે ત્રણથી ચાર ઇંચનો સળગતો ટોટો મોંમાં રાખીને વર્ગમાં કામ કરે છે તે જોઇને કાચી સમજવાળા યુવાન ઉપર બહુ જ ખરાબ અસર થાય છે અને સીગાર પીનારની સંખ્યા વધતી જાય છે. સાહેબ વિદ્યાગુરુઓ હિંદુ કે મુસલમાન વિદ્યાર્થીની લાગણી માટે જરા પણ દરકાર રાખતા નથી. તેમને વખતે વખતે કેમ તરછોડી કાઢવા તે તેઓ બરાબર જાણે છે. પારસી શિક્ષકો પણ તેમનું અનુકરણ કરે છે. . . વિલાયતી ઢબના પોશાક પાછળ આપણો યુવાનવર્ગ ગાંડો બની મૂર્ખ અનુકરણ કરતાં શીખી ગયો છે. માતાપિતાની ખર્ચ કરવાની શક્તિ હોય કે ન હોય, પણ તેઓ તો સીનેમા ફિલ્મોના ઍક્ટરોની માફક ઓઢતા પહેરતા અને સ્ટાઇલથી લટકાં કરતા હરતાંફરતાં પોતાની જાતને જરા ઉંચી બનેલી માની લે છે. તેમનો પોશાકનો ખર્ચ, બાલની શોભાનો ખર્ચ, નવી ફૅશનનો ખર્ચ, બધો મળી એટલો બધો થાય છે કે દેશની ગરીબી જોતાં તેમાં દીવાળિયાપણું જ લાગે . . . છતાં મારા એક પારસી શિક્ષક તો સમજાવે છે કે ખાદી પહેરશો તો ઇંગ્લિશ નહિ આવડે! . . . બીડી પીવી તે તો આજના યુવાનોમાં સાધારણ વાત થઇ ગઇ છે અને હાલ સોમાં પંચોતેર ટકા પીતા જ હશે. દસ વર્ષ પછી કદાચ એક જ ટકો બાકી રહેશે. . . યૂનિવર્સિટીની કેળવણીની ચક્કીમાંથી નીકળ્યા પછી તો આ મોજશોખનાં સ્વપ્નાં જ રહે છે ને નોકરીની શોધમાં રખડતાં ખર્ચ નિભાવતાં સોસો વાનાં વીતે છે. નિર્વાહનો પ્રશ્ન જ ડોળા ફાડતો સામે ઉભો હોય તેને નવી શોધો, દેશસેવા કે ઉપાસનાની વાતો કેમ સુઝે!'

એ ભાઇએ બીજું ઘણું લખ્યું છે જે વિષે આગલી મિજલસોમાં ખુબ કહેવાઇ ગયું છે; પણ કેળવાએલો યુવાન કેટલી રીતે દેશને બોજા રૂપ થઇ પડયો છે તેનો ખ્યાલ આપવાને સિંધની આર્ટ્સ, લૅા અને એન્જીનીઅરિંગ કૅાલેજના વિદ્યાર્થીઓ સમક્ષ રજમી જુને પ્રિન્સિપાલ ગોખલેએ ગર્જીદ દાખલા



પુસ્તક વિનાનું ઘર

આજનો સ્ત્રીવર્ગ સુંદર ઘર, બાગબગીચા ને કપડાંના કબાટોમાં રાચે છે; આજનો પુરૂષવર્ગ મોટરો ને ગાડીઓની સાહ્યબીમાં મગરૂરી સમજે છે; પણ પુસ્તકોના ખજાનાની માલિકીમાં મગરૂરી માનનાર આજ કેટલાં છે? ઘરમાં વસેલા દેવ તરીકે, આનંદના ઝરણ તરીકે, થાકેલાંને આરામ ને પ્રેરણા આપનાર તરીકે, જીવનનાં કાર્યોમાં સહાય કરનાર તરીકે ગ્રંથોનું સ્થાન આપણાં ઘરોમાં કેટલું છે?

જેમને એની ખરી કીમત સમજાઈ છે તે તો બીજી ઓછી જરૂરિયાતની ચીજો જતી કરીને પુસ્તકો જ ખરીદવાના. સૌ ચીજો કરતાં એનું સ્થાન શ્રેષ્ઠ છે, કેમકે આનંદ, પ્રેરણા ને કેળવણી આપવામાં પુસ્તકો હંમેશાં અજોડ છે.

પુસ્તક વિનાનું ઘર તો એવું ગણાય કે જેની માલિકીથી શરમ ઉપજે.

દલીલ અને ગણત્રી સાથે આંખ ઉઘાડી નાખે એવું જે વ્યાખ્યાન આપ્યું છે તે પશ્ચિમની ઉપરછલ્લી રીતભાતો પ્રચારનારાની સામે ધરવા જેવું છે.

ઑક્સફર્ડ અને કૅમ્બ્રિજના વિદ્યાર્થીઓની વાંદરિયા નકલ કરતા સિંધના વિદ્યાર્થીને જોઇને અંગ્રેજો બહુ રમુજ મેળવે છે. સિંધની કૉલેજોના વિદ્યાર્થીઓ હૅટ, ભુરા કોટ, પિત્તળનાં બટન તથા ફ્લાનલનાં પહેરણો પહેરવામાં ને વિદ્યાર્થિનીઓ ઉંચી એડીનાં બુટ વાપરવામાં શૂરાંપૂરાં છે. આપણા દેશની આબોહવા માટે પૂર્ણ અગવડ રૂપ આ પોશાક સામે પ્રિન્સિપાલ ગોખલે (જે થોડા જ વખત પર વિલાયત જઇ આવ્યા છે) એ પોતાની જાતના દૃષ્ટાંતથી વિગ્રહ શરૂ કર્યો છે. ટર્મ ઉઘડતાં જ તેમણે કૉલેજના ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓની સભા સમક્ષ પોતે એક ઝભ્ભા જેવું પહેરણ (ઓઢવાર ઢબનું), ખેસ, ધોતી, લાલ દક્ષિણી જોડા સાથે ખુલ્લે માથે વ્યાખ્યાન આપવા રજુ થયા. તેમણે ચોકખેચોકખું જણાવ્યું કે દેશને નુકસાનમાં ઉતારનારી રીતભાતો અને ખર્ચાળ ટેવો વિદ્યાર્થીઓમાં ઉતરે છે તે માટે તેમના ગુરુઓ જ જવાબદાર છે.

દેશમાં જે વખતે રાષ્ટ્રીયતાનાં પૂર ચડે છે તે વખતે પ્રિન્સિપાલ ગોખલે જેવી ઉચ્ચ પદવીધર અને જવાબદાર વ્યક્તિ વિદ્યાર્થીઓ સમક્ષ સાદાઇનું દૃષ્ટાંત રજુ કરવા આગળ પડે એ વિદ્યાર્થીઓનું સુભાગ્ય છે. શાહી (ઇમ્પીરિયલ) એન્જીનીઅરિંગ ખાતામાંથી ફારગ થઈ તેમણે, પોતે પોતાનું તત્ત્વ વ્યક્ત કરી શકે અને જોઈતી છુટ ભોગવી શકે માટે જ સિંધ કૉલેજની જગ્યા સ્વીકારી, અને હવે વિદ્યાર્થીઓનાં જીવન ઘડવાનું કામ શરૂ કર્યું છે. દરેક જાતના આક્ષેપો સામે ટક્કર લેવાની વેગભરી મહારાષ્ટ્રી પ્રકૃતિવાળું તેમનું તેજસ્વી વ્યક્તિત્વ વિદ્યાર્થીઓ પર જરૂર સજ્જડ છાપ પાડશે.

એમના વ્યાખ્યાનનો સંદેશ એક જ હતો: Be Men: મર્દ બનો. સિંધ આર્ટ્સ કૉલેજનો એ ધ્યાનમંત્ર છે. ત્યાંની એન્જીનીઅરિંગ કૉલેજનો ધ્યાનમંત્ર છે: **Stand errect, look straight, act:** (ટટ્ટાર ઉભા રહો, સીધી નજર રાખો, કામ કરો:) એટલે કે સદા ખડે પગે રહી એકચિત્તે પોતાના જ કામમાં રત રહો. આવા મંત્રો સામે રાખનારા વિદ્યાર્થીઓ આગળ તેમણે નવું દૃષ્ટિબિંદુ રજુ કર્યું છે: શી રીતે યોગ્ય જીવન ગાળવું. ખોરાક, નિવાસ ને વસ્ત્રો એ ત્રણ ચીજો વિદ્યાર્થીને જોઇએ જ. જીવનની એ ત્રણ મુખ્ય જરૂરિયાતો દેશની સામાજિક અને રાજકીય સ્થિતિ પ્રમાણે જે રીતે પ્રાપ્ત થઇ શકે તેના આધારે તે મેળવવાનો વિચારક્રમ ગોઠવવો જોઇએ. દેશમાંથી જે મળી આવે તે પર જ તેણે સંતોષ લેવો જોઇએ. પોતાની ઉત્પન્ન કરવાની તાકાત કરતાં વધારે વાપરવાનું કોઇને પોસાય જ નહિ.

સામાન્ય રીતે કેળવાએલો માણસ હાલની સ્થિતિમાં સમાજને નકામા બોજા રૂપ લાગે છે. રાજકીય પરિસ્થિતિએ પોષેલી પરદેશી સામગ્રીથી ઝટ પુરી પડતી કૃત્રિમ જરૂરિયાતોને લીધે તે ગરીબ ગામડિયાનો નાશ કરવામાં અને દેશના મુળ પદાર્થોનો આર્થિક ઘસારો આપવામાં સાધન રૂપ બની જાય છે. પ્રિન્સિપાલ ગોખલેએ ચોક્કસ ગણત્રીબંધ હકીકત સાથે બતાવી આપ્યું છે કે પરદેશથી આવતી ચીજો વાપરનાર કેળવાએલો વર્ગ જ છે. હિંદુસ્તાનને તે માટે આટલું ખર્ચ રાખવું પડે છે:

રૂ. ૧૬ લાખનાં બટાટાં

રૂ. ૮૬ લાખનો સુકો મેવો

હિંદ ખેતી પ્રધાન મુલક હોવા છતાં તેને રૂ. ૬૭ લાખ પરદેશી ઘઉં માટે અને રૂ. ૧૫ લાખ કઠોળ માટે બહાર મોકલવા પડે છે. અને આ ઓછું હોય તેમ પોતાના દેહમાં ઝેર ભરવા માટે તે દર વર્ષે

રૂ. ૯૨ લાખનો બ્રાન્ડી

રૂ. ૫૧ લાખનો વ્હિસ્કી તથા

રૂ ૩૧ લાખનો સામાન્ય દારૂ મંગાવે છે. આ ઉપરાંત મોજમજા અને સ્વાદ માટે

રૂ. ૧૦૧ લાખના પેટન્ટ ખોરાકો

રૂ. ૭૭ લાખનું ડબામાં જમાવેલું દુધ

રૂ. ૪૮ લાખનાં બિસ્કિટ

રૂ. ૩૫ લાખની સંઘરેલી માછલીઓ

રૂ ૧૨ લાખની ચીઝ

રૂ. ૧૦ લાખના મુરબ્બા

રૂ. ૫ લાખની વિલાયતી ચટણીઓ

રૂ. ૨૫૦ લાખની સોપારી

રૂ. ૧૮૧૮ લાખની સાકર તથા

રૂ. ૨૧૬ લાખની તમાકુ હિંદ મંગાવે છે.

ગરીબ માણસોને ઉપરની ચીજોની ભાગ્યે જ જરૂર પડતી હશે. આ બધાંનો મુખ્યત્વે ઉઠાવ કરનાર કેળવાએલો વર્ગ જ છે. હિંદુસ્તાન પોતાને ત્યાં પાકતું સરસ અનાજ હલકે ભાવે પરદેશ મોકલે છે અને વધુ ભાવ આપીને પરદેશનો ખોરાક ખરીદે છે. ઇંગ્લંડને એક રતલ ઘઉં એક આને વેચીને આપણે તે બિસ્કિટને રૂપે દોઢ રૂપિયે રતલને ભાવે ખરીદીએ છીએ. સાડા પાંચ આને વેચેલી તમાકુ સીગાર રૂપે ૪॥ રૂપિયે પાછી લઇએ છીએ. સાફ થયા વિનાની ચા ૮૬૮ લાખની મોકલી પાછી આવતાં તે ઉપર ૨૩,૩૪૭ લાખ રૂપિયા ભરીએ છીએ. કપડાં ઉપર કેટલો વ્યય થાય છે તે વાત તો હજુ બાજુ રહે છે.

યુવાન વિદ્યાર્થીએ ભણવાના સમયમાં અને પછીની જીંદગીમાં આ આર્થિક ઘસારો ઓછો કરવા માટે બને તેટલા ઈલાજો લેવા જોઇએ. દેશમાં દુધ જોઇએ એટલું તાજું મળે છે તો પછી ડબાઓની શી જરૂર? અને બીજી ઘણી યે ચીજો દેશના ઉદ્યોગો મારફત મેળવી શકાય તે જ વાપરવાનો નિશ્ચય કાં ન થઇ શકે? સમાજના કલ્યાણ માટે વિદ્યાર્થીઓની નીતિ અને દૃષ્ટિ એ જ હોઇ શકે કે તેમણે દેશને વધારે આપીને થોડાથી પોતાનો નિભાવ કરી લેવો.

ભણતર ઉપરાંત જ્ઞાન અને અનુભવ મેળવવાને નીકળેલા જર્મન વિદ્યાર્થી હૅન્સ કિવલિંગના આ અંકમાં આપેલા પરિચય તરફ આ દેશના વિદ્યાર્થીઓનું અમે ધ્યાન ખેંચીએ છીએ.

૩૧ પ્રતિભાવાન નરપુંગવો સામે જગતમાં એક જ નારી પ્રતિભા



ઝળકી શકી છેઃ અને તે મૅડમ ક્યુરી

માનસશાસ્ત્રનો એક અમેરિકન અભ્યાસી પ્રેસ્કૉટ લેકી વર્ષોના અખતરા પછી જાહેર કરે છે કે જગતમાં સ્ત્રી કરતાં પુરુષો પ્રતિભામાં ચડિયાતા છે. સર્જક ને શોધક ઘણે ભાગે પુરુષ જ રહ્યા છે; સ્ત્રીઓ તેને અનુસરણ કરનારી છે. દુનિયાના જ્ઞાન-વિજ્ઞાન કે સાહસ–શોધખોળના એકેએક ક્ષેત્રમાં પ્રતિભા તો સદા પુરુષ-પુંગવોની જ પ્રકાશી છે. સ્ત્રીઓનું પ્રમાણ તેમાં ઘણું ઓછું આવે છેઃ એકત્રીસ પુરુષે એક સ્ત્રી. એવા ૩૧ પ્રતિભાવાન નરોની ચુંટણી આ સામેના ચિત્રમાં બતાવી છે. (લેખક અમેરિકન હોવાથી એમાં ઘણાખરા અમેરિકન છે પણ આપણે તેમાં અનુકૂળ ફેરફાર કરી શકીએ) એ ૩૧ પુરુષ-પ્રતિભાની સામે એક જ સ્ત્રી-પ્રતિભા હજી ઝળકી શકી છેઃ તે મૅડમ ક્યુરી. એ ૩૧નો પરિચયઃ (૧) માઈકલ ફેરાડેઃ અંગ્રેજ ભૌતિકશાસ્ત્રી ને રસાયનશાસ્ત્રી (૨) વિખ્યાત અમેરિકન કલાકાર વ્હિસલર (૩) વાયરલેસ ટેલિગ્રાફી શોધનાર ઈટાલિયન મારકોની (૪) અમેરિકન કવિ એડગર ઍલન પો (૫) વાઢકાપશાસ્ત્રમાં અગ્રણી ગણાતો ફ્રેન્ચ–અમેરિકન સર્જન ઍલેક્સિસ કૅરેલ (૬) મહાન અમેરિકન નાણાંશાસ્ત્રી ને રાજપુરુષ ઍલેક્ઝાન્ડર હૅમિલ્ટન (૭) જર્મનસામ્રાજ્યનો સ્થાપક ને સરમુખત્યાર પ્રિન્સ બિસ્માર્ક (૮) રૉબર્ટ લીઃ અમેરિકન સિવિલ વૉર વેળાનો યુદ્ધશાસ્ત્રકુશળ સેનાધીપ (૯) રૂના જીનનો અમેરિકન શોધક એલી વ્હિટની (૧૦) જર્મન સંગીતશાસ્ત્રી અને કવિ વૅગ્નર (૧૧) મોટરકારનો શોધક અને બનાવનાર હેન્રી ફૉર્ડ (૧૨) પ્રતિભાશાળી જર્મન સંગીતવેત્તા બીથોવન (૧૩) અમેરિકન પ્રજાસત્તાકનો પિતા ટૉમસ જેફરસન (૧૪) ફ્રેંચ સામ્રાજ્યનો સ્થાપક ને અસાધારણ પ્રતિભાશાળી યુદ્ધશાસ્ત્રી નેપોલિયન બોનાપાર્ટ (૧૫) અમેરિકન પ્રજાનો ઘડનાર જ્યૉર્જ વૉશિંગ્ટન (૧૬) ગયા મહાયુદ્ધ સમયનો અમેરિકન પ્રજાસત્તાકનો પ્રમુખ વૂડ્રો વિલ્સન (૧૭) અંગ્રેજ ફીલસુફ ને વિજ્ઞાની હર્બર્ટ સ્પેન્સર (૧૮) અમેરિકન પ્રજાનો તારણહાર લિંકન (૧૯) ટેલિગ્રાફીનો શોધક અમેરિકન સૅમ્યુઅલ મોર્સ. (૨૦) અમેરિકન રાજપુરુષ ને વક્તા ડૅનિયલ વેબ્સ્ટર (૨૧) વિકાસવાદનો શોધક અંગ્રેજ નિસર્ગશાસ્ત્રી ચાર્લ્સ ડાર્વિન (૨૨) અમેરિકન રાજનીતિજ્ઞ અને વિજ્ઞાની બેન્જામિન ફ્રાંકલિન (૨૩) વિખ્યાત અમેરિકન નર્મ લેખક માર્ક ટ્વેઇન (૨૪) અજોડ પ્રતિભાવાન અમેરિકન વિદ્યુતશાસ્ત્રી ટૉમસ એડિસન. (૨૫) ફ્રેન્ચ શિલ્પી ને કલાકાર ઑગસ્ત રૉદિન (૨૬) શીતળાની રસીનો શોધક ફ્રેંચ જંતુશાસ્ત્રી લુઇ પાસ્ચુર (૨૭) પ્રસિદ્ધ અમેરિકન પત્રકાર હૅરિસ ગ્રીલી (૨૮) પ્રકાશની ઝડપનું માપ શોધનાર અમેરિકન ભૌતિકશાસ્ત્રી માઇકલસન (૨૯) ઍરોપ્લેનનો સહશોધક વિલ્બર રાઇટ (૩૦) અમેરિકન સ્વાતંત્ર્યયુદ્ધ સમયનો સેનાધિપતિ ગ્રાન્ટ. (૩૧) ટેલિફોનનો શોધક અમેરિકન વિજ્ઞાની ઍલેક્ઝાન્ડર બેલ.

પૃથ્વીપર અજ્ઞાત પડેલા, સૂર્ય ને તારાઓના અદ્ભુત તત્ત્વ રેડિયમની શોધક

પોલાંડની પ્રતિભાવાન પુત્રી



મૅડમ ક્યુરી

વિજ્ઞાને શોધેલી આધુનિક જગતની અદ્ભુત ચીજોમાં રેડિયમ સર્વોપરી સ્થાન ભોગવે છે. વિજળી અને ગરમી ઉત્પન્ન કરવાની અખૂટ અને અવિરત શક્તિ ધરાવનારૂં એ તત્ત્વ આજ કરોડો વર્ષોથી પૃથ્વીના પેટાળમાં ખનીજો સાથે અદૃષ્ટ ને અજ્ઞાત પડેલું હતું; ત્યાંથી તેને આટલાં વર્ષ પછી શોધી કાઢી માનવ જગત આગળ મુકવાની પ્રતિભા દાખવનાર એક સ્ત્રી વિભૂતિ—પોલાંડ દેશની તેજસ્વી પુત્રી મૅડમ ક્યુરી છે. વિશ્વદેવના અગ્નિ જેવા એ રેડિયમના જેટલી જ અદ્ભુત તે જીવનદાયી, તેની શોધક મૅડમ ક્યુરીની પણ કથા છે.

પાંચ ભાંડુમાં સૌથી નાની એ મેરીનો જન્મ પોલાંડની રાજધાની વૉર્સોમાં ૧૮૬૭માં થયો. એનો પિતા મિ. સ્કલોડોવ્સ્કી વૉર્સોના એક વિદ્યાલયનો વિદ્વાન અધ્યાપક હતો: એની માતા કન્યાશાળાની અધિષ્ઠાત્રી હતી. આ શિક્ષક દંપતી પોતાનો સઘળો વખત બાળઉછેર અને બાળકેળવણી પાછળ જ રોકતું અને એમનું ગૃહજીવન શાન્ત, રસભર્યું ને સુખી હતું.

૭ વરસની વયે મેરી નીશાળે બેઠી. સ્વભાવે તો હતી સસલા જેવી શરમાળ અને બીકણ. સરખી બહેનપણીઓના સંગાથમાં પણ મેરીનું મોં સૌની પાછળ અરધુંપરધું જ દેખાય. 'આગળ ન પડવું' એ એના મનની મોટામાં મોટી હોંશ. પણ મેરીના શિક્ષકો એમ એને પાછળ રહેવા દે તેવા ન હતા. જ્યારે જ્યારે કોઇ સર્જન શાળાની મુલાકાત લેવા આવતા ત્યારે ત્યારે કવિતાના મુખપાઠ માટે કે ઉત્તમ વાંચન માટે આ શરમાળ કન્યાને જ ઉભી કરવામાં આવતી. બાપડી મેરીને તો તે ઘડીએ આકાશ પાતાળ એક થઇ જવા જેવું થતું, અને ઘણીવાર તો એવી આફતની પળે એ નાસી છુટવાનું યે કરતી. મનગમતી મજા તો એને માને પડખે બેસી વાર્તાઓ સાંભળવામાં પડતી. વાર્તાઓનો એને અજબ શોખ હતો. અને એ વાર્તાઓ પણ કેવી? પરીઓ ને રાક્ષસોની કલ્પના-કથાઓ નહિ, પણ કુદરતની અજાયબીઓની, સંસારની ખુબીઓની, પ્રકાશ, તારા અને વાદળાંઓની, ખડકો અને મેઘધનુષ્યોની—એવી જગતનાં વિસ્મયોની સાચી કથાઓ.

પણ મેરીનું આ સુખ ઝાઝું ન ટક્યું. નવ વરસની માંડ થઇ હશે ત્યાં એની માતા પરલોકવાસી થઇ. બધાં જ બાળકોને માની ખોટ તો પડી; પણ

મેરીના દુ:ખનો પાર ન હતો. એટલામાં આ એક ઘા ઉપર વળી બીજી આફત આવી. બાળક મેરીને પોતાની પ્રિય શાળા અને મમતાળુ શિક્ષકોને છોડી રશિયન શાળામાં ભણવા જવાનું થયું. પોલાંડ એ કાળે રશિયાના પંજા નીચે પરતંત્ર હતું અને આ રશિયન સ્કુલો પોલાંડ દેશના સ્વતંત્ર પ્રાણને હણનારી સંસ્થાઓ હતી. શિક્ષકો વિદ્યાર્થીવર્ગને શત્રુ જેવા ગણતા. તેઓ એમના તરફ સદા શંકાની નજરે જોતા અને તેમના ખાનગી જીવનની પણ જાસુસી રાખતા. આવા કરડાકીભર્યાં દબાણ વચ્ચે વિદ્યાર્થીઓનો બધો આનંદ ઉડી જતો. પોલાંડનું ઉછરતું કૌમાર તો સ્વદેશપ્રેમે ચમકી રહ્યું હતું અને નાનકડી મેરીનું હૃદય પણ રાષ્ટ્રીય લાગણીના જોરે જોસભેર ધબકતું, એટલે રશિયન શાળાનું ભણતર એને કારમા કંટક સમ થઇ પડ્યું.

આ કપરા શાળાજીવનમાં માત્ર હમેશાં સાંજનો સમય એની જીંદગીમાં આશીર્વાદ રૂપ થઈ પડતો. સાંજ પડ્યે મેરી પોતાનાં ભાઇબ્હેન જોડે ખેલતી અને ક્યારેક બાપની જોડે વાતચીતે ચઢતી. મિ. સ્ક્લોડોવ્સ્કીને પણ વિદ્યાનો મુળથી જ શોખ હતો. એ પોતે કવિતા લખતો અને પરભાષાનાં સુંદર કાવ્યોને પોલિશમાં ઉતારતો પણ ખરો. પોતાના ગૃહજીવનના પ્રસંગો પર રચેલાં એનાં કાવ્યો ઘરમા બાળકોને અતિ પ્રિય થઈ પડ્યાં હતાં. આમ મેરી બાળપણમાંથી જ કવિતાના સંસ્કાર ઝીલતી થઈ અને ફ્રેન્ચ, જર્મન ને અંગ્રેજી ભાષાના સાહિત્યનો પણ એને સારીપેઠે પરિચય થઇ ગયો. તોપણ એને પરમ પ્રિય એવા બે વિષયો તો હતા ગણિત ને ભૌતિકશાસ્ત્ર; એના જીવનનું મોંઘેરૂં સ્વપ્ન હતું, પોતાની વિદ્યાના પોતે પ્રયોગો કરે તેવી એક અચ્છી પ્રયોગશાળાની સ્વામિની બનવાનું. પણ એ સ્વપ્ન સિદ્ધ થતાં તો બહુ વાર લાગી.

દરમ્યાન એનો શાળાનો અભ્યાસ હવે પુરો થવા આવ્યો હતો. પંદરમે વરસે મેરીએ શાળા છોડી એ જ અરસામાં એના પિતાનું આરોગ્ય લથડ્યું. આરામની એને જરૂર હતી. પણ કુટુંબની આવક થોડી, એટલે ગુજરાન ચલાવવા પુરતું મેરીએ કામ શોધ્યું. પ્રાંતના એક ગામડામાં કોઇ શ્રીમંતનાં છોકરાંની સંભાળ લેનાર તરીકે તે રહી. ઘર છોડતી વેળા એનું હૃદય ભરાઇ આવ્યું ને ગાડીમાં બેસતાં મેરી ગળગળી થઇ ગઇ.

જે બાળકોની એને સંભાળ લેવાની હતી તેમાંનું સૌથી મોટું મેરીની ઉમરનું જ હતું, એટલે આ બધાંના શિક્ષક થવાને બદલે તે એમની મિત્ર બની ગઈ. થોડા જ વખતમાં સૌ બાળકોનાં દિલ એણે જીતી લીધાં. અહીં મેરીએ વળી ગામડાંનાં બીજાં બાળકો માટે ખાનગી નિશાળ પણ કાઢી. રશિયન સરકારને જાણ ન પડે તેવી રીતે એ કામ એને ચુપકીથી ને ભારે ભયમાં કરવાનું હતું. જો સરકારને આ બાબતની ખબર પડી હોત તો મેરીને જેલવાસ કે દેશવટો મળત.

આ બધા કામ ઉપરાંત રાતનો વખત એ પોતાનો અભ્યાસ આગળ ધપાવવામાં ગાળતી. જ્યારે ઘર આખું આરામની ઉંઘ લેતું ત્યારે જિજ્ઞાસુ મેરી આતુર નજરે વિજ્ઞાનની ચોપડીઓનાં પાનાં ઉકેલતી. એ વખતે એને હાથ પડેલાં એ પુસ્તકો જેવાંતેવાં જ હતાં અને એનું જ્ઞાન બહુ જ અપૂર્ણ હતું; પણ આ પ્રવૃત્તિમાં એને સ્વતંત્રપણે કામ કરવાની જે ટેવ પડી એ એના ભાવિ જીવનમાં ખપ આવનારો મોટો લાભ થયો.

ચાર વરસ પછી મેરી ગામડામાંથી વોર્સો પાછી આવી. અહીં પિતાની સિફારશથી દર રવિવારે એક પ્રયોગશાળામાં કામ કરવા જવાની સગવડ તે મેળવી શકી. બાકીના દિવસોમાં તેને રોજી કમાવા સખત કામ કરવું પડતું, છતાં પોતાના જીવનનું પ્રયોગશાળાનું સ્વપ્ન આટલું યે ફળતું જોઇ તે બહુ ઉત્સાહિત થઈ.

આ અરસામાં પોલાંડના કેટલાક વિદ્યાર્થીઓએ પ્રજાની બુદ્ધિશક્તિ અને ચારિત્ર્યબળ ખીલવી તેને તેજસ્વી બનાવવા માટે એક ગુપ્ત મંડળ કાઢ્યું. મેરી આ મંડળમાં જોડાઇ અને ખુબ ઉત્સાહથી આગળપડતો ભાગ લેવા માંડી. રોજ રાત્રે ભરાતા તેના ગુપ્ત વર્ગોમાં તે નિયમિત જતી. પોતે આગળ શીખતી અને બીજાઓને શીખવતી. સ્વદેશને માટે જ્ઞાનસમૃદ્ધ થઇને પળ આવ્યે તેને અર્પણ થવાના એના અભિલાષ હતા. આજ પણ એ કહે છે કે મારા જીવનના એ સૌથી મોંઘેરા પ્રેરણાકાળે મારા અંતરમાં જે જ્વલંત વિચારો પ્રગટ થયા એ જ માનવજાતના કલ્યાણમાં ઉપયોગી નીવડ્યા છે. એક એક વ્યક્તિને કેળવી કમાવીને તેનો વિકાસ કરો એટલે નવું જગત એની મેળે જન્મશે.

અંતે મેરીની લાંબા સમયની આકાંક્ષા પાર પડી.

એણે કામ કરીકરીને થોડાક પૈસા બચાવ્યા હતા તે વડે તે આગળ અભ્યાસ માટે પારીસ ગઈ. એક મકાનને છટ્ઠે માળે છેક ઉપરનું નાનકડું કાતરિયું ભાડે રાખી તે રહી. શહેરમાં ખાનગી શિક્ષણો આપી તે ગુજરાન ચલાવતી અને અવકાશના થોડા સમયમાં રાતના ઉજાગરા ઉમેરી વિદ્યાપીઠની પ્રવેશક પરીક્ષા માટે તૈયારી કરવા લાગી. એ નાના અંધારા કાતરિયામાં સુખસગવડની તો કલ્પના પણ ક્યાંથી હોય? ઠંડી ઓછી લાગે તથા જરા ઊંઘ આવે તેટલા માટે પોતાનાં હતાં તેટલાં બધાં કપડાં લઈ મેરી પથારી ઉપર પાથરતી. કાતરિયામાં ગરમી રાખવા માટે લોઢાનો ચૂલો તો હતો, પણ કોલસા છ સીડીઓ ચડાવીને લાવવા પડે; અને ક્યારેક તો કોલસા વેચાતા લેવાને પૈસા જ ન હોય! પોતાની રસોઈ પણ એક સ્પિરિટ-લૅમ્પ ઉપર તે આછીપાતળી કરી લઈ ચલાવી લેતી. દુઃખના આ દોહ્યલા દિવસોમાં પણ મેરીનો ઉત્સાહી આત્મા સુખી રહેતો. સદાકાળ અભ્યાસમાં તે લીન રહેતી. જાણે નવી જ દુનિયામાં વસતી હોય! બે વરસ વીત્યે મેરી પોતાના પ્રિય વિષયોમાં સ્નાતક થઈ.

પારીસની વિખ્યાત યુનિવર્સિટી–સૉરબોનની પ્રયોગશાળામાં હવે એને પ્રવેશ મળ્યો. ત્યાં ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર પીએરે ક્યુરી પાસે પ્રયોગશાળામાં તે કામ કરવા રહી. એ દરમ્યાન પ્રોફેસર ક્યુરી સાથે એને પ્રેમ બંધાયો. વિજ્ઞાનપ્રેમ એ એમના સંબંધનું મુળ હતું. પરિચય વધતાં તેઓ પરણ્યાં અને પારીસમાં ગૃહસંસાર શરૂ થયો. પ્રોફેસર સાહેબનો પગાર ઓછો હતો એટલે બંને જણને સખત કામ કરવું પડતું. ઘરકામ અને રસોઈ મેરી (હવે તો મૅડમ ક્યુરી)ને માથે હતાં જ; તે ઉપરાંત એ પોતાના પતિને પ્રયોગશાળાના કાર્યમાં પણ મદદ કરતી અને પોતે પણ પ્રોફેસરની પદવી મેળવવા આગળ અભ્યાસ ચલાવતી. લગ્ન પછીને જ વરસે તેને એ પદવી ઘણા માન સાથે મળી. આટલા કામમાં પણ એ દંપતી રવિવારો ને તહેવારોમાં સાઇકલ પર શહેર બહારની કુદરતમાં લટાર લેવા નીકળી પડતાં, ફ્રાન્સના કોઈ શહેરમાં ફરી આવતાં કે વૅકેશનમાં પોલાંડ જતાં. હવે તો પ્રો. ક્યુરીએ પણ સમજવા પુરતી પોલિશ ભાષા શીખી લીધી હતી.

ઈ. સ. ૧૮૯૭માં એમને ઘેર પ્રથમ બાળકનો જન્મ થયો. આયા રાખી શકે એવી એમની સ્થિતિ નહોતી, એટલે બાળકની બધી સંભાળ માતાને માથે રહી. સદ્ભાગ્યે મૅડમ ક્યુરીના સસરા એમની જોડે રહેવા આવ્યા, એટલે જ્યારે મેરી પ્રયોગશાળામાં કામે ચડતી ત્યારે નાના બાળકને દાદાજી રાખતા.

આ અરસામાં પ્રો. હેન્રી બેકેરલ નામનો વિખ્યાત ફ્રેન્ચ વિજ્ઞાની યુરેનિયમ ધાતુના ક્ષાર વડે નવા પ્રયોગો કરી રહ્યો હતો. પ્રકાશ ભેદી ન શકે એવા કાળા કાગળથી મજબુત વીંટેલી ફોટોગ્રાફિક પ્લેટ ઉપર એ યુરેનિયમ ક્ષાર મુકવાથી જાણે પ્રકાશ પડ્યો હોય તેમ તેની અસર એ કાગળ સોંસરી ફોટોપ્લેટ પર થતી. યુરેનિયમનાં આ અદ્ભુત તેજકિરણોની બાબતમાં ક્યુરી દંપતીને રસ પડ્યો અને તેમણે એ વિષયના ખાસ અભ્યાસ તથા પ્રયોગો કરવા માંડ્યા. તરત મૅડમ ક્યુરીએ શોધી કાઢ્યું કે થોરિયમ નામની ધાતુ વડે પણ આ જ પ્રયોગ થઈ શકે છે. આ યુરેનિયમ અને થોરિયમનાં તેજકિરણોનો એ આગળ અભ્યાસ કરવા જતી હતી, એવામાં એણે એક વળી નવી શોધ કરી. અસંખ્ય બીજાં ખનીજોનો અભ્યાસ કરતાં તેમાંની કેટલીકમાં એને એક અદ્ભુત તત્ત્વ મળી આવ્યું. આ ખનીજોમાં જોકે યુરેનિયમ કે થોરિયમ

બેમાંથી એકકેયનો અંશ ન હતો, છતાં યૂરેનિયમના કરતાં વધુ તેજસ્વી ને ચૈતન્યવાળો પદાર્થ એણે શોધી કાઢ્યો અને એનું નામ, પોતાના દેશ પોલાંડના નામના સ્મરણ તરીકે પોલોનિયમ રાખ્યું. પણ હજી શોધખોળ તો ચાલુ જ હતી; અને એ પોલોનિયમ પર આગળ પ્રયોગો કરતાં એ દંપતીને એક વિશેષ નવું તત્ત્વ મળી આવ્યું. એનું નામ તેમણે રેડિયમ રાખ્યું.


પરંતુ એમ એટલી શોધ કરીને—રેડિયમ નામનું એક તત્ત્વ છે એટલું શોધીને—જ બેસી રહે એ કામ પતે એમ ન હતું. કાચી ધાતુઓમાં કેવળ અદૃશ્ય બનીને સંતાઈ રહેલા એ તત્ત્વને તેના શુદ્ધ સ્વરૂપે છુટું પાડી જગત સમક્ષ તેને રજુ કરવાનું હતું; અને એ કાંઇ નાનીસુની વાત ન હતી. એમાં નાણાં જોઇએ, પુરતાં સાધન સામગ્રી જોઇએ અને જથ્થાબંધ કાચી ધાતુને ખાસ રાસાયનિક પ્રયોગો મારફત ગાળવાને સ્વતંત્ર પ્રયોગશાળા જોઇએ. પણ આફતોથી ઘડાએલી મેરી મુસીબતોથી હારી ખાવાનું શીખી જ નહોતી. મુશ્કેલીઓને આળપંપાળ ગણી ખંખેરી નાખીને, એક અદ્ભુત તત્ત્વ શોધવાની ધીખતી ધગશે એ દંપતીએ કામ કરવા માંડ્યું. કૉલેજના કૉમ્પાઉન્ડમાં તેમણે એક જુની છાપરી ભાડે રાખી. એનું કાચનું છાપરૂં ચોમાસામાં ચુએ, ઉનાળામાં બેહદ તાપથી ધીકે અને શિયાળામાં ઠુંઠવતી ઠંડી આપે. પણ આ ક્ષુદ્ર છાપરીમાં જ એમના જીવનનું એ મહાકાર્ય પાર પડ્યું.

અખતરાઓ પાછળ એ દંપતી એટલાં રત રહેતાં કે એ કોટડીમા તેઓ દિવસોના દિવસો ગાળી નાખતાં, ને મેરીના પેલા જુના સ્પિરિટલૅમ્પ ઉપર જ રસોઇ બનાવી લઇ પાછાં કામે મચતાં. પીએરે કયુરી રેડિયમનાં કિરણોના ભૌતિક ગુણોનો અભ્યાસ કરતો ને મૅડમ કયુરી એ તત્ત્વને શુદ્ધ કરવાના પ્રયોગો પાછળ તન્મય રહેતી.

સાહસ ઘણું ભારે હતું. શરીરમાં અખૂટ શક્તિ જોઇએ; મગજમાં તીક્ષ્ણ ચોકસાઇ જોઇએ ને અંતરમાં અચલ શ્રદ્ધા જોઇએ. ભગીરથ પ્રયત્ન, અવિરત ખંત, અથાક મહેનત, અને છતાં અખંડ સહનશીલતા ને બારીક ઝીણવટથી એમણે કામ ધપાવ્યે રાખ્યું. ઘણીવાર તો દિવસ આખો મૅડમ કયુરી ધાતુરસના ઉકળતા ચરૂઓ નજીક ખડે પગે રહેતી અને પોતાના કદના લોઢાના એક લાંબા ચાટવા વડે મિશ્રણો તૈયાર કરતી. ચાર વર્ષના અવિરત ખંત ને સતત શ્રમ પછી તેમણે જગતના એ નવા તત્ત્વ રેડિયમને શુદ્ધ ને સ્વતંત્ર રૂપે સંસાર આગળ રજુ કર્યું. એમને જો સાધનસંપન્ન ને વ્યવસ્થિત પ્રયોગશાળા મળી હોત તો આ કાર્ય ચારને બદલે એક વરસમાં પાર પડ્યું હોત. એ દંપતીનો મધુરો આનંદ તો રાત્રે પેલી છાપરીમાં જવાનો અને છાજલી પર ચમકતી શીશીઓમાં અખંડ પ્રકાશિત રેડિયમની કણીઓ જોવાનો હતો. એ તેજ પાછળ ભીંત ઉપર શીશીઓના આછા ઓળા પડતા એ દેખાવ અતીવ સુંદર થતો. ઝગમગતી શીશીઓ જાણે પરીઓના દેશની દીવીઓ જેવી જાદુઇ દેખાતી; અને એ કઢંગી છાપરી બદલાઇને એમને મન નંદનવનનું દેવમન્દિર બની જતી. જગતના જ્ઞાનના પ્રદેશ પર આ નવા પ્રકાશનું એ પ્રથમ દર્શન હતું; અને એ દર્શનનું દિવ્ય સુખ કયુરી દંપતી દરરોજ ભોગવતું.

દુનિયાને આ નવી શોધની ખબર પડી. કયુરી દંપતીની વાહવાહ બોલાઇ. પ્રો. બેકેરલની સાથેસાથ કયુરી દંપતીને પણ નોબેલ પારિતોષિક મળ્યું. તેઓ પૈસેટકે સુખી થયાં. પરંતુ જે શાન્ત મીઠું સુખ તેઓ આગળ ભોગવતાં તેમાં આ કીર્તિની પ્રાપ્તિ અને જાહેરાતે ભંગાણ પાડ્યું. વળી લાંબા વખતની તંગી અને ગરીબીને કારણે તથા અનવરત પરિશ્રમથી એમનાં શરીર એવાં તો તવાઇ ગયાં હતાં કે ચાર વરસ સુધી તેઓ કંઇ જ કામ કરી ન શક્યાં. બીજી બાજુ નામના વધતી જતી હતી તે સાથે મુલાકાતીઓ સંખ્યાબંધ આવતા જતા. જાહેર ભાષણોની પણ માગણીઓ પર માગણીઓ થવા માંડી અને તેમનો નીરાંતનો સમય તેમાં જવા લાગ્યો. પીએરે કયુરીને સૉરબોનમાં ભૌતિકશાસ્ત્રી તરીકે મોટું પદ મળ્યું અને મૅડમ કયુરી ત્યાંની પ્રયોગશાળામાં વડી પદવીધર નીમાઇ. આ સમયમાં એમને બીજી પુત્રી અવતરી. પેલી કોટડીને બદલે હવે સર્વસાધનસંપન્ન એક નવી પ્રયોગશાળા તેમણે વસાવી. પણ પીએરે કયુરીના નસીબમાં એ ન હતી. ઇ. સ. ૧૯૦૬માં પારીસની એક શેરીમાંથી પસાર થતાં અકસ્માત તેના ઉપર ભારગાડી ફરી ગઇ અને તે મરણ પામ્યો.

મૅડમ કયુરીને આ આઘાત જેવોતેવો ન હતો;



ગુર્જર કન્યા



સ્પાર્ટન ગૌરવ

ચિત્રકાર : એડમંડ ડ્યુલાક

જગતના વીરત્વની ગૌરવભરી ગાથાઓમાં સ્પાર્ટાના લોકોની વીરકથાઓ, આપણી રજપુત કથાઓની પેઠે, સદા અગ્રસ્થાને છે. આજ લગભગ બે હજાર વર્ષ થયાં પશ્ચિમની દુનિયા એ સ્પાર્ટનોની શૌર્યકથાઓમાંથી પ્રેરણાનાં અમી પીતી આવી છે. રણે ચડતા પતિ પ્રત્યેનું સ્પાર્ટન રમણીનું સંબોધન તો જગવિખ્યાત છે કે ' કાં તો ઢાલ સહિત (વિજય કરીને) આવજો; નહિતો ઢાલે ચડીને (મૃત્યુ પામીને). હારીને જીવતા આવેલા પ્રત્યે પ્રેમ તો શું, પણ દયાની યે આશા નહિ. કોઇ એનું મોં પણ જુએ નહિ. ¶ ઇ. સ. પૂર્વે ૩૭૧માં સ્પાર્ટનો લ્યુકટ્રાના યુદ્ધમાં હાર્યા અને ત્રણ સો સ્પાર્ટનો જીવ બચાવી નાસી છુટ્યા એ ખબર સ્પાર્ટામાં પહોંચતાં લોકોની અનુકંપા અને તિરસ્કારનો પાર ન રહ્યો. પણ આયોન નામની એક માતાથી પોતાના પુત્ર યુક્રેટિસના મરણનું દુઃખ ન સહેવાયું. પડોશીઓને એથી નવાઇ લાગી. ફ્રીડન નામનો એક વૃદ્ધ પડોશી એને મળવા ગયો. આયોનની ઉદાસી આંખમાં આંસુ જોઇ એ સ્પાર્ટન બચ્ચો બોલ્યો, ' આયોન, તું શાને રડે છે? રડવાનું તો મારે હતભાગીને છે; મારો પૌત્ર કૅલિયસ મરેલા વીરોની નામાવલિમાં નથી. એ જીવે છે. જીવીને એણે મારૂં કુળ લજવ્યું. મારી વૃદ્ધાવસ્થાએ આજ ઇશ્વર રુઠ્યો. તારા પર તો એની દયા વરસી છે.' એ પ્રસંગનું આ ચિત્ર છે. ¶ પછી તો આયોન વૃદ્ધ ફ્રીડનને સાન્ત્વન આપે છે; કૅલિયસ પ્રત્યેનો તેનો રોષ ને તિરસ્કાર ઓછો કરવા એ હમેશ તેને જુદીજુદી રીતે વીનવે છે, અને કદાચ સ્પાર્ટાની વધુ સેવા કરવા ઇશ્વરે તેને જીવતો રાખ્યો હશે એમ કહી તેની લાગણીઓને આશ્વાસે છે. વૃદ્ધનું મન કંઇક મનાય છે, તેનું દુઃખ હળવું પડે છે. સંજોગવશાત્ રાજ્ય તરફથી પેલા હારેલા ત્રણસો વીરોને ક્ષમા આપી પાછા સ્પાર્ટા બોલાવવામાં આવે છે. પણ એમાં કૅલિયસ નથી! ફ્રીડન આયોન પાસે આવી આ વાત કહે છે, ત્યાં તો યુદ્ધમાંથી આવેલો પડોશીનો એક પુત્ર આવી ખબર કરે છે કે કૅલિયસ જે જીવનભર યુક્રેટિસનો મિત્ર હતો તે મૃત્યુમાં પણ એનો સાથી થયો છે: સ્પાર્ટાને ખાતર મલ્લ-યુદ્ધમાં ઝઝુમતાં તે ખપી ગયો છે. ¶ અને ફ્રીડન ટટ્ટાર ઉભો થયો. તેના ચહેરા પર વિજયનો મુસ્કરાટ લસી રહ્યો. તેનામાં જાણે નવો પ્રાણ સંચર્યો. તેના અંતરમાં ઉંડે ઉંડે પુત્રને એકવાર જોવાની ઈચ્છા હતી ખરી; પણ કૅલિયસના મુખ કરતાં યે એને વધુ પ્રિય કાંઇક બીજું હતું— કૅલિયસનું ગૌરવ!

પણ તો યે કામ તેણે કદિ ન છોડયું. પ્રયોગશાળા અને બાળકોમાં તે પોતાનો બધો વખત ગાળતી. છેલ્લા જગયુદ્ધમાં એણે લશ્કરી દવાખાનાંમાં ઘાયલો-ની સારવારમાં રેડિયમનો ઉપયોગ પહેલી વાર દાખલ કરાવ્યો. જુદેજુદે સ્થળે આ કામની અનેક શાખાઓ ખોલી અને તેને પણ ન પહોંચી વળાયું ત્યારે રેડ ક્રૉસ સોસાએટીની મદદથી પારીસની આસપાસનાં સઘળાં દવાખાનાંમાં ગમે તે પળે રેડિયમની મદદ પહોંચાડી શકાય તે માટે એક મોટરબસ દોડાવવાની યોજના કરી. યુદ્ધભૂમિની બધી ઇસ્પિતાલો માટેનું રેડિયમ એ જાતે જ તૈયાર કરતી.

ક્યુરી દંપતી એ આદર્શવાદી દંપતીનું એક જ્વલંત દૃષ્ટાંત છે. એમણે પોતાની શોધમાંથી રાતી પાઇ સરખા પણ કમાઇ લેવાનો સ્વપ્ને યે ખ્યાલ કર્યો નથી. ઊલટું રેડિયમ ઉત્પન્ન કરવાની રીતનું લખાણ છપાવી દુનિયાભરમાં મફત ફેલાવ્યું છે. નથી એનું એમણે પેટન્ટ લીધું, નથી એનો તેમણે કોઇ ખાસ હક્ક રાખ્યો કે નથી રેડિયમ કાઢનારી કોઇ કંપનીમાં ભાગી-દારી નોંધાવી. પોતાની પ્રયોગશાળામાં ઉત્પન્ન કરેલું બધું રેડિયમ તેમણે આગળ વધુ શોધખોળ કરવા માટે તથા નવું રેડિયમ ઉપજાવવા સારૂ એ પ્રયોગ-શાળાને જ સમર્પણ કર્યું છે.

દવાખાનાંના ઉપયોગમાં રેડિયમ જોઇએ છે તો ઘણું અણુભાર; પણ એ અણુભારની કિંમત તો અતિ-શય પડે છે. આવી અમૂલ્ય વસ્તુની શોધનું જગતને સમર્પણ કરી દેવું એ જેવોતેવો ત્યાગ છે? જીંદગી આખીના પરિશ્રમનું એ ફળ કેવળ વિનામુલ્યે દેશને—સારી માનવજાતને ચરણે ધરવામાં ક્યુરી દંપતીએ અઢળક રિદ્ધિ, અણમોલ ઔષધિ અને જગતના એક અદ્દભુત ચેતનતત્ત્વની શોધ જગતને સમર્પણ કરી દીધી છે; આખા સંસારની રિદ્ધિ, સિદ્ધિ ને કલ્યાણમાં પોતાનો સર્વ હિસ્સો આપી પોતાની જાત ને જીવન ધન્ય કરી દીધાં છે; દુનિયા આગળ માનવજીવનનો એક મોંઘો આદર્શ રજુ કરી દીધો છે.

મૅડમ ક્યુરી કહે છે કે 'પોતાના સ્વાર્થને માટે ઉત્તમ કામ કરનારા વ્યવહારકુશળ મનુષ્યોની માનવ-જાતને અવશ્ય જરૂરત છે જ; પણ નિઃસ્વાર્થપણે, પોતાની જાત કે સ્વાર્થની લવલેશ પરવા કર્યા વિના, કેવળ એક ધુનની પાછળ જીવન વ્યતીત કરનારા સ્વ-પ્નશીલ આત્માઓની પણ એને એટલી જ જરૂરત છે.

વિજ્ઞાનની જ્યોતિર્દેવી સમી આ મૅડમ ક્યુરીએ પોતાના એ આદર્શ મુજબ જ જીવન ગાળ્યું છે ને હજી ગાળે છે. પોતાના દેશને આજે સ્વતંત્રતા ભોગ-વતો પણ એ જુએ છે અને યુવાવસ્થાનું એ સ્વપ્ન પણ પાર પડેલું જોઇ જીવન સુખમય અને સાર્થક કરે છે. અસાધારણ શ્રમ અને ભોગ ખમી જગતના કલ્યાણમાં જીવનનું તત્ત્વ અર્પણ કરી દેનાર એ વિરલ આત્માની પ્રેરણા આપણાં ઉગતાં જીવનને ધન્ય બનાવો.

(અંગ્રેજી ઉપરથી) **દેશળજી પરમાર**

બલિદાન

કોટિ રંકનાં રક્ત આંસુડે
પીગળે પર્વતમાળ;
ભૂતળ ભેદી ભડભડ સળગે
કાળ–અગ્નિની જ્વાળ:
તવ . . . ભૂમિ માગે બલિદાન.

માનવતા મન્દિર અભડાવી
ભટકે અત્યાચાર;
જુગ જામેલાં પાપ–પડોથી
પુનિત ઉઠે પુકાર:
તવ . . . ધર્મ માગે બલિદાન.

સાગર નિજ માઝા મુકે ને
જોર કરે જુવાળ;
પ્રલય તણી નોબતના ડંકે
ફૂંકે પવન કરાળ:
તવ . . . દેવ માગે બલિદાન.

પાક શહીદના શોણિત–દીપે
પ્રેરક દૈ પયગામ;
રાહ જોય ના ઉભો બાંધવ
ઝુકાવો અભિરામ:
આજે યુગ માગે બલિદાન.

ચુ. ડા. પાઠડિયા

ઉદાસિની

જાપાની વાર્તા

જાપાનના કોઇએક ગામડામાં મોટું ઉદાસી ઝાડ ઉગ્યું હતું. પેઢીઓ થયાં લોકો એને જીવની જેમ ચાહતા હતા.

ઉનાળામાં સૌને એનો શીતળ છાંયડો મળતો. રાતે કામથી પરવારીને ગામડિયા ચાંદનીમાં વાતો કરવા એ ઝાડ નીચે ભેગા મળતા. શિયાળામાં એની અરધી ઘટા ઉપર હિમ પથરાઈ ગયું હોય એટલે એનો દેખાવ અધઉઘડેલી છત્રી જેવો થતો.

જુવાન ખેડુ હેતારો આ ઝાડની નજદીક જ રહેતો હતો. ઉદાસી ઝાડની અને એની સ્નેહગાંઠ બંધાઇ ગઇ હતી એમ કહીએ તો ચાલે. વૃક્ષના દરેક હાવભાવ એ સમજતો.

પથારીમાંથી ઉઠે કે પહેલવહેલી તે એ ઝાડ સામે મીટ માંડે. સાંજે ખેતરેથી પાછો વળે ત્યારે પણ એ ઝાડને ધરાઇને જોયા વગર એને ચેન પડે નહિ. ક્યારેક તો વૃક્ષ નીચે મીણબત્તી પ્રગટાવી એ ઘુંટણીએ પડી પ્રાર્થના કરતો.

એક વાર ગામપંચનો વૃદ્ધ મુખીએ હેતારો પાસે આવીને વાત કરી કે ગામપંચની બેઠકમાં અમે નદી ઉપર પુલ બાંધવાનો ઠરાવ કર્યો છે; ને તેના લક્કડકાટ માટે આ ઉદાસી ઝાડને પાડી નાખનાર છીએ.

હેતારો બે હાથ વચ્ચે પોતાનું મોં છુપાવીને આવેશમાં બોલ્યો, 'લક્કડકાટ માટે ? પુલ બાંધવાને મારૂં વહાલું ઝાડ ભાંગવાનું ? બાપા, એ કોઇ દિવસ બનવાનું નથી, હું જીવતો છું ત્યાં સુધી.'

થોડી વાર પછી હેતારોનો આવેશ મોળો પડ્યો ત્યારે સમજુતી કરતો હોય તેમ એણે બુઢ્ઢાને કહ્યું, 'હા, ભલે. ગામપંચને બીજાં ઝાડ જોઇતાં હશે તો ખુશીથી હું કાઢી દઇશ. જો કોઇ રીતે મારૂં ઉદાસી ઝાડ બચાવો તો.' 'ઠીક' કહીને મુખી ચાલી નીકળ્યો.

મુખીએ જઇને ગામપંચ આગળ વાત મુકી. વૃદ્ધની વાત સૌને પસંદ પડી અને એ વેળા તો હેતારોનું ઝાડ બચી ગયું.

એક રાતે હેતારો પોતાના પ્રિય ઉદાસી વૃક્ષ નીચે બેઠો છે. ત્યાં એણે બાજુમાં જ કોઇ સુંદર સ્ત્રીને બેઠેલી જોઇ. બાઈ એની સામે શરમાતીશરમાતી જોતી હતી ને જાણે કાંઇક બોલવા જતી હતી. એવામાં હેતારો બોલ્યો, 'તમે કોઇકની વાટ જોતાં લાગો છો, એટલે હું બીજે જઇને બેસીશ. હેતારો પ્રેમને સમજે છે.'

સ્મિત કરીને સ્ત્રીએ કહ્યું, 'પણ હવે એ આવનાર નથી.'

'શું એ પ્રેમને ભુલી ગયો છે ? અરેરે, દુનિયા કેવી છે ! ખોટાખોટા પ્રેમ આપીને ચાલ્યો જાય, અને પાછળ રાખ ને કબર મુકતો જાય !'

'પ્રેમને એ ભુલ્યો પણ નથી.'

'ને છતાં આવતો નથી ? નવાઇની વાત !'

'એ આવ્યો છે. એનું હૃદય તો રોજ અહીં—આ ઉદાસી ઝાડમાં લાગી રહ્યું છે.' એટલું બોલી તેજસ્વી સ્મિત કરીને પેલી બાઇ અલોપ થઈ ગઈ!

હવે રોજ રાતે બંને જણ એ ઉદાસી ઝાડ નીચે મળે છે. બાઇનું શરમાળપણું ગયું છે અને વાતો કરાવી કરાવીને હેતારો પાસે તે ઉદાસી ઝાડનાં ખુબ વખાણ સાંભળે છે.

એક રાતે હેતારો કહે, 'આટલા દિવસ થયા પણ તમે તમારૂં નામ મને કહ્યું નથી. તમે રોજ જાણે આ ઝાડમાંથી જ નીકળો છો અને મને મળો છો; જાણે કેમ આ ઝાડમાં જ રહેતાં હો. મને પણ ઝાડ વહાલું છે. આપણે લગ્ન કરીને રહીએ તો ?'

'ભલે એમ. તમે મને હીગો (ઉદાસિની) કહીને બોલાવજો. એ સિવાય મને એકે પ્રશ્ન પુછશો નહિ. મારે માબાપ નથી. પણ એ વાત તમે ભવિષ્યમાં જાણશો.'

હેતારો ને હીગો પરણ્યાં. એમને એક બાળક પણ થયો. તેનું નામ ચિયોદો પાડ્યું. એક જેવીતેવી ઝુંપડીમાં તેઓ રહેતાં, પણ એ ઘડીએ તો જાપાન આખામાં સૌથી સુખી કુટુંબ એ એક જ હતું.



ત્યાં એણે બાજુમાં કોઇ સુંદર સ્ત્રીને બેઠેલો જોઇ.

એક દિવસ ગામમાં ધીમીધીમી વાત ચાલી અને ઉડતી ઉડતી તે હેતારોને કાને આવી કે મહારાજા મિકાડો કયોટો નગરમાં કાનોન દેવીનું મંદિર બંધાવે છે ને તેને સારૂ દરેક અમલદારને દશે દિશામાં લાકડાં લેવા મોકલ્યા છે. ગામના લોકોએ પણ મંદિરના કાર્યમાં ઉદાસી ઝાડને પાડીને લાકડું આપવાનો ઠરાવ કર્યો છે.

આ વખતે પણ હેતારોએ ગામલોકને ખુબ આજીજી કરી; બીજાં ઝાડ આપવા કહી અનેક દલીલ ને સમજાવટ કરી; પણ એનું કાંઇ ચાલ્યું નહિ. ગામલોકો અને પંચ ઉદાસી ઝાડ પાડવામાં મક્કમ રહ્યા.

હેતારોએ ઘેર જઇ પોતાની સ્ત્રીને વાત કરી. 'એ લોકો તો આપણું ઉદાસી ઝાડ પાડવાના જ છે. આપણાં લગ્ન થયાં ન હોત તો આ પ્રસંગ હું ખમી શકત; પણ હવે તો એ અસહ્ય છે. તો યે તારા સાથમાં કદાચ હું એ વાત કોઇક દિવસ વિસારી શકીશ.'

રાત પડી. હેતારો સુતો. પણ થોડી વારે કાળી ચીસ સાંભળીને ઉઠ્યો. પત્નીએ પતિને કહ્યું, 'વહાલા, અંધારૂં થતું જાય છે અને ઝુંપડીમાં જાણે સાદ ઉપર સાદ આવ્યા કરે છે. તમે અહીં જ છો ને? જુઓ, સાંભળો! એ લોકો ઉદાસી વૃક્ષને કાપવા મંડ્યા છે. અરેરે, જુઓ તો ખરા! ચંદ્રના પ્રકાશમાં એ કેવું થરથર કાંપી રહ્યું છે! હું એ વૃક્ષનો આત્મા છું. અરેરે, ગામલોકો મને મારી નાખે છે. અહા, આ દુષ્ટ લોકો મારા કકડેકકડા કરી રહ્યા છે. વહાલા હેતારો, કેવું દર્દ! અહીં તારો હાથ રાખ. હાશ, હવે ઘા પડવાનો નથી.'

'ઓ મારી ઉદાસિની, ઉદાસિની! એમ કહીને હેતારો હીબકાં ભરવા માંડ્યો.'

ઉદાસિની પોતાનું દયાર્દ્ર અને દુઃખી મોં હેતારો આગળ લાવીને ગણગણી, 'પ્રિય, હું જાઉ છું હવે. આપણો પ્રેમ અખંડ છે અને રહેશે,—ગમે તેવા ઘા પડશે તો પણ. હું તારી અને ચિયોદોની વાટ જોઇશ. પણ–પણ–મારૂં દીલ ભાંગે છે.

એવામાં બહાર પછડાટનો મોટો ધડાકો થયો. લીલુંછમ ઉદાસી વૃક્ષ ભાંગીતુટીને ઢગલો થઇ ભોંયે પડ્યું.

ચમકીને હેતારો પોતાની ઉદાસિનીને જોવા ગયો; પણ ઉદાસિની ત્યાં ન હતી!

(અંગ્રેજી પરથી) **દેશળજી પરમાર**

અથાણું

'અલ્યા કનુ, એ પીપ શું કામ ગબડાવે છે? મારા તો કાન ફુટી ગયા.'

'પણ બા, હું તો કમળાને છાની રાખવા એમ કરૂં છું.'

'ત્યારે તો ઠીક. કમળા હજી ઘોડિયામાં જ છે કે?'

'ના ના; એને મેં આ પીપમાં સુવાડી છે.'

*

શિક્ષક—(છગનને ચોરનો અર્થ સમજાવવાનો પ્રયત્ન કરતાં) છગન, જો તારા ગજવામાં હાથ નાખીને હું પૈસો લઈ લઉં તો તું શું ધારે?

છગન—કે તમે જાદુનો ખેલ કરવાના હશો!

*

શહેરી—(ઘાસની ગંજી બતાવી) આ કઇ જાતનું ઘર છે?

ગામડિયો—એ ઘર નથી; એ તો ઘાસની ગંજી છે.

શહેરી—એમ કે? મને બનાવવું સહેલું નથી પડ્યું! ઘાસ એમ ભારાબંધ ઉગે જ નહિ!

*

લીલા—ભદ્રા માશી, મારી બા તમારી કાતર મંગાવે છે.

ભદ્રા—(આપીને) કેમ, તમારી કાતર ખોવાઇ ગઈ શું?

લીલા—ના; પણ એણેથી પતરાં નથી કપાતાં તેથી!



યુરોપે મારા પર પાડેલી છાપ

[આ વિષય પર શ્રી લવજી થોરિયાએ કાર્લ્સરૂહ (જર્મની) માંની પોતાની કૉલેજના વિદ્યાર્થીઓ આગળ ભાષણ આપવાનું ઠરાવેલું; પરંતુ એ તૈયાર થયા પછી, વધારે વિદ્યાર્થીઓ અને બીજા પણ એનો લાભ લઇ શકે એ ઇરાદાથી એ છપાવવું એમ ઠર્યું, એટલે એ ભાષણને બદલે લેખ બની ગયો. ૧૫મી જુનના એમની કૉલેજના સામયિકમાં એ છપાયો છે. એમાંની હકીકત જર્મનીના વિદ્યાર્થીઓ જેટલી જ અહીંના વાચકોને માટે પણ રસદાયક અને જાણવાજોગ હોવાથી એમણે કરી મોકલેલું એનું ગુજરાતી આ નીચે આપ્યું છે.]

આજે મને તમારી પાસે મારા વિચારો મુકવાની જે તક મળી છે એ માટે મને ખરેખર આનંદ થાય છે. હું તમને કશું નવીન કહી શકીશ કે કેમ એ બાબત મને પોતાને જ શંકા છે; છતાં મારું વર્ણન પૂર્વ અને પશ્ચિમની વચ્ચેનાં સામ્ય અને ભિન્નતાનો ખ્યાલ સ્પષ્ટ કરવામાં અલ્પાંશે પણ માર્ગદર્શક થશે તો મારું લખવાનું અર્થવાહી હતું એમ મને સંતોષ થશે.

યુરોપ એટલે દુનિયાનું ઔદ્યોગિક બિંદુ, યુરોપ એટલે આધુનિક સંસ્કૃતિનું હકદાર પ્રતિનિધિ, યુરોપ એટલે મહત્ત્વાકાંક્ષા અને સ્વાતંત્ર્યની મૂર્તિઃ અને છતાં યે યુરોપ એટલે માંસાહાર અને મદ્યપાનના મહોત્સવો, શિષ્ટાચાર અને અક્કડાઇની પરિસીમા–એવા દોરંગી વિચારો હિંદ છોડતાં પહેલાં મારા મગજમાં ઘુમી રહ્યા હતા. માણસના મગજ પર પડેલી પહેલી છાપ દીર્ઘજીવી હોય છે એમ સ્વીકારું તો સ્ટીમર પરના દિવસો વર્ણવ્યા વિના આગળ ન જ ચાલી શકું. રાજકીય તેમજ સાંસ્કારિક દૃષ્ટિએ પોતાના ઉપરીપણાના ભાનવાળા યુરોપવાસીઓનો હિંદમાં તો સહચાર ક્યાંથી જ સાધી શકાયો હોય? એટલે એમના જીવનને જોવાનો પહેલો પ્રસંગ મારી મુસાફરીએ પુરો પાડ્યો. અહીં મને યુરોપના મળતાવડાપણાનાં કે સદ્‌ગુણોનાં ખાસ દર્શન ન થયાં એમ મારે સખેદ કહેવું પડશે. અમે વર્ણધારી એશિયાવાસીઓ તો એમની એક મીઠી નજરના યે અનધિકારી હોઇએ એમ સગર્વ આડું જોઇને યુરોપી મુસાફરો બોટ પર ઘુમ્યા કરતા. પણ આ બધું રાતા સમુદ્રના અંત સુધી. પછી, જાણે યુરોપથી ભૂમધ્ય સમુદ્રની સપાટી પર દોડયાં આવતાં સ્વતંત્ર હવાનાં મોજાંઓએ જાદુઇ અસર કરી હોય એમ, અમે પૉર્ટ સૈયદ છોડયા પછી યુરોપીય મુસાફરોના અમારા તરફના વર્તનમાં દૃષ્ટ ફેરફાર થયો. અને મને બરાબર યાદ છે કે પહેલો જે અંગ્રેજ મને 'ગુડ મૉર્નિંગ' કહેવા આવ્યો તે સાથેસાથે એમની લૉટરીમાં એક શિલિંગ ભરવાની માગણી પણ લેતો આવ્યો હતો! એમના અત્યાર સુધીના વર્તનના પ્રત્યુત્તર રૂપે મેં એને સાભાર 'ના' કહી દીધી.

ભોજન એ શરૂઆતમાં મારે માટે એવડી મુશ્કેલીની વાત હતી. એક તો ખાવાની વસ્તુમાં અને બીજી ખાવાની રીતમાં. મારા જેવા કેવળ અન્નાહારીને ટેબલ પર માંસ આવતું જોઇ એટલી તો સુગ ચડતી કે શરૂઆતના બે દહાડા તો મેં મારી કૅબિનમાં ફળ મંગાવીને જ ચલાવી લીધું. પરંતુ પછી તો ધીમેધીમે જોવા પુરતો ટેવાયો. અમારું (હિંદીઓનું) ટેબલ જુદું હતું અને મેં તો નોકરને પ્રસાદી (ટિપ) આપીને મારા ભાગમાં માંસ કે માછી ન આવે એવી જોગવાઇ કરી લીધી હતી એટલે નિશ્ચિન્ત હતો. પરંતુ મારી સાથે એક બીજો હિંદી યુવક હતો, તેને કોઇએ પઢાવેલું કે ઇંગ્લંડમાં તો માંસ નહિ તો છેવટે માછી વિના તો નહિ જ ચાલવાનું. એટલે એણે પોતાના સિદ્ધાંતમાં નમતું મુક્યું અને માછી ખાવાની શરૂઆત કરી. માછલીના શરીરશાસ્ત્રનું ભાન નહિ

હોવાથી એણે તો બટેટાની માફક કટકા કાપીને મોઢામાં મુકયો! પછી તો એમાંના કાંટાની હાજરીનું જ્ઞાન એને ભારે દુઃખદ થઇ પડ્યું! પરંતુ બીજી બાજુ હાંસીહાંસીને ભરેલી યુરોપીય એટીકેટનો ખ્યાલ કાંઈ ઓછો દુઃખદ નહોતો; એટલે મોઢું બગાડીને પણ એણે એ કટકાને કાંટા સાથે ગળા નીચે હડસેલ્યો! બીજે દિવસે પેટના દુખાવાએ એને એવો તો ડાહ્યો બનાવી દીધો કે ભાગ્યે જ ફરી માછી ખાવાનો!

હાથ વડે ખાવાની ટેવવાળા મને હિંદમાં મારા મિત્રોએ છરી કાંટાનો ઉપયોગ શીખી લેવાની ડાહી સલાહ તો આપેલી; પરંતુ એ તે કયું એવું ભારે શાસ્ત્ર છે કે એમાં જ્ઞાન મેળવતાં વખત લાગે, એવા આત્મવિશ્વાસથી મેં એ સુચનાને તરછોડેલી. પણ સ્ટીમરમાં દાખલ થયા પછી ટેબલ પર દરેક વ્યક્તિ દીઠ અરધો ડઝન ‘ઑપરેશન સેટ’ જોયા ત્યારે મારા મનમાં જે ગભરામણ થએલી એનો ખ્યાલ તમારામાંથી કોઇને ભાગ્યે જ આવી શકશે. વધારે વખત યુરોપ આવી ગએલા મારા એક હિંદી મિત્રે અમારા ટેબલ પર મને એવી જગ્યા આપી કે જેથી મારી ભુલો જોઇ હસવાનું સદ્ભાગ્ય યુરોપીય મુસાફરોને ન મળે. પછી તો થોડા દહાડામાં હું યે એ વિદ્યામાં પાવરધો થઈ ગયો.

અહીં સૌથી વિચિત્ર રીત તો મને એ લાગી કે ખાવા માટે સૌ દમામ કરીને જાય છે. હિંદની સરખામણીમાં આ રિવાજ મને બહુ જ અતડો લાગે છે. અમે જમતી વખતે અગત્યનાં જણાય એટલાં જ કપડાં રાખી બાકીનાંને નિવૃત્તિ આપીએ, ત્યારે અહીં તો સૌ સારામાં સારાં કપડાં પહેરીને અક્કડ થઇ જમવા બેસે! અને પછી એ કપડાં બગડે નહિ એ માટે ‘સર્વિએટ’ (રૂમાલ) રાખે! આ તર્કશાસ્ત્ર તો મારે માટે હજુ યે અકળ રહ્યું છે.

મહાત્મા ગાંધીજીનો ગરીબાઇ અને સાદાઇનો પાઠ ગળે ઉતારેલા હિંદમાંથી હું આવતો હોઈ જહાજ પરના ઉતારૂઓની ઓછામાં ઓછાં ત્રણ વખત કપડાં બદલવાની રીત મારે મન અસહ્ય આડંબર રૂપ હતી. છતાં યે પેલી કહેવત છે ને કે ‘રોમમાં હો ત્યાં સુધી રોમનની માફક રહો,’ એ મુજબ હું પણ સૌની સાથે દીવાળી કરતો. હિંદમાં પુરુષવર્ગ પોતાના બહારના સૌંદર્ય ઉપર લગભગ બીલકુલ વજન નહિ મુકતો હોવાથી આ વાત તરફ મારૂં લક્ષ વધારે ખેંચાયું. અને એ બધા ઠઠેરા પાછળ સમયનો કેટલો ભોગ અપાતો! સવારની ચા, નાસ્તો અને લંચ તથા બપોરની ચા અને પછી ડિનર એ બધાંની પાછળ તથા એ બધાંને અનુકૂળ પોષાકની અદલાબદલીની પાછળ અમારા દરરોજ ઓછામાં ઓછા છથી આઠ કલાક ખર્ચાતા! જે યુરોપને હું ‘સમય એ દ્રવ્ય છે’ એ સિદ્ધાંતનું અનુયાયી સમજતો એના વતનીઓનું સમયનું આવું ઉડાઉપણું મને આકરૂં લાગ્યું.

હું જે સ્ટીમરમાં મુસાફરી કરતો હતો તે ઈટાલિયન હતી. વર્સેલ્સના કરાર પર સહી થયાથી તા. ૧૧મી નવેંબરે છેલ્લા વિશ્વયુદ્ધનો અંત આવેલો એ દિવસને સ્ટીમર પર એક ખાસ નાચ અને રોશનીથી ઉજવવામાં આવ્યો. દુનિયામાં શાન્તિ સ્થાપવાનો ભાર ધારણ કરી રહેલી ‘લીગ ઑફ નેશન્સ’માં પ્રતિનિધિઓ મોકલનાર દેશોના પ્રજાજનો આ દિવસને આમ દરિયા પર પણ વિજયદિન તરીકે ઉજવે એમાં મને ‘ચાવવાના દાંત જુદા અને દેખાડવાના જુદા’ની નીતિ જણાઈ. આ જાતની ઉજાણીઓનો અર્થ તો એ જ થાય કે હજુ અમે લડાઇને નથી ભુલવા માગતા. જાણે શાન્તિ સ્થાપવાની વાતોએ પણ પોતાનું ગાંભીર્ય છોડી શિષ્ટાચારનું સ્વરૂપ લીધું હોય એવી મારા મન પર છાપ પડી.

હવે તો હું યુરોપમાં દાખલ થયો. શરૂઆતમાં તો નાનકડી વસ્તુઓએ પણ ભારે મુંઝવણ અને મજાક ઉભા કરેલા. પીછાંનાં ગોદડાંનાં પહેલાં દર્શન મને મ્યુનિચની હૉટેલમાં થયાં. એણે મારી કલ્પનાશક્તિને ઠીક કસરત આપેલી. અને અહીંની ગરમી આપવાની શગડી તો કોઇ દિવસ ક્યાંથી જ જોઈ હોય? મારા પછી આવનાર મારા એક હિંદી મિત્રે અતિ ગાંભીર્યપૂર્વક એ શગડી બતાવી મને પુછેલું કે ‘આ કુટુંબનો આ સ્મરણસ્થંભ છે?’ કોઇને મળીએ ત્યારે હૅટ ઉતારવાનું પદેલો તો ખરો, પરંતુ આચરણમાં ઉતારવાનો વખત આવે કે વિસ્મરણ થઇ જાય! પછી તો મારી એ ભુલ સુધારવાનો બોજો એક મિત્રને વળગાડેલો કે જ્યારે હું હૅટ ઉતારવાનું ભુલી જાઉં ત્યારે મને જરા ઠોંસો મારવો. અને એણે

બહુ જ પ્રામાણિકપણે અને સહર્ષ પોતાની એ ફરજ બજાવેલી! સ્ત્રીઓની સાથે 'શેક હૅન્ડ' કરવાની રીત શરૂઆતમાં મને બહુ જ આકરી લાગતી, એટલે હું દૂરથી જ ડોકું નમાવી નમસ્કાર કરતો. પરંતુ એક વખત તો એક બહેન સાથે મેં હસ્તધુનન ન કર્યું એટલે એમને ભારે અપમાન લાગ્યું. જર્મનીના રીતરિવાજોમાં મને પારંગત બનાવી દેવાનું બીડું જેણે ઝડપેલું એ મિત્રે મને જરા ઝણકાવ્યો કે હિંદની પેઠે સ્ત્રીઓથી શરમાઈ અંતર રાખ્યા કરીશ એ અહીં નહિ ચાલે. પછી તો એ યે શીખ્યો. આવી નાનીનાની વસ્તુઓ પણ કોઈ ભિન્ન રીતરિવાજવાળા પ્રદેશમાં જતાં કેવો મોટો ભાગ ભજવે છે એનો ખ્યાલ આપવા માટે જ આટલું લખું છું.

મારું ભાષાજ્ઞાન જરા પ્રગતિ કરતું ગયું તે સાથે મેં સમાજનું નિરીક્ષણ કરવા માડ્યું. માંસના 'શો રૂમ્સ' અને રેસ્ટોરાંની બહાર લખાએલા 'અમારું પોતાનું કતલખાનું' જેવા શબ્દો હજુ મને વારંવાર ખટકતા; ત્યાં બીઅર તરફ મારું ધ્યાન ખેંચાયું. સારી આલમમાં બીઅરના બંધાણી અને ઉત્પાદક તરીકેનું અદ્વિતીય સ્થાન ભોગવનાર મ્યુનીચ શહેરમાં કેટલીક વખત તો મારે દારૂનિષેધક તરીકે મશ્કરી પણ ઠીક સહન કરવી પડેલી. સ્ત્રીઓને પણ દારૂના પ્યાલા ગટકાવતી જોઉં ત્યારે તો મારું મન બળવો કરી ઉઠતું. એ જ અરસામાં કાર્નિવાલના દિવસો આવ્યા. એક પુરુષ અને એક સ્ત્રી બગલગીરી કરી નાચે એ વાત જ હિંદી વાતાવરણમાં ઉછરેલાને અસહ્ય લાગે, તેમાં વળી કાર્નિવાલને અંગે કાલ્પનિક પોષાકોમાં અસીમ સ્વાતંત્ર્ય—કહોને સ્વચ્છંદ—ભોગવતાં યુગલોને જોયાં એટલે મને ઠીક આઘાત લાગ્યો. અને તમને જાણીને નવાઈ લાગશે કે મારા એક હિંદી મિત્રના સજ્જડ નીતિબંધનો ઉપર તો આવા પ્રસંગોએ એટલા તો સખ્ત પ્રહાર કર્યા કે એના સિદ્ધાંતોની સુરક્ષાની ખાતર અભ્યાસને બાજુએ મુકી એણે હિંદ ભણી પ્રયાણ કર્યું! કાફે-હાઉસનું જીવન તો અમારે માટે અજાણુ જ છે, એટલે અહીં કલાકો-

'કિરીટ'ની વાર્તાના મુળ લેખક



શ્રી ધનગોપાળ મુકરજી

એમની પિછાન 'કુમાર'ની શરૂઆતમાં અમે એમની લખેલી 'કિરીટ'ની વાર્તા ચાલુ કરી ત્યારે ગુજરાતને પહેલવહેલી થઇ. આજ ચાર વર્ષ પછી એમની એ વાર્તા પુસ્તક રૂપે અમે ગુજરાતના કુમારો આગળ મુકીએ છીએ તે વેળા એમનો જરા વિગતવાર પરિચય આપવાનું એક બીજું વધારે આનંદજનક કારણ પણ છે. એમની કલમે 'કિરીટ'ની વાર્તા દ્વારા કેવળ ગુજરાતની જ ઉગતી પ્રજાને મુગ્ધ નથી કરી. અમેરિકામાં પણ એમનાં પુસ્તકો ઘણો સારો પ્રચાર ને પ્રશંસા પામ્યાં છે, અને હમણાં છેલ્લા ખબર મળે છે કે અમેરિકાની પ્રજાએ એમને એક ચંદ્રક અર્પીને એ કદરશનાસીને મૂર્ત સ્વરૂપ આપ્યું છે.

અમેરિકામાં દર વર્ષે બાલસાહિત્યનું શ્રેષ્ઠ પુસ્તક લખનારને 'જૉન ન્યુબેરી મેડલ' નામનો ચંદ્રક આપવામાં આવે છે. જૉન ન્યુબેરી ૧૮મી સદીમાં અમેરિકામાં બાલસાહિત્યનો જુનામાં જુનો પ્રકાશક હતો. તેનું સ્મરણ રાખવા ન્યૂ યૉર્કના ફ્રેડરિક મેલશેરે આ ચંદ્રકની યોજના કરી. ફક્ત યુનાઇટેડ સ્ટેટ્સના વતનીઓ કે વાસીઓને જ એ ચંદ્રક મળે છે.

ધનગોપાળ અમેરિકાના વાસી કઈ રીતે થયા એની આખી કથા એમણે 'કાસ્ટ ઍન્ડ આઉટકાસ્ટ' નામની પોતાની આપવીતીમાં બહુ આકર્ષક શૈલીમાં આલેખી છે. અમેરિકામાં વાસ કરવામાં એમને પડેલી મુસીબતો અને ત્યાંના જીવનનાં વિધવિધ પાસાંનો વેઠેલો અનુભવ એટલો રસભર્યો છે કે

ના કલાકો એ ગૃહોમાં બેસી રહેનારાઓની સંખ્યા જોઈ યુરોપની વિલાસપ્રિયતા તરફ આંખ મીચી રાખી ન શકાઈ. મારૂં ભાષાજ્ઞાન હજુ એટલું નહોતું કે ઊંડા ઉતરી સમાજનું અંતર તપાસી શકું, એટલે ઉપર વર્ણવ્યાં તેવાં દશ્યોએ મને યુરોપનું એક કદરૂપું ચિત્ર પુરૂં પાડ્યું.

જેમ હિંદમાં થોડા માસ આંટો મારી આવનાર યુરોપીય મુસાફર, સર્પ, જંગલો, દેવદાસી–નર્તકીઓ, જાદુગરો, વાઘ, હાથી, મહારાજાઓના વૈભવ, અને ગંગા નદીમાંના પવિત્ર (!) મગરોનાં વર્ણનોથી પુસ્તકો ભરે છે તેમ મેં આ અરસામાં આ દેશ વિષે કાંઈ લખ્યું હોત તો દારૂ, માંસાહાર, નાચ, કાફે–હાઉસો વગેરેથી જ વર્ણનનો મોટો ભાગ ભરી દીધો હોત. પરંતુ અઢાર દિવસમાં ત્રણ હજાર કિલોમીટરની મુસાફરી હિંદી ધરતી પર કરી નાખીને, હું ધારૂં છું તે પ્રમાણે એક પણ હિંદી ભાષાના જ્ઞાન વિના, 'મ્યુન્શનેર ઇલુસ્ટ્રીર્ટ પ્રેસ'માં હિંદીઓના 'પવિત્ર ગાંડપણ' પર લેખ લખનાર તથા અત્યારના હિંદના ગુંચવણભર્યા કોયડાનો 'હિંદીઓ એમની માતૃભૂમિમાં સંપૂર્ણ સ્વતંત્ર માણસો માફક રહે છે' એમ કહી નિકાલ કરી નાખનાર કોઇ શ્રીમતી ફ્રિડલ સ્પાડાની માફક મારે જર્મનીના સંબંધમાં અભિપ્રાય આપી દેવાની ઉતાવળ નહોતી. એટલે મેં મારૂં ભાષાજ્ઞાન સંતોષકારક નીવડે ત્યાં સુધી મૌન સેવ્યું.

યુરોપનું સ્ત્રીસ્વાતંત્ર્ય તો એશિયાઇ મુસાફરનું ધ્યાન ખેંચ્યા વિના કેમ જ રહે? હિંદમાં એવા પણ પ્રાંતો છે કે જ્યાંનું સ્ત્રીસ્વાતંત્ર્ય યુરોપ કે અમેરિકાના કરતાં ઓછું ન ઉતરે, તેમજ એવા પ્રાંતો પણ છે કે જ્યાં લડાઇ પહેલાંના તુર્કસ્તાનની સ્ત્રીઓની આછી પ્રતિકૃતિ નજરે પડે. આમ હોઇ આવા રીતરિવાજોના સંબંધમાં આખા હિંદની વાત કરવી મુશ્કેલ પડે ખરી. પરંતુ અહીં જીવનસંગ્રામમાં પણ સ્ત્રીઓએ સૈનિકની માફક શસ્ત્રો ઉપાડયાં છે એ જોઇ મને ભારે આશ્ચર્ય થયું. અમારી સાદી અને સીધી માન્યતા પ્રમાણે તો પુરુષવર્ગનું કાર્ય નિર્વાહનાં સાધનો

'કુમાર'માં કોઇ દહાડો એ આપવાનું અમારૂં મન છે. પરદેશ અને તે ય અમેરિકા જેવા બુદ્ધિશક્તિવાળા દેશમાં જઇ હિંદનું હીર આ રીતે ઝળકાવનાર એ બંગાળી જુવાનનો જન્મ ૧૮૯૦ના જુલાઇની છઠ્ઠી તારીખે કલકત્તામાં થએલો. અઢારમે વરસે કલકત્તા યૂનિવર્સિટીના ગ્રૅજ્યુએટ થઇ ઇજનેર થવા જાપાન ગયા, પણ થોડા જ વખતમાં ત્યાંનો અભ્યાસ છોડી દઈ અમેરિકા જવા ઉપડ્યા. દોલતના ભરેલા અને ડૉલરના પૂજક એ દેશમાં દમડી વિના રહેવું એ કેટલું દોહ્યલું છે તેનો અનેક હિંદીઓને વેઠવો પડતો જુદોજુદો અનુભવ ભોગવતા જઇને ધનગોપાળે અભ્યાસ કર્યો અને ૧૯૧૪માં લીલાંડ સ્ટાનફર્ડ યૂનિવર્સિટીના ગ્રૅજ્યુએટ થયા. ત્યારથી તે અમેરિકા ને ઇંગ્લંડમાં વ્યાખ્યાનો આપે છે ને લેખો તથા પુસ્તકો લખે છે. હમણાં વરસેક દહાડાપર તે હિંદમાં આવી ગએલા.

'કિરીટ હાથીની કથા' પ્રગટ થયા પહેલાં એમની 'જંગલ કથાઓ' અને પાછળથી 'વનકુમાર હરિ' એ બાળસાહિત્યનાં એમનાં પ્રથમ પુસ્તકો હતાં. તે પછી 'ફેઇસ ઑફ સાઇલન્સ', 'કાસ્ટ ઍન્ડ આઉટકાસ્ટ' નામની આપકથા, અમેરિકનોને હિંદીઓની પિછાન કરાવતું પુસ્તક 'માઇ બ્રધર્સ ફેઈસ' અને હમણાં છેલ્લેછેલ્લે મિસ મેયોને 'એ સન ઑફ મધર ઇન્ડિયા ઍન્સર્સ' નામનો સચોટ જવાબ (જેની ૧૪ આવૃત્તિઓ ખપી ગઇ) એ એમનાં જાણીતાં પુસ્તકો છે. જેને માટે એમને ચંદ્રક મળ્યો એ 'ગે નેક'ની વાર્તામાં એમાણે કબુતરના શોખી એક હિન્દી કુમારનું રસભર્યું ચિત્ર આલેખીને પક્ષીજીવનની રોમાંચક કથા ગુંથી છે. તક મળ્યે 'કુમાર'ના વાંચનારાઓ આગળ એ આવશે તે દહાડે આ જુના મિત્રનો આપણે વધુ નવો પરિચય મેળવીશું.

પુરાં પાડવાનું અને સ્ત્રીઓની ફરજ એનો સૌંદર્યભર્યો સદુપયોગ કરવાની. પુરુષ અને સ્ત્રીઓનો સહકાર અમારી દૃષ્ટિએ લશ્કરી અને વહીવટી વિભાગોના જેવો. આ રૂઢ માન્યતાને યુરોપની સ્થિતિએ આઘાત લગાડ્યો અને મને એમ માનવાને પ્રેર્યો કે આજે અહીં પ્રવર્તતી સ્થિતિને સાધારણ ન કહી શકાય. મહાત્મા ગાંધીજીએ એક વખત આ સંબંધમાં કહેલું કે 'જ્યાં સ્ત્રીઓને તાર માસ્તરનું, ટાઇપિસ્ટનું કે બીબાં ગોઠવવાનું કામ કરવું પડે ત્યાં સુવ્યવસ્થાનો ભંગ થએલો હોવો જોઇએ; તે પ્રજાએ પોતાની શક્તિનું દેવાળું કાઢ્યું છે; તે પ્રજા પોતાની થાપણ પર રહેવા લાગી છે એવી મારી માન્યતા છે.' અલબત્ત, અહીં જે સ્ત્રીસ્વાતંત્ર્ય પ્રવર્તે છે એ તો ખરેખર પ્રશંસનીય—અમારે ત્યાંના કેટલાક પ્રાંતોને માટે અનુકરણીય પણ—છે એમાં તો લેશમાત્ર શંકા નથી; પરંતુ સ્ત્રીઓએ પુરુષોના ક્ષેત્રમાં માથું મારવું પડે એમાં તો પશ્ચિમની સંસ્કૃતિની સ્ત્રીઓના પુરુષીકરણની માઠી અસર જ જણાય છે. મને કોઈ કહેશે કે આર્થિક મુંઝવણોએ આ સ્થિતિ જન્માવી છે. એ ખરૂં, પરંતુ મને તો લાગે છે કે એ આર્થિક મુંઝવણોને સમાજે પોતે જ જન્માવી છે. જો આપણે જીવનની જરૂરિયાતો વધાર્યે જ જઇએ તો સ્ત્રી અને પુરુષ બંને કમાયા કરે તો પણ આપણી મુંઝવણો ન ઉકેલાય. કોઇ એમ ન સમજે કે હિંદમાં પૈસાની રેલમછેલ છે. યુરોપની આંખે જોતાં અમારી ગરીબાઇ તો કમકમાટી ઉપજાવે એવી છે. છતાં અમારે ત્યાં સ્ત્રીઓને જીવનસંગ્રામમાં કૂદી પડવું નથી પડયું તેનું કારણ અમારી સાદાઇ અને સંતોષવૃત્તિ જ છે.

અહીંની ફરજિયાત કેળવણી તરફ તો હું અસીમ માનથી જોઉં છું. જો અમારૂં ચાલતું હોય તો તો આજે જ આ પ્રથાને હિંદમાં પણ દાખલ કરી દઇએ. પરંતુ કમનસીબે હિંદ હજુ પરદેશી જંજીરોમાં જકડાએલું છે. જોકે આજે સ્વાતંત્ર્યનાં જે મોજાં હિંદમાં ઉછળી રહ્યાં છે એ અંગ્રેજોને લાંબો વખત ત્યાં આધિપત્ય ભોગવવા નહિ જ દે; છતાં એ શુભ દિવસ આવી પહોંચે ત્યાં સુધી તો હિંદનાં બાળકોને કેળવણી વિનાનાં રહેવું જ પડશે. આ કાંઇ નાનુંસુનું નુકસાન નથી. અમારી અંગ્રેજ સરકાર લશ્કર પાછળ ખર્ચવાને આવકનો લગભગ અરધો ભાગ બચાવી શકે છે, પરંતુ જ્યારે પ્રજાકીય નેતાઓ કેળવણી માટે પૈસાની માગણી કરે ત્યારે તો એમની તિજોરીઓ તળિયાં જ બતાવતી હોય છે! અમારી કેળવણી વિષયક અધોગતિનો તો ખ્યાલ પણ તમને નહિ આવી શકે. ૧૯૨૪–૨૫ના આંકડા પ્રમાણે અમારી બત્રીસ કરોડની પ્રજાના ૯૦ ટકા નિરક્ષર છે! અને કેળવણીમાં આગળપડતું સ્થાન ભોગવતા ગણાતા પ્રાંત બંગાળામાં પણ ૯૧ ટકા પુરુષ અને ૯૮ ટકા સ્ત્રીઓ અક્ષરજ્ઞાન વિહીન છે! અમારી અને યુરોપની વચ્ચે કેળવણીએ એક મોટામાં મોટું અંતર ઉત્પન્ન કર્યું છે. એટલે જ જ્યારે રેસ્ટોરાંમાં બેસી સામાન્ય સ્ત્રીઓને પણ છાપાં વાંચતી જોઉં અને પુસ્તકાલયમાંથી પુસ્તકો લઇ જતી જોઉં ત્યારે મારો દેશ ક્યારે આ સ્થિતિએ પહોંચે એ મારા અંતરના ઉંડાણની ઇચ્છા હોય છે. પરંતુ કેળવણી અને પરતંત્રતા એ બંને વિરોધી હોઇ અમને હજુ પરતંત્રતામા જકડી રાખનાર અંગ્રેજ સરકાર અમને કેળવણીથી વંચિત રાખવા પ્રયત્ન કરે એ સ્પષ્ટ છે. તમારી પ્રગતિ કરતી કેળવણીને પગલે પડતાં પહેલાં એ માટે શક્તિમાન થવા અમારે સ્વાતંત્ર્ય કમાઇ લેવું પડશે.

અહીંની આરોગ્ય વિષયક સગવડોએ તો મારા પર ભારે ઉંડી છાપ પાડી છે. અમારે ત્યાં એનો અભાવ હોઇ અમારે બહુ મોંઘું મૂલ આપવું પડે છે. હિંદનું મરણપ્રમાણ બીજા કોઇપણ દેશના કરતાં વધી જાય છે. તેમાં રાજ્ય અને પ્રજા બંને દોષિત ગણાય. પરંતુ મને લાગે છે કે સ્વચ્છતા અને તંદુરસ્ત જીવનપ્રણાલિકાનો પ્રચાર કરવાનું આવશ્યક સાધન કેળવણી હોઇ એની પ્રગતિ આરોગ્યસુધારણાની પહેલાં થવી જોઇએ. તમારી ફરજિયાત કેળવણી અને એ દ્વારા સીધા કે આડકતરી રીતે થતા વાંચન વિના આજની તમારી આરોગ્ય વિષયક સ્થિતિ આવી ન હોત એમ કહું તો ગેરવ્યાજબી નહિ જ ગણાય. જર્મનીમાં અસ્તિત્વ ધરાવતી માંદગીના વીમાની પદ્ધતિ ઉપર તો મુગ્ધ થયા વિના ન જ રહી શકાય. પરંતુ ફરી વાર મને એ જ કહેવાનું મન થઇ જાય છે કે એ બધાં કેળવણી રૂપી સુવૃક્ષનાં મીઠાં ફળ છે.

યુરોપમાં નાતિઓ નથી એ વાત તો હિંદમાં

પણ જાહેર છે, એટલે અહીં જ્ઞાતિઓ ન જોઇ ત્યારે મને કાંઇ નવાઇ નહિ લાગેલી. ઉલટો શરૂઆતમાં તો હું એમ જ માનતો હતો કે અહીં એ પ્રકારના વાડાની શકયતા જ નથી. પરંતુ વખત જતાં મને એ સ્પષ્ટ થયું કે મનુષ્યનો સ્વભાવ જ એવો છે કે અમુક માણસોને પોતાનાં ગણી એમના ગાઢ સંબંધમાં આવે છે જ્યારે બીજાઓનો ઓછો સહવાસ રાખે છે. એ નક્કી કરવામાં રહેણીકરણી, દ્રવ્ય, કેળવણી, હોદ્દો ઇત્યાદિમાંથી પછી ગમે તે ભાગ ભજવતાં હોય. માણસ બધાને પોતાના જેટલું ઉંચું સ્થાન આપવા તૈયાર નથી જ. કેટલાકને એ પોતાના કરતાં ઉચ્ચ પદે સ્થાપી પૂજી શકે છે એ વાત જ એમ બતાવવાને સ્પષ્ટ છે કે બીજાને એ પોતાના કરતાં નીચે પગથીએ બેસાડી શકે. મ્યુનિચમાં મારી પરિચિત એક બૅરોનેટની બે કુમારિકાઓને જ્યારે એમની માતાએ એક વિશાળ પરંતુ જાહેર બૉલમાં નાચવાની મનાઇ કરી ત્યારે મને એમની જ્ઞાતિનું ભાન થયું. એક ઉંચા હોદ્દેદારના પુત્રને એની માતાએ જ્યારે એક સાધારણ કુટુંબની કુમારિકા સાથેનો પોતાનો પ્રેમ તજી દેવાની આજ્ઞા કરી ત્યારે મને યુરોપની જ્ઞાતિઓનું ફરી સ્મરણ થયું. આધુનિક યુવકપ્રવૃત્તિમાં તો બધાં ઇષ્ટ તત્ત્વો જ હોવાં જોઇએ એમ હું માનતો અને હજુ યે ઇચ્છું છું; એટલે જ્યારે મેં એમાં પણ વાડાશાહી પવન જોયો, અને એક રમતગમતના ‘બ્લૅક ફૉરેસ્ટ'માં અમે જ્યાં ઉતરેલા એ ઝુંપડામાં આવી ચડેલ બુબી-કૉફ (ઑળિયાં)વાળી કુમારિકાઓ તરફનું એમનું ભાવહીણું વર્તન મારી નજરે જોયું ત્યારે મને ચોક્કસ લાગ્યું કે માણસ યુરોપમાં હો કે એશિયામાં, પણ વાડા બાંધવાની તો એની કુદરતી વૃત્તિ જ છે.

અલબત્ત, અમારી જ્ઞાતિઓમાં અને આ વાડામાં તફાવત તો ખરો જ. અમારે ત્યાં વધારે અભેદ્ય સીમાઓ છે. છતાં મારે કહેવું જોઇએ કે એ જ્ઞાતિઓનો અહેવાલ ઘણાખરા યુરોપીય મુસાફરોએ અધુરો અને અળખામણો જ આપ્યો છે. આંતરજ્ઞાતીય લગ્ન અને ભોજનની છુટ જો અમારે ત્યાં મંજુર થાય તો એ જ્ઞાતિઓ વ્યવસ્થિત મંડળોનું રૂપ ધારણ કરી લે! ભોજનનો બાધ તો હવે જવા માંડયો છે અને ખાસ કરીને કેળવાએલો વર્ગ તો એના પર ઓછું જ વજન મુકે છે. લગભગ બધા જ નેતાઓ એ વાડા તોડવામાં હિસ્સો આપી રહ્યા છે.

અહીં સામાન્ય રીતે મનાય છે તેમ અમારી જ્ઞાતિઓ એ ધાર્મિક સંસ્થા નહિ, પરંતુ મુળમાં તો સામાજિક સંસ્થા છે. સમાજની સુવ્યવસ્થાની ખાતર શરૂઆતમાં જ્ઞાતિઓ સ્થપાઇ ત્યારે એમાં ચાર જ વિભાગ હતા; પરંતુ કાળે કરીને એ સંખ્યામાં અસહ્ય વૃદ્ધિ થતી ગઇ અને કાંઇક ધર્મની ગંધ પણ એમાં પેઠી. જ્ઞાતિએ અમને લાભ તેમ જ ગેરલાભ બંને આપ્યા છે. લાભ એ કે જ્ઞાતિએ એના સભ્યોની વચ્ચે અરસપરસ ભાઇચારો સ્થાપ્યો અને તે ઉપલકિયો નહિ પરંતુ ઉંડો. યુરોપમાં હૉટેલો અને વીશીઓની સંસ્થા જોઇ મને શરૂઆતમાં ભારે આશ્ચર્ય લાગેલું, પરંતુ વધારે વિચાર કરતાં એના મુળમાં એકબીજાથી જુદા પાડતો વ્યક્તિત્વવાદ અને એથી પરિણમતી જ્ઞાતિશૂન્યતા જ જણાઇ. છતાં હું કહું છું કે અમે જ્ઞાતિને તોડવા માગીએ છીએ, કારણકે એ સંસ્થાએ પોતાના બંધનો અભેદ્ય કર્યા છે. કોઇ પણ સંસ્થાએ ટકી રહેવું હોય તો એનામાં અનુકૂળ સ્થિતિસ્થાપકતા (ફ્લેક્સિબિલીટી) હોવી જોઇએ. જ્યાં સુધી જ્ઞાતિમાં એ ગુણ હતો ત્યાં સુધી એ લાભદાયી નીવડી; પરંતુ કાળે કરીને એ કડક બની ગઇ છે એટલે નકામી બની છે અને નાશ પામશે.

જ્ઞાતિએ અમને જે એક મોટું નુકસાન પહોંચાડયું છે તે મારી માન્યતા પ્રમાણે આજની અમારી પરતંત્રતાની બેડીઓ. બીજા દેશોમાં પ્રજાનો દરેક વર્ગ—દરેકેદરેક વ્યક્તિ—પોતાની જાતનું અને પોતાના દેશનું રક્ષણ કરવા માટે યોગ્ય લશ્કરી તાલીમ લેતો, ત્યારે કર્મવિભાગમાં માનતી અમારી જ્ઞાતિસંસ્થાએ એ કામ ક્ષત્રિયોને સોંપી દીધું; અને કાળના વહેવાની સાથે એ વર્ગ નબળો પડતાં આખી પ્રજાને પરતંત્રતા સહન કરવી પડી અને કરવી પડે છે. જ્ઞાતિનો વિષય એટલો બહોળો છે કે એ સંબંધમાં તો ઇશારો કરીને જ સંતોષ માનવો પડે છે.

અહીં મેં એ વલણ સ્પષ્ટ જોયું કે બને ત્યાં સુધી માનવ-શક્તિને બચાવી લઇ એને સ્થાને જડ શક્તિઓનો ઉપયોગ કરવો. મોટાં ગંજાવર કારખાનાંને તો બાજુએ જ મુકીએ, પરંતુ બારણાં આપમેળે બંધ

થાય અને ઉઘડે, રાત્રે બત્તી અમુક વખત પછી આપોઆપ બંધ થઈ જાય વગેરે નાનકડી બાબતોમાં પણ અહીં વિજ્ઞાનનો ઉપયોગ થતાં જીવનમાં અનેક સરળતાઓ થઇ ગઇ છે. અમારે ત્યાં હજુ એ બાબતો તરફ લક્ષ નથી ખેંચાયું એમાં દેશની ગરીબાઇ જ જવાબદાર ગણાય.

અને એક સર્વસામાન્ય અસર મારા ઉપર થઇ તે એ કે યુરોપમાં લોકો મને વધારે આનંદી અને સુખી જણાયા. કોઇ એમ પણ કહી શકે કે જીવનનું ગાંભીર્ય અહીં ઓછું દેખાય છે. યુરોપીય મુસાફરને હિંદમાં ફરતાં એવી અસર થયા વિના ન રહે કે હિંદનો દરેક ખેડુત પણ જાણે ગંભીર ફીલસુફ ન હોય ! અક્ષરજ્ઞાન વિના પણ એની એ વારસામાં ઉતરેલી ફીલસુફી જીવનને સંપૂર્ણ ગંભીર સ્વરૂપ આપી દેવા પુરતી થઇ પડે છે. મને લાગે છે કે જીવનનો મર્મ સમજવાના પ્રયત્નોમાં આપણે વિરોધી છેડા પર ઉભા છીએ. અમે જીવનને ભારેખમ કરીએ છીએ; પરંતુ જીવનને બોજાની માફક વહેવાથી અને કદાચ સારી આલમની પીડા પોતાની પીઠ પર લાદવાથી એનો હેતુ પાર પડી શકે છે કે કેમ એ વિષે મને શંકા રહે છે. પણ બીજી તરફથી અહીં સામાન્ય રીતે જણાય છે તેમ જીવનનૌકાને નિરંકુશ રીતે સંસાર-સમુદ્રનાં મોજાંની દયા પર છોડી દેવાથી પણ સાધ્યને ઓછું જ પહોંચી વળાય તેમ છે ! આપણે બંને પાછા ફરી હાથ મેળવી શકશું ત્યાં જ જીવનની ખરી દિશાનાં દર્શન થશે.

અહીં ફૅશન એ એક મહાન દુઃખદ વસ્તુ છે. અલબત્ત એથી પૈસાદારોનાં ખીસાં વધારે તર થાય છે અને દેશની ઔદ્યોગિક સમૃદ્ધિ વધે છે; પરંતુ ગરીબોની શી સ્થિતિ ? દરરોજ ' શો રૂમ્સ 'માં અવનવી વસ્તુઓનું પ્રદર્શન જોઇ અને બીજાઓને એ ખરીદતા જોઇ, એમ કરવાની પોતાની અશક્તિનું ભાન એમના હૈયામાં દુઃખનો દાવાનળ સળગાવે છે. કોઇ કહેશે કે એમની એવી મનોવૃત્તિથી જ એ દુઃખી થાય છે. પરંતુ ખાધેપીધે સુખી વર્ગનો એમાં શું ઓછો હિસ્સો છે ? એથી જ તો એમની ગરીબાઇ વધારે અસહ્ય બને છે. જ્યારે અમારે ત્યાં ગરીબોની સંખ્યા તથા ગરીબાઇનું કદ વિશેષ હોવા છતાં કેટલાક વૈભવપ્રિય ધનપતિઓને બાદ કરતાં આખો સમાજ સાદાઇથી જીવન ગાળતો હોઇ ગરીબોને એમની ગરીબાઇ ઓછી ખુંચે છે. ' વિભક્ત દુઃખ અર્ધું બને છે ' એ કહેવત મુજબ એમના તરફની પૈસાદાર વર્ગની સહાનુભૂતિ એમનાં દુઃખમાં ઘટાડો કરે છે. યુરોપમાં બોલ્શેવિઝમ જન્મી શકે છે અને હિંદમાં નહિ તેનું કારણ એમાં જડે છે. અહીં પૈસાદાર વર્ગ ગરીબોની કટુ ગરીબાઇને કટુતર બનાવતો હોઇ એમનું દ્રવ્ય ઝુંટવી લેવાના વિચારો તરફ ગરીબવર્ગ ખેંચાય એ સ્વાભાવિક જણાય છે, અને પરિણામે એ બે વર્ગ વચ્ચેના અનંત ઝગડાઓ જન્મે છે. જ્યારે અમારે ત્યાં સામાન્યરીતે પૈસાદાર વર્ગ ગરીબોની કટુતા પોતાની સહાનુભૂતિથી કમી કરતો હોઇ એમની માનવૃત્તિનો ભાગીદાર બને છે. પશ્ચિમમાંનો આ પૈસાદાર અને ગરીબ વચ્ચેનો—અથવા મુડીદાર અને મજુર વચ્ચેનો ઝગડો અમારે ત્યાં દાખલ થવા ન પામે એ ખાતર ધનિકો વધારે સ્વાર્થત્યાગી બને એ જાતના પ્રયત્નો હિંદમાં સફળતાથી ચાલી રહ્યા છે.

જ્યારે હું હિંદમાંથી નીકળ્યો ત્યારે તો એમ જ માનતો હતો કે અમારે ત્યાં ધર્મના સંબંધમાં સામાન્ય વર્ગમાં જે સ્થિતિચુસ્તતા નજરે પડે છે એનાં મને યુરોપમાં દર્શન નહિ જ થાય. પરંતુ એ માન્યતા ખોટી પડી. હિંદમાંના ' પવિત્ર ગાંડપણ 'ની વાતો કરનાર યુરોપિયનો એટલે દૂર ન જાય તો ખુદ પોતાના દેશમાં પણ એમને એનાં દર્શનનો લાભ મળી રહે એમ છે ! મને ઘણાઓની સાથે વાતો કરતાં એમ જણાયું છે કે ફરજીયાત ધાર્મિક શિક્ષણે એમનાં કુમળાં બાળ મગજ પર ઠસાવેલા વિચારોને મોટી ઉમરે પણ બુદ્ધિની કસોટી પર ચડાવવા જેટલા નૈતિક બળનો એમનામાં તોટો છે. આથી હું એમ નથી કહેવા માગતો કે અહીં ધર્મના ક્ષેત્રમાં સ્વતંત્ર વિચારકો નથી. અમુક વર્ગ જરૂર એવો છે કે જે પોતાને અપાતા ધાર્મિક શિક્ષણથી અસંતુષ્ટ બની એમની શંકાઓના સમાધાન માટે જુદીજુદી દિશાઓમાં દોડી જાય છે. થીઑસૉફી ઍન્થ્રૉપૉસૉફી, બહાઇઝમ, ફ્રી થિંકર ઇત્યાદિ અનેક મંડળો એની સાબિતીમાં ઉભાં છે; છતાં યે સામાન્ય જનસમૂહ

(અનુસંધાન આગળ પાન ૩૦૦ મે)

મિયાણા

એક બારોટ પાસેથી સાંભળેલી આ વાત છે. મોરબી પાસેના માળિયા ગામના મિયાણા ચોરી અને ધાડ માટે કાઠિયાવાડમાં તો ખુબ પંકાએલા છે. બારોબાર ચોરી અને લુંટફાટ કરી ગામમાં આબરૂદાર બનીને રહે: રાતની રાતમાં પચાસ-સાઠ ગાઉમાંથી ધાડ પાડી મુદ્દામાલનો પત્તો ન લાગવા દે એવા શકરા ! છતાં શાણા નહિ. એમનું શરીર બળથી ઉભરાતું, પણ એ બળનો સારે ઠેકાણે ઉપયોગ કરવાની એમની દૃષ્ટિ નહિ; એટલે ઘરમાં ટંકના પણ સાંસા. જુવાનજોધ મિયાણા તલવારને માથે રમે, પણ અંગને ઢાંકવા લુગડું સરખું ન હોય. અધર્મી લુંટફાટ અને બળતી આંતરડીના શાપે એમને અન્નને ને દાંતને વેર.

વાંકાનેરથી યજમાનના દીકરાની વહુને તેડી જવા એક બ્રાહ્મણ માળિયે આવેલો. જુવાનીમાં જાળવેલી શક્તિ એને જતી જુવાનીમાં કામ લાગેલી: પાંચ હાથ પુરૂં શરીરનું કાઠું, ભેગડિયા બાંધાનું ગંઠાએલું બદન અને માથે બેસે તો ઘોડીનું અંગ બેવડ વાળી દે એવું એ શરીરનું વજન.

વેવાઇએ દીકરીને સાબદી કરી. બાઇના શરીર ઉપર ચારસો-પાંચસોનું ઘરેણું. બધું બ્રાહ્મણને સોંપી રસ્તામાં સંભાળીને જવાનું કહી બંનેને વળાવ્યાં.

ચોરે બેઠેલા ચાર મિયાણાને ચટપટી ઉપડી. ચારસો-પાંચસોની મત્તા મળે એવો લાગ જતો કેમ થાય ? ચારે જણાએ બંનેની પુંઠ લીધી.

ઉનાળાના લાંબા દિવસો, લૂ વરસતો તડકો અને પગ બદબદી જાય એવી ધીકેલી ધરતી. બાઇ તો પરસેવે ભીંજાઇ ગઇ. બ્રાહ્મણ પણ નાહી રહ્યો. ગળું પાણી વિના સુકાવા લાગ્યું. એવામાં રસ્તામાં એક વાવ દેખાઇ. પાણી પી બંને જરાવાર ઝાડને મીઠે છાંયડે થાક ઉતારવા બેઠાં. થોડી પળો પવનની લહેર જોડે ચાલી ગઇ.

એટલામાં પાછળ કોઈનાં ઉતાવળાં પગલાં નજીક આવતાં સંભળાયાં. બ્રાહ્મણે પાછું ફરી જોયું તો ભુકાની બાંધેલા રાક્ષસ જેવી રાતીચોળ આંખોવાળા ચાર મિયાણા કડિયાળી ડાંગો ખભે નાખી પોતાના તરફ દોડ્યા આવે છે. ધરતી જાણે એમનાં પગલાંથી ધ્રુણુણી ઉઠી છે.

અનુભવોથી ઘડાઈ ગએલો બ્રાહ્મણ માત્ર સહેજ વાર કંપ્યો; પછી તરત જ સાવધ થયો. બાઈની તો બીચારીની રાડ ફાટી ગઇ.

'બીશ મા, બહેન !' બ્રાહ્મણે દિલાસો દેવા માંડ્યો. 'મને માર્યા પહેલાં એ મિયાણાના હાથ તારા શરીરને નહિ અડી શકે.'

મિયાણા થોડે છેટે આવી ઉભા રહ્યા. જરા ય ઉકળાટ કે ગભરામણની લાગણી વગર બ્રાહ્મણ ઉઠીને ઉભો થયો. પવનને ફુંફાડે જેમ ફુટતી વેલ કંપે તેમ કંપતી કંપતી બાઇ બ્રાહ્મણને પડખે ભરાવા માંડી.

'કેમ ભાઇબંધો, માળિયાનું પાણી દેખાડવા આવ્યા છો ?' બ્રાહ્મણે મર્મમાં પુછ્યું.

'બ્રાહ્મણ થઈશ તો ભાઇબંધીથી, નહિતર ઝુંટવીને, પણ ઘરેણું લીધા વિના અમે જનાર નથી.' ચારમાંથી એક જણે કહ્યું.

'પણ મિયાણાનો દીકરો ગામની બેન-દીકરી ઉપર દાનત બગાડે નહિ. અને બહારવટાં તો બહાદુર સામે શોભે. અમે તો બ્રાહ્મણ.'

મિયાણાને બ્રાહ્મણની વાતમાં કાંઈ સાર દેખાયો નહિ. તેમને લપછપનું કામ નહોતું, ઘરેણાનું હતું. એક જણ બાઇ તરફ વળ્યો.

'ઉભો રહે ભાઇ ! એમ કાંઇ ઘરેણાં ઉતરે,—હું જીવતાં ?' કહી બ્રાહ્મણ ખસ્યો અને આગળ આવનારનું કાંડું પકડી તેને દૂર હડસેલ્યો. એ જોઇ મિયાણા જરા પાછા હટ્યા. ને તેમની આંખમાંથી ખુન વરસ્યું.

બ્રાહ્મણના મોઢા પર હતી એના કરતાં વધારે કરચલીઓ પડી. આંખોમાં થોડી રતાશ આવી. શરીરની નસોમાં લોહી ઝપાટાબંધ ફરવા માંડ્યું. હાથ એ ચારે જણને મસળી નાખવા ઉતાવળા થઈ રહ્યા.

મિયાણાઓએ તે જોયું. જરાક લેવાયા; પણ પાછા તરત જ ઉશ્કેરાઈ જઈ આગળ આવ્યા.

'આડો આવીશ તો વધેરાઇ જઇશ. છાનોમાનો જોયા કરને. ક્યાં તારા બાપનું—'

પણ મિયાણો વધુ બોલે તે પહેલાં તો બ્રાહ્મણે



વાવને પડખે પડેલો એક પત્થર ઉંચક્યો, અદ્ધર તોળ્યો અને સામેના ઝાડની એક મજબુત ડાળ પર નિશાન તાકીને ફેંક્યો.

પાકેલું ચીભડું જેમ મુઠી બેગું ફસકાઇ પડે તેમ ડાળ ઝાડથી છુટી થઇ નીચે ફસકાઇ પડી. મિયાણા તો આભા બનીને જોઇ જ રહ્યા ! બાઇની આંસુભીની આંખો આનંદથી ચમકી ઉઠી.

'હું વધેરાઇ જઇશ તેની ચિંતા નહિ, પણ પેલી ડાળની દશા જોઇ ? ચારેનાં માથાંના દમણાં એમ કાચલાં ઉડી જશે.' કહી બ્રાહ્મણે આજુબાજુથી પત્થર ભેગા કરવા માંડ્યા.

પોતાનાથી વધારે બળવાળા આગળ ઉભા રહેવું મિયાણાને મોત જેવું લાગે છે. કાઠીની જેમ કેસરિયાં કરવાની શક્તિ તેઓમાં નથી હોતી. દગાથી ઘા કરવો અગર નાસી છુટવું, એમાંથી એક વૃત્તિને એ તરત તાબે થાય છે.

બ્રાહ્મણનું બળ જોઇ મિયાણોઓએ એકબીજાના સામે જોવા માંડ્યું, કંઇક ઇશારા થયા અને વિચાર કરવાની તકલિફમાં પડ્યા વગર ચારે જણાએ પીઠ બતાવી નાસવા માંડ્યું.

'ઉભા રહો, ઉભા રહો; ઘરેણાં તો લેતા જાઓ.' બાઇનો ઠપકાભરેલો એ મીઠો સાદ, બ્રાહ્મણનું ગગન ગજવતું હાસ્ય ને મિયાણાના પગને વળાવીને પાછી ફરતી ધુળ, એ ત્રણેના મિશ્રણે ઘડીભર એ અરણ્યની નિર્જનતાને ભાંગી પાડી. **તરુબહેન દેસાઇ**

યુરોપે મારા પર પાડેલી છાપ

(અનુસંધાન પાછળ પાન ૨૯૮થી)

સ્થિતિચુસ્ત છે એવી છાપ મારા પર પડી છે એમ કહું તો મેં અન્યાય નહિ જ કર્યો ગણાય.

મારે સખેદ કબુલ કરવું જોઇએ કે કળા અહીં જે માનપ્રદ સ્થાન ભોગવી રહી છે એ સ્થિતિ અમારે ત્યાં અત્યારે નથી. અહીં પિયાનો કે વાયોલિન વિનાનું ઘર ભાગ્યે જ નજરે પડવાનું. ચિત્રો તો ઘરના શણગાર રૂપ ગણાતાં હોઇ એના ઉત્પાદક ચિત્રકારનું સ્થાન સમાજમાં આગળપડતું આવે જ! પરંતુ કળાને જીવનની આવશ્યક્તાઓમાં સ્થાન આપવા જેટલો માનવ જાતિનો હજુ વિકાસ નથી થયો ત્યાં સુધી ગરીબ પ્રજા કળાની યોગ્ય કદર ન કરી શકે એ ક્ષંતવ્ય ગણાય. જે દહાડે હિંદમાં જાહોજલાલી હતી તે દહાડે જે કળાસર્જન થયું છે એ તો આજે પણ પશ્ચિમના કળાકારોને નોતરી રહ્યું છે. પરંતુ હમણાંહમણાં અમારે ત્યાં કળાની વધારેપડતી અવગણના થઇ છે એ વાત તરફ અમુક વખતથી લક્ષ ખેંચાયું છે અને લગભગ દરેક ક્ષેત્રમાં નવી કળા જન્માવવાના ઇષ્ટ ને મૌલિક પ્રયત્નો થઇ રહ્યા છે.

આમ, મેં મારા દૃષ્ટિબિંદુથી યુરોપને જેવો જોયો તેવો તમારી પાસે આલેખવા પ્રયત્ન કર્યો છે. એમાં હું ન્યાય કરૂં છું કે અન્યાય એ તમારે જોવાનું રહ્યું.

(કાર્લ્સરૂહ : જર્મની) **લવજી ઘોરિયા**

ન્યાયાધીશ આ કેદીને તેના ગુનાહ બદલ જીંદગીભરની કેદ આપવામાં આવે છે.

કેદી: પણ સાહેબ, મારો ગુનોહ—

ન્યાયાવાધીશ: ચુપ ! વધુ ગરબડ કરશો તો બીજાં ચાર વર્ષ વધારી દઇશ.

ત્યારે ખાવું શું ?



ગયા વૈશાખ માસના 'કુમાર'માં 'ત્યારે ખાવું શું' નામનો ભાઈ લવજી થેરિયાનો લેખ વાંચ્યા પછી મને તો જુદી રીતે પણ એ જ પ્રશ્ન થયો કે ત્યારે ખાવું શું? રા. લવજીભાઇ કેટલીક રીતે મરડીમચડીને વિજ્ઞાનદ્વારા કેવળ ફળાહારને મનુષ્યનો કુદરતી ખોરાક સાબિત કરે છે, ને બીચારૂં અનાજ કે જે હજારો વર્ષોથી આપણા વડવાઓને પોષતું આવ્યું છે તેને એક ધડાકે બાતલ કરી નાખે છે, ત્યારે સહજ પ્રશ્ન ઉઠે છે કે હિંદુસ્તાનના કરોડો ગરીબ લોકો તથા ઉજ્જડ ભૂમિના વતનીઓએ પછી ખાવું શું? કિરતારની સૃષ્ટિમાં તેમને માટે કંઇ સ્થાન છે ખરૂં?

જેમ ચોરી નહિ કરવી એટલું શીખવ્યાથી ચોરી અટકતી નથી, પરંતુ ચોરી કર્યા વિના જીવનની જરૂરિયાતો કેમ પુરી પાડવી તેનું જ્ઞાન આપ્યાથી ચોરી અટકે છે, તેવી જ રીતે અન્નાહાર ન કરવો એમ કહેવાથી માણસો અનાજનો ઉપયોગ બંધ કરવાના નથી, પરંતુ કઇ ઋતુમાં કેવાં કેવાં ફળોનો ઉપયોગ કરી શારીરિક તથા માનસિક પોષણ મેળવવું, તેની સવિસ્તર વ્યવહારૂ માહિતી આપવામાં આવે તો જ માણસો અન્નાહારનો ત્યાગ કરી શકે.

પાશ્ચાત્ય વિજ્ઞાનની અનિશ્ચિતતા

રા. લવજીભાઇએ વિજ્ઞાનની દૃષ્ટિથી પોતાના સિદ્ધાંતનું સમર્થન કરવાનો યત્ન કર્યો છે, તેથી હું પણ કેટલાક વિજ્ઞાનશાસ્ત્રીઓની દલીલો મુકીશ અને સાથે સાથે અનુભવની કેટલીક બાબતો જણાવીશ. પરંતુ પશ્ચિમના વિજ્ઞાન પર બહુ મોહી જનારા ભાઇઓને શરૂઆતમાં જ ચેતાવી દઉં કે હજુ પાશ્ચાત્ય વિજ્ઞાનશાસ્ત્ર ખોરાકની બાબતમાં તો ઘોડિયામાં જ ઝુલે છે—માત્ર પ્રાયોગિક સ્થિતિમાં જ છે, અને તેના સિદ્ધાંતોમાં દિવસે દિવસે ફેરફાર થયા કરે છે.

દાખલા તરીકે: (૧) ખોરાક સાથે પાણી પીવું નુકસાનકારક છે, કારણકે તે પાચનક્રિયાના રસને નરમ પાડે છે (dilutes) એમ આપણે વાંચતા, ત્યારે ભોજન વચ્ચે પાણી પીવું અમૃત તુલ્ય છે એમ કહેનારા આપણા વડવા અજ્ઞાન લાગતા; પરંતુ હવે સિદ્ધ થયું છે કે પાચનક્રિયા અમુક જાતના એન્ઝાઇમ (enzimes) નામના તત્ત્વો ઉપર આધાર રાખે છે, અને તેમના પર પાણીની અસર થતી ન હોવાથી, પાણી પીવા અને પાચનક્રિયાને બહુ સંબંધ નથી, અને તરસ હોય ત્યારે પાણી પીવામાં બીલકુલ નુકસાન નથી. (૨) મીઠું શરીરને માટે ઝેર સમાન છે એમ આપણે વાંચતા અને ગાંધીજીએ પણ તેના ત્યાગ માટે અખતરા કરેલા; પરંતુ હવે સિદ્ધ થયું છે કે શારીરિક વૃદ્ધિ તથા ટકાવને માટે અમુક પ્રમાણમાં મીઠું જરૂરનું છે. (૩) દુધમાં સાકર નાખવાથી નુકસાન છે એમ વાંચતા ત્યારે 'જેમ સાકર દુધની સંગ મળી' એ પંક્તિ ખોટી લાગતી; પરંતુ હવે સિદ્ધ થયું છે કે સાકર દુધને disinfect કરે છે (તેમાં ઉત્પન્ન થએલા નુકસાનકારક જંતુઓ—**bacteria**—નો નાશ કરે છે), અને પેટમાં દુધમાંથી થતા આંતરડાંના જંતુઓ—**intestinal worms**—ને ઉત્પન્ન થતા અટકાવે છે. (૪) ઉપવાસની પ્રથમની હાંસી અને હવે તેની સિદ્ધ થએલી ઉપયોગિતા તો જગજાહેર થઈ પડી છે તેથી તે બાબત વિશેષ લખવાપણું નથી.

આવાં કારણોને લઇને, તેમજ જેણે હિંદુસ્તાનના વતનીઓના ખોરાકનો સાથોસાથ મુકાબલે અભ્યાસ કર્યો છે એવા ઇન્ડિયન મેડિકલ સર્વિસના લેફ્ટેનન્ટ કર્નલ રૉબર્ટ મૅકૅરીસન C. T. E., M. D., D. Sc., H. H. D., F. R. C. P.,) જેવા અનુભવી લાંબા અવલોકન પછી ઉત્તર હિંદના વતનીઓના ખોરાકને સુધરેલી દુનિયા આગળ આદર્શ તરીકે ધરે છે (જુઓ લંડનમાંથી નીકળતા 'પ્રૅક્ટિશ્નર' માસિકનો ૧૯૨૫ના જાન્યુઆરીનો અંક) ત્યારે હજારો વર્ષોના અનુભવની ચાળણીમાં ચળાઇને આવેલા અને આપણા વાતાવરણને અનુકુળ બનેલા ખોરાક બાબતના આપણા રીતરિવાજોનો ત્યાગ કરતાં પહેલાં સંપૂર્ણ વિચાર કરવો ઘટે.

શું રોટલી નુકસાનકારક છે?

રા. લવજીભાઈની પહેલી દલીલ એ છે કે 'રોટલી જઠરમાં જઈ ઍસિડ ઉત્પન્ન કરી નુકસાન પહોંચાડે છે.' આમ કલમના એક સપાટે આપણા ખોરાકની મુખ્ય વસ્તુને ઉડાવી દેવી એ શું યોગ્ય છે? આવો ધડાકો કરતાં પહેલાં રોટલી કઇ જાતનો ઍસિડ ઉત્પન્ન કરે છે અને તે ઍસિડ કેવી રીતે નુકસાન પહોંચાડે છે તે જણાવવાની જરૂર છે.

ખુદ જઠરમાં જ હાઇડ્રોક્લોરિક ઍસિડ જેવા જ્વલંત ઍસિડો ઉત્પન્ન થાય છે અને સંતરાં, મોસંબી તથા કેરી જેવાં ઉત્તમ ફળોમાં પણ ઍસિડ હોય છે તો પછી તે શું નુકસાન નહિ કરતાં હોય? પરંતુ હકીકત એમ છે કે ઘઉંનું **reaction** ઍસિડ નહિ પણ આલ્કલાઈન (**alkaline**) છે. આનો સ્વાનુભવ કરવા માટે કાચી કેરી અથવા લીંબુ જેવી ખાટી ચીજ ખાઇ જુઓ અને પછી રોટલી અથવા ભાખરીને મોઢામાં ખુબ ચાવ્યા કરો; એથી દાંત પરની ખટાશ કપાઇ જશે.

પશ્ચિમમાં મેંદાની રોટી વાપરવાનો રિવાજ છે. એ જાતની રોટી કબજિયાત કરીને **acidosis** નામે રોગ ઉત્પન્ન કરતી હોય તેથી કંઇ આપણે ત્યાં ઘેર દળેલા અનાજની રોટલીથી તેવું નુકસાન થવાનો સંભવ નથી. ઘઉંના થુલા (**bran**) તથા ફણગા (**Yerm**)માં રહેલા ક્ષારો સ્ટાર્ચનું ઍસિડપણું કાપવાને પુરતા છે.

હવે મનુષ્યના ખોરાકમાં ઘઉં તથા બીજા અનાજને કેટલું ઉચ્ચ સ્થાન છે તે વિષે વિજ્ઞાનશાસ્ત્રીઓના અભિપ્રાય દર્શાવતાં પહેલા રા. લવજીભાઇની બીજી દલીલ લઇએ, કે જેના પર તેમના લેખનો મુખ્ય આધાર છેઃ રાંધેલા ખોરાકમાં વિટામિન હોતા નથી, તેથી તે માણસને લાયક નથી. આ કથનને બે રીતે તપાસવાની જરૂર છે. (૧) વિટામિન વિનાના ખોરાકનો શરીરમાં કોઇ ઉપયોગ છે ખરો કે નહિ; (૨) રાંધેલા ખોરાકમાં વિટામિન હોય છે કે નહિ.

વિટામિન સર્વસ્વ નથી

શરીરને માટે કાર્બોહાઇડ્રેટ (સ્ટાર્ચ અને સાકર) (૨) પ્રોટીન (૩) ફૅટ અને (૪) ક્ષાર (મિનરલ્સ) એ ચાર તત્ત્વોની જરૂરિયાત છે એમ લેખની શરૂઆતમાં રા. લવજીભાઇ જણાવે છે, અને તે સત્ય છે; પરંતુ જેમ કોઈ યુવાન નવપરિણિત વધુ ઉપર મોહાંધ બનીને પોતાનાં માતપિતા, ભાઇભાંડુ વગેરેને ભુલી જાય, તેવી રીતે કેવળ વિટામિનની શોધ પર ફિદા થઇને બીજાં તત્ત્વોને તદ્દન કોરે મુકવાં અને માત્ર વિટામિન ઉપર જ જાણે શરીર નભતું હોય તેવી દલીલ કરવી એ શું બરાબર છે?

ઑક્સિજન (પ્રાણવાયુ) વિના આપણે અમુક મિનિટથી વધુ ન જીવી શકીએ, પાણી વિના અમુક દિવસોથી વધુ ન જીવી શકીએ અને વિટામિન વિના અમુક મહિનાથી વધુ ન જીવી શકીએ, તેથી કંઈ એમ સિદ્ધ નથી થતું કે આપણા શરીરને ઑક્સિજન, પાણી કે વિટામિન વિનાની ચીજોની જરૂર જ નથી. અર્થાત્ શરીરને જેમ ઑક્સિજન, પાણી કે વિટામિનની જરૂર છે તેમ ગરમી આપવા માટે કાર્બોહાઇડ્રેટ, તેજસ્વી રાખવા માટે ફૅટ, નાશ થએલા અણુઓનું સ્થાન પુરવા માટે પ્રોટીન અને લોહીને શુદ્ધ કરવા માટે ક્ષાર, એ ચાર તત્ત્વોની પણ જરૂરત છે જ. આ ઉપરાંત પાચનક્રિયાને ગતિ આપવા માટે ખોરાકમાં **cellulose**—કુચા અથવા રેસાવાળા પદાર્થની જરૂર પણ વિજ્ઞાને સ્વીકારી છે. સારાંશ એ કે જીવન ટકાવવા માટે વિટામિન સર્વસ્વ નથી પરંતુ જરૂરી તત્ત્વોમાંનું એક છે.

કેવળ ફળાહારનો સ્વીકાર કરતાં પહેલાં આપણે જરૂર જાણવા માગીએ કે એવાં કયાં ફળો છે કે જે આપણા શરીરને જોઇતાં આ ચારે તત્ત્વો તથા પાંચે જાતનાં વિટામિન (હજુ પાંચ જ જાત શોધાઇ છે; ઈશ્વર જાણે કેટલી વધુ શોધાશે) દરેક ઋતુમાં પુરાં પાડી શકે? રા. લવજીભાઇ ફળાહાર પર નભતા આપણા વડવા (?) રામચંદ્રજીના સૈનિકો વાંદરાઓનો દાખલો મુકે છે, પરંતુ આફ્રિકાનાં જંગલોમાં વસતાં હિંસક વાનરો સિવાય બીજા વાનરોમાં નથી હોતું એટલું શારીરિક બળ, બુદ્ધિ કે લાંબુ આયુષ્ય, કે જેથી મનુષ્યોને તેમની અદેખાઇ આવે અથવા તેમની વાનર નકલ કરવાની ઇચ્છા થાય. જીનાં મહત્ત્વની હકીકત તો એ છે કે જેની કુદરતી પ્રેરણાઓ (**instincts**) નષ્ટ નથી થઇ એમ આપણે માનીએ છીએ તેવા વાનરો ઉપર અખતરા કરતાં મને એ અનુભવ થયો

કે તેઓ પણ ફળ અને શાકને કોરે મુકીને રોટલી માટે ઝડપાઝડપી કરી મુકે છે.

ઘઉંની ઉપયોગિતા

હવે ઉપર જણાવેલાં શારીરિક તત્ત્વો પુરાં પાડવા માટે ઉત્તમ ખોરાક કયા છે તે વિષયે, અમેરિકામાં શાસ્ત્રીય પદ્ધતિએ મોટા પાયા પર ચાલતી ફિઝિકલ કલ્ચર ફૂડ રીસર્ચ લૅબોરેટરીના ડાયરેકટર મિ. મિલો હેસ્ટિંગ્ઝ શું લખે છે તે જોઇએ:

'શારીરિક તત્ત્વોને જરૂરી પ્રમાણમાં પુરા પાડવા માટેના ઉત્તમ ખોરાક પૈકી દુધ ને ઘઉં બે મુખ્ય છે. બધી ઋતુમાં પોષણ આપે તેવા ઘઉં જેવા ભરોસાપાત્ર ખોરાક વિના માણસજાત ભાગ્યે જ સ્થાયી બનીને શહેરો વસાવી શકી હોત કે સંસ્કૃતિ સ્થાપી શકી હોત. ઇજિપ્ત, નિનેવે કે બાબીલોનના સમ્રાટો અને તેમના સેંકડો વર્ષો પહેલાંના પૂર્વજો ઘઉંનો ઉપયોગ કરતા, અને અસલી ગ્રીસના મહાન નરો પોતાનાં બળ અને બુદ્ધિ વધારવામાં ખોરાકના મુખ્ય પદાર્થ તરીકે ઘઉં જ (થુલા સહિત) વાપરતા.

તેવી જ રીતે પૂર્વ એશિયાના પીળા વતનીઓ (ચીના તથા જાપાનીઓ) ચોખા ઉપર ને મેક્સિકો તથા પેરૂના રાતા વતનીઓ બીજા અનાજ પર સંસ્કૃતિ સ્થાપી શકયા. પરંતુ ઇજિપ્તની નીચેના પ્રદેશોના આફ્રિકાના કાળા વતનીઓ તેમજ દક્ષિણ સમુદ્રના ટાપુમાં વસતા ઘઉંવર્ણા માણસો કે જેઓ કેળાં, કોપરાં, બ્રેડફ્રૂટ વગેરે ફળ ઉપર નભતા તેઓ બીલકુલ સંસ્કૃતિ સ્થાપી શકયા નહિ.'

એ જ પ્રમાણે આપણે ત્યાં પણ પંજાબી ઘઉં પર, બંગાળી તથા મદ્રાસી ચોખા પર, દક્ષિણી અને કાઠિયાવાડી જાર બાજરી પર અને બીજા પ્રદેશોના રહીશો જુદાજુદા અનાજ પર સંસ્કૃતિ કેળવી શકયા છે, પરંતુ મલબારના મોપલા હજી યે લગભગ જંગલી સ્થિતિમાં જ રહ્યા છે.

વિટામિન વિષે

રાંધેલા ખોરાકમાં વિટામિન હોય છે કે નહિ તે જાણવા પહેલાં વિટામિન શું છે ને તેનો કેવી રીતે નાશ થાય છે તે જાણવું જરૂરનું છે. પણ એ તો આપણે તે વિષેના તદ્દન જુદા જ લેખથી જાણીશું. અહીં હાલ તો એટલું જ જણાવવું બસ છે કે અત્યાર સુધીમાં જે પાંચ જાતનાં વિટામિન શોધાયાં છે તેમાંથી વિટામિન C સિવાય બીજાં વિટામિનનો સામાન્ય ગરમીથી નાશ થતો નથી, તેમજ આપણા ચાલુ ખોરાકમાંથી આપણે ધારીએ તો સહેલાઇથી બધી જાતનાં વિટામિન જોઈતા પ્રમાણમાં મેળવી શકીએ છીએ.

આપણી શારીરિક રચના

રા. લવજીભાઇની છેલ્લી દલીલ એ છે કે મનુષ્યનું શરીર-બંધારણ અન્નાહારને લાયક નથી. આ બાબતમાં વિજ્ઞાનશાસ્ત્રીઓમાં ઘણા મોટા મતભેદ છે. કેટલાક તેને માંસાહાર માટે, તો કેટલાક તેને વનસ્પત્યાહાર માટે સૃજેલાં ઓળખાવે છે. આ દૃષ્ટિએ માંસાહાર એટલે એવો ખોરાક કે જેમાં પ્રોટીન (પોષક તત્ત્વ) વધારે હોય અને કુચા (**cellulose**) ઓછા હોય, અને વનસ્પત્યાહાર એટલે ઘાસ જેવો ખોરાક કે જેમાં કુચા વધારે હોય, અને પ્રોટીન ઓછું હોય. રા. લવજીભાઇ કહે છે તેમ આપણું શરીરબંધારણ આ બંનેની વચલી સ્થિતિમાં હોય, તો તો જરૂર અન્નને સ્થાન મળવું જોઇએ, કારણકે ઘઉંમાં બહુ કુચા નથી તેમ બહુ પ્રોટીન પણ નથી. વિજ્ઞાનીઓના મત પ્રમાણે સૃષ્ટિની ઉત્ક્રાન્તિ (**evolution**) એટલી હદ સુધી થઈ છે કે કેવળ દાંતના બંધારણ ઉપરથી કોઇ પ્રાણીનો ખોરાક નક્કી ન કરી શકાય. વાનરો રોટલી ખાય છે તે તો હું આગાઉ જણાવી ગયો છું, પરંતુ માંસાહારી પ્રાણી જેવા દાંતવાળાં કુતરાં ને બિલાડાં પણ રોટલી પર નભે છે તે પણ આપણે જાણીએ છીએ. તેવી જ રીતે વનસ્પત્યાહારીની જાતનાં ગાય, બકરાં વગેરે પ્રાણીઓ રોટલા અને એઠવાડ પર નભી શકે છે એટલું જ નહિ પણ અલમસ્ત બને છે તે પણ ઘણાનો જાતિ અનુભવ છે. વળી જઠર ને આંતરડાં તો સ્નાયુઓ (**muscles**) છે, ને સ્નાયુઓ તો જેવા કેળવીએ તેવા કેળવી શકાય. હું એક એવા માણસને ઓળખું છું કે જે એકી સાથે અઢી શેર ખજુર ઠળિયા સહિત ખાઈ શકે છે. આ દાખલો મુકીને, મારો હેતુ તેના શરીરને આવા ખોરાકથી લાભ છે અથવા તે તેમાંથી પોષણ મેળવે છે એમ કહેવાનો નથી, પરંતુ તેણે આંતરડાંના સ્નાયુઓને કેટલી હદ સુધી કેળવ્યા છે તે

જ બતાવવાનો છે.

ઉત્તર ધ્રુવના વતની એસ્કિમો લોકો કેવળ માંસાહાર પર રહે છે અને ઉત્તર હિંદના હિંદુઓ કેવળ વનસ્પત્યાહાર પર રહે છે, છતાં બંને પ્રજા શરીરે અત્યંત બળવાન છે. આ ઉપરથી કેટલાક વિજ્ઞાનશાસ્ત્રીઓ એવું અનુમાન કરે છે કે શરીરને જરૂરી તત્ત્વો જે ખોરાકમાં મળતાં હોય, તેવા ગમે તે જાતના ખોરાકને પાચનેન્દ્રિયો અનુકુળ બની જાય છે.

હિંદુસ્તાનની પ્રજાની અવનતિમાં અમુક અંશે બાળલગ્ન તથા અજ્ઞાન, અને મોટે અંશે પરાધીનતા કારણભૂત છે તે વિષયે ભાગ્યે જ મતભેદ હોઇ શકે; પરંતુ આપણો ખોરાક કારણભૂત છે એમ તો ન જ કહી શકાય. હું તો એટલે સુધી કહેવાની હિંમત કરૂં કે આપણા ખોરાકની સાદાઇએ જ આપણો પ્રજા તરીકે નાશ થતો અટકાવ્યો છે. આપણે ભુલવું ન જોઇએ કે હિંદુસ્તાન તેનાં સાત લાખ ગામડાનું બનેલું છે, અને ગામડાંમા હજુ ખોરાકની સાદાઈ અને પૌષ્ટિકતા જળવાઇ રહેલાં છે.

આ લખાણ રા. લવજીભાઇની દલીલોના પ્રત્યુત્તર રૂપે હોઇને શારીરિક તત્ત્વો પુરાં પાડવા માટે 'ત્યારે ખાવું શું' એ પ્રશ્નનો વિચાર હવે પછી.

ગુલાબચંદ મુળચંદ શાહ

એમ? કેમ

વરસાદ પછી હવા તાજી કેમ લાગે છે?

એનું એક કારણ તો એ છે કે ઠંડી હોવાથી હવા આપણને તાજી લાગે છે. બીજું કારણ, વરસાદથી ધોવાએલી હોઈ હવા ખરેખર ચોક્ખી બની હોય છે.

જો તમે અંધારા ઓરડામાં પડતા કોઇ પણ કિરણ સામું જોશો તો ધૂળ ને બીજા પદાર્થોનાં અસંખ્ય રજકણો હવામાં ફરતાં દેખાશે. કારખાનાવાળાં મોટાં શહેરોની હવામાં તો ગૅસનાં રજકણો પણ હોય છે જે આપણે નરી આંખે જોઇ શકતા નથી. હવામાં થઇને પસાર થતા વરસાદ વડે આ ગૅસ ને ધૂળ ધોવાઇ જાય છે એટલે હવા તાજી લાગે છે.

ઝાડ ને છોડવા વરસાદથી ભીના થએલા હોવાથી એમની સુવાસ પ્રસરાવે છે એ પણ એક કારણ છે. ઘણીખરી વાર તો વરસાદ હવામાં થએલા વિજળિક ફેરફારને લીધે પડતો હોય છે. આ ફેરફારથી હવામાં ઓઝોન નામનો વાયુ વધુ પ્રમાણમાં ઉત્પન્ન થાય છે આથી પણ હવામાં તાજપ લાગે છે.

રેડિયમ

રેડિયમ આપણી સૃષ્ટિનું એક અદ્‌ભુત અને બહુ ઉપયોગી મૂળ તત્ત્વ છે. સર નૉર્મન નામનો અંગ્રેજ ખગોળશાસ્ત્રી એકવાર સ્પેકટ્રોસ્કોપ• યંત્ર વડે સૂર્યનું વાતાવરણ નિહાળતો હતો. તેમાં એને એક નવી રંગરેખાની ઝાંખી થઇ. આ ઉપરથી તેણે કલ્પના કરી કે સૂર્યમાં એક નવું મૂળ તત્ત્વ મળી આવ્યું લાગે છે. એ તત્ત્વનું નામ તેણે 'હેલિયમ' પાડયું; કેમકે ગ્રીક ભાષામાં 'હેલિયાસ'નો અર્થ સૂર્ય થાય છે. વિજ્ઞાનની પરિભાષામાં તેણે આ તત્ત્વનું નામ D3 રાખ્યું.

ત્યાર પછી બીજા બે રસાયનશાસ્ત્રીઓએ એવી શોધ કરી કે સૂર્યનું મૂળ તત્ત્વ 'હેલિયમ' પૃથ્વી ઉપરની હવામાં પણ મોજુદ છે; અને જુના ખડકોનાં પડમાંની તથા ઉંડા ઝરાઓમાંની હવાઓમાં પ્રવાહ રૂપે તે ઉડી જાય છે. એ પછી તો એ મૂળ તત્ત્વને સ્થૂલ પદાર્થ તરીકે પણ પકડવામાં આવ્યું. પાછળથી જણાયું કે હેલિયમ તો એ મૂળ તત્ત્વનો માત્ર એક પ્રવાહ જ હતો. એ ખોળાએલું સ્થૂલ તત્ત્વ તે 'રેડિયમ.'

આ તત્ત્વ—રેડિયમમાં ગરમી તથા વિજળી ઉત્પન્ન કરવાની અખૂટ શક્તિ છે. સૂર્ય તો લગભગ એ જ તત્ત્વનો બનેલો છે. અને પૃથ્વીમાંથી તો એ અત્યંત અલ્પ પ્રમાણમાં મળી આવે છે; ને તેથી એની કિંમત પણ ખૂબ જ ભારે છે. એક ગ્રામ એટલે બેઆની ભાર રેડિયમની કિંમત સવા બે લાખ રૂપિયા જેટલી પડે છે. પૃથ્વી પર આટલાં વર્ષ અજ્ઞાત પડેલા સૂર્ય ને તારાઓના એ અદ્‌ભુત તત્ત્વ રેડિયમને શોધી કાઢી સંસાર આગળ મૂકનાર મૅડમ ક્યુરી છે એ વાત જગજાહેર છે. પરંતુ તેની પહેલાં અચાનક એક પ્રસંગ નીચે મુજબ બની ગયો.

આજથી શુમારે ત્રીસબત્રીસ વર્ષ ઉપર પ્રો. હેન્રી

• આ ચમત્કારિક યંત્ર પ્રકાશનું પૃથક્કરણ કરે છે. આ યંત્રમાંથી પસાર થતાં કિરણ જુદાજુદા રંગોમાં વિભક્ત થઇ જાય છે. જે પદાર્થના મૂળ તત્ત્વો શોધવાં હોય તેને બાળવામાં આવે છે અને તેના અગ્નિના પ્રકાશનું પૃથક્કરણ કરવામાં આવે છે. એ પદાર્થમાં જે જે મૂળ તત્ત્વો હોય તેની રંગરેખાઓ યંત્રમાંથી નીકળતી દેખાય છે. વળી એ બળતો પદાર્થ યંત્રથી ગમે તેટલો દૂર હોય તોપણ તેનાં મૂળ તત્ત્વોની ખોળ સહેલાઇથી થઈ શકે છે.

બેકરેલ નામનો ફ્રેન્ચ ભૌતિકશાસ્ત્રી ફોટોગ્રાફીના કેટલાક પ્રયોગો કરતો હતો. યૂરેનિયમ નામના એક પદાર્થમાં એવો ગુણ છે કે પ્રકાશ ભેદી ન શકે એવા કાગળોની આરપાર પણ તે પોતાનાં કિરણો મોકલી શકે છે અને છબી પાડવાની પ્લેટ ઉપર અસર કરી શકે છે. યૂરેનિયમની આ શક્તિ ઉપર પ્રયોગો કરતાં કરતાં તેને હાથે અકસ્માત એક ભુલ થઇ ગઇ. પણ એ ભુલને લીધે તો એ પ્રકાશની ગતિ ને શક્તિ સંબંધી અત્યન્ત ઉપયોગી જ્ઞાન મેળવવાનાં દ્વાર મનુષ્યજાતિને મળી ગયાં.

ફોટોગ્રાફીના સંપ્રદાય મુજબ પ્રો. બેકરેલ યૂરેનિયમને સૂર્યના પ્રકાશમાં રાખતો હતો. એક દિવસ સરતચુકથી તેમ કરવું એ ભુલી ગયો. તોપણુ અંધારામાં યે યૂરેનિયમે પોતાનાં કિરણો ફેંકી છબીની પ્લેટ ઉપર અસર પાડી અને તસ્વીર ઉઠી પણ ખરી! તરત, આ ચમત્કારિક ભેદની શોધખોળ કરવા દેશવિદેશના વિજ્ઞાનીઓ મચી પડ્યા. એમાં મૅડમ કયુરી પણ હતી.

મૅડમ કયુરીએ 'પિચ બ્લેન્ડ' નામના—જેમાંથી યૂરેનિયમ જડતું હતું તે—ખનિજ પદાર્થ પર પ્રયોગ આરંભ્યો. પૃથક્કરણ કરતાં એને માલુમ પડ્યું કે એ પદાર્થનાં કિરણો યૂરેનિયમનાં કિરણો કરતાં બેત્રણ ગણાં વધુ બળવાન હતાં. ઑસ્ટ્રિયાની સરકારે પોતાને ખર્ચે બોહીમિયા પ્રાંતમાંથી એક ટન (૫૬ મણ) જેટલું આ ખનિજ મૅડમ કયુરીની પ્રયોગશાળાએ મફત મોકલાવ્યું. સમગ્ર મનુષ્યજાતિના હિતની શોધ ખાતર પ્રજાઓ પોતાના અંગત સ્વાર્થ ભુલી જાય છે તેનું આ જ્વલંત દૃષ્ટાન્ત છે. આ ખનિજમાંથી મહા મહેનતે તેણે યૂરેનિયમ છુટું પાડ્યું. પણ તે સમજી ગઇ હતી કે તેમાં એક બીજું ગણુ ભેદભરેલું તત્ત્વ છે જે યૂરેનિયમ કરતાં પણ બળવાન છે. અંતે બધા પદાર્થો છુટા પાડ્યા પછી જે જરાક જેટલો શેષ ભાગ બાકી રહ્યો તેમાંથી એને એ નવું તત્ત્વ મળ્યું. એ તત્ત્વ અદૃશ્ય કિરણો પ્રેરતું હતું, અને એ કિરણોના પ્રવાસનો વેગ એક પળે વીસ હજાર માઇલ જેટલો હતો.

તે ઉપરાંત આ પદાર્થનાં રજકણોમાંથી એક વિચિત્ર પ્રવાહ સતત વહ્યા કરતો જણાયો અને એ પ્રવાહ વળી ત્રણ પ્રકારનાં કિરણો પ્રેરે છે એમ માલુમ પડ્યું. એ કિરણો ગમે તેટલે દૂર અંધારામાં જઇ શકતાં હતાં, તેમજ લોખંડ કે સીસાની દીવાલોમાંથી પણ સપાટાબંધ પસાર થતાં હતાં. આ તત્ત્વ તે સાક્ષાત રેડિયમ હતું.

પણ રેડિયમની, ચામડીના રોગો મટાડવા વિષેની શક્તિની શોધ તો તદ્દન વિચિત્ર રીતે થઇ; અને તે પણ પેલા પ્રો. બેકરેલની બીજી ભુલને લીધે જ. પ્રોફેસર સાહેબ, જાણે પોતે રેડિયમના સર્વજ્ઞ હોય તેમ, રેડિયમની કણીઓ ભરેલી શીશી પોતાના વેસ્ટ કોટના ગજવામાં રાખીને લંડનમાં વ્યાખ્યાનો આપતા હતા. રેડિયમનાં ભેદી કિરણો કાચ અને કપડાંની આરપાર તેમની કુખમાં પેઠાં. રેડિયમના નિયમ પ્રમાણે બરોબર ચૌદમે દિવસે તેની અદૃશ્ય શક્તિએ પ્રોફેસરના શરીર ઉપર લાલ લીસોટો પડ્યો. પછી તો એમને વેદના પણ ઘણી થઇ અને તેમાંથી એ ગંભીર વ્યાધિના ભોગ થઇ પડ્યા!

પણ આ બનાવ ઉપરથી વિજ્ઞાનીઓની બુદ્ધિ તો કામે વળગી અને અનુમાન બાંધવામાં આવ્યું કે આ વિલક્ષણ પદાર્થનાં કિરણો જો મનુષ્યના શરીર ઉપર આવડી મોટી અસર કરે છે તો એ મનુષ્યના રોગ મટાડવામાં પણ કેમ કારણભૂત ન થાય? ત્યારથી જુદાંજુદાં દર્દો ઉપર રેડિયમનો અખતરો શરૂ થયો. રેડિયમમાં એવું બળ છે કે એનાં કિરણો વચ્ચે શરીરના જે તંતુઓ આવે તે તુટીને અલોપ થઇ જાય છે. દીવામાં પતંગિયાંની પેઠે રેડિયમમાં અનેક રોગજંતુઓ નાશ પામે છે.

આજે તો હવે રેડિયમની મદદથી રોગો ટાળવાને કેટલીક સંસ્થાઓ સ્થપાઇ છે. એ રેડિયમમાંથી કિરણોના પ્રવાહો અવિરત અખંડ વહ્યા જ કરે છે અને તેને કોઇ અટકાવી શકતું નથી. બહારની ગરમી કે ઠંડી કે બીજાં કોઇ જ તત્ત્વની અસર રેડિયમ પર થતી નથી. અને છતાં બીજા પદાર્થો પર અસર કરવામાં રેડિયમ ખરેખર મહા બળવાન તત્ત્વ છે. રેડિયમનું નાનું રજકણ વરસો સુધી ગરમી અને પ્રકાશરૂપે વિજળીનો અથાક જથ્થો કાઢ્યા જ કરે છે!

રેડિયમનું અલૌકિક લક્ષણ તો એ છે કે તે અકલ્પ્ય એટલા અલ્પ સમયમાં નિરંતર પોતાનું પરિવર્તન કરતું રહે છે, જ્યારે બીજાં તત્ત્વોને બદલતાં અસંખ્ય વરસો લાગે! રેડિયમમાંથી નિઃસરતા પ્રવાહો તીવ્ર

અને અદૃશ્ય અસર કરનારા છે. તેનો વેગ દર પળે વીસ હજાર માઇલથી તે પોણા બેલાખ માઇલ સુધીનો હોય છે. એટલે એ તત્ત્વને ચોક્કસ પ્રકારના વાર્નિશ કરેલા ખાસ ધાતુના પાત્રમાં રાખવામાં આવે છે. ગુમડાં, વિકાર, પાઠાં વગેરે ચામડીનાં દર્દો ઉપર રેડિયમ રામબાણ નીવડ્યું છે.

રેડિયમ મૂળ તો સૂર્ય અને તારાઓનું તત્ત્વ છે. તે પૃથ્વીનાં પડોમાં શી રીતે મળી આવ્યું તેને વિષે એક જાણવાજોગ હકીકત છે. આપણી સૂર્યમાળાની ઉત્પત્તિ વિષે કહેવાય છે કે સૌથી પહેલાં આકાશમાં પ્રકાશ ને અગ્નિનો—નિહારિકાનો એક મોટો ગોળો ફરતો હતો. એ ગોળાના ગર્ભભાગમાં રેડિયમ તત્ત્વનો અપરંપાર જથ્થો પડ્યો હતો. એ ગોળાના ફરવાનો વેગ એટલો તો ઝડપી હતો કે તેમાંથી જુદેજુદે વખતે જુદાજુદા ગોળા છુટા પડી જઇ અનંતમાં ઉડી પડતા. પણ મુખ્ય ગોળો તેમને પોતાના આકર્ષણબળ વડે ખેંચી રાખતો. તેથી છુટા પડેલા એ નાના ગોળા તેની આસપાસ (અને પોતાને મળેલા વેગથી પોતે પણ) ચક્કર ચક્કર ફરતા જ રહ્યા. વખત જતો ગયો તેમ—કરોડો ને અબજો વર્ષો વીત્યા પછી, એ નાના ગોળા ઠરી ગયા ને સ્થૂલ બનીને ગ્રહો થયા. પેલો મોટો તેજસ્વી ગોળો મોટો હોવાથી ધીમેધીમે ઠરતો તો ગયો જ છે; પણ એનાં અગ્નિ ને પ્રકાશ હજી એટલા મોળાં પડ્યાં નથી ને તે હજી પોતાના આકર્ષણથી બધા ગ્રહોને પકડી રાખે છે. એ મોટો ગોળો તે સૂર્ય. આકાશમાં અનેક તારાઓ ચમકતા દેખાય છે તે નાના મોટા સૂર્યો જ છે અને તે બધામાં રેડિયમનું તત્ત્વ છે. પૃથ્વી જ્યારે સૂર્યથી છુટી પડી ત્યારે સૂર્યના રેડિયમ તત્ત્વનો અંશ પૃથ્વીમાં રહી ગએલો. તે અંશ આજે આપણને મળી આવે છે.

રેડિયમ આ વિશ્વનો ચમત્કાર છે. એ જીવનદાતા અને પરમાત્માનો વિભૂતિ અંશ છે. રેડિયમની શોધમાં જાણે કુદરતની કૃપા ઉતરી છે. જે કુદરત આટલી ગૂઢ, ગંભીર, અકલિત અને બીષણ છે તે કુદરત આજ જાણે માનવજાતની પરિચર્યા કરતી મધુરી માતા બની વાત્સલ્યનાં અમી વરસી રહી છે.

રેડિયમ આવો વિશ્વજ્યોતિ છે અને એ જ્યોતિમાં માનવજીવનનો પ્રાણ છે. ભવિષ્યમાં રેડિયમનો કેવો અદ્‌ભુત ઉપયોગ થશે તે કોણ કહેશે?

(ડા. કાન્તિલાલ પંડ્યાના 'વીસમીસદી'માંના લેખ પરથી)



હિંદના પ્રવાસે આવેલો જર્મન યુવક
હૅન્સ કિવલિંગ

જગતની યુવક પ્રવૃત્તિને જન્મ આપવાનો યશ જર્મની ધરાવે છે, એટલું જ નહિ પણ ત્યાં એ પ્રવૃત્તિનું સાચું રૂપ ઘડાયું છે. એ વિષે આપણે ચિત્રો અને લેખો દ્વારા જાણ્યું તો ઘણું છે, પરંતુ એ પ્રવૃત્તિની પાછળ રહેલા પ્રાણનો સ્પર્શ કરવા અસમર્થ લાગતા હતા.

હૅન્સ કિવલિંગનો મેળાપ થયો ત્યારે સ્પષ્ટ સમજાયું કે યુવક પ્રવૃત્તિને નામે આપણે અહીં જે હીલચાલ ઉપાડી છે તેમાં શોખ અને વધારે દેખાવ વધુ પડતાં છે. આપણા દેશની ગરીબી અને અશક્તિની સામે ઝુઝવાને સ્વાશ્રય, સાદાઇ અને સહકારનો જીવનક્રમ યોજવાનું આપણા યુવાનોને હજુ સ્વપ્ન પણ આવતું નથી. તેઓ હૅન્સ કિવલિંગના આ શબ્દ-પરિચયથી કંઇક નવું શીખશે એવી આશા રાખીએ.

દુનિયા ઘુમવા નીકળેલા હૅન્સ ભાઈ સાબરમતી સત્યાગ્રહાશ્રમ જોવા ત્રણ દિવસ માટે જ અહીં આવેલા. તે વખતે ત્યાં એક જર્મન બાઈ જર્મન શીખવતાં હતાં. તેમણે હૅન્સને પંદરેક દિવસ રોકાવા કહ્યું. હૅન્સને એક ઓરડી મળી. પછી તો અહીં મનગમતું વાતાવરણ લાગવાથી તે લાંબી મુદત માટે ઠેરી ગયા. રોજ જર્મન શીખવે અને હિંદી શીખે. આજે તેને હિંદી લિપિ વાંચતાં આવડી ગઈ છે અને કેટલીક વાતચિત કરી શકે છે. પોતાના ખર્ચ માટે તેને જર્મની પોતાના પિતા પર પત્ર લખવાની જરૂર નથી પડતી. તે પોતે ઠીક ફોટોગ્રાફી કરી જાણે છે તથા સીનેમાની ફિલ્મો ઉતારી જાણે છે, એટલે અહીં આવતાં જ તેને આશ્રમવાસીઓએ અખિલ ભારત ચરખા સંઘ માટે કેટલુંક ફોટોગ્રાફીનું કામ સોંપ્યું. ઉપરાંત તેણે આશ્રમજીવનની ફિલ્મ ઉતારી છે તે જર્મની મોકલી આપી છે, તે કામ બદલ પણ તેને કંઈક રકમ મળવાની. આશ્રમમાં તે માસિક પંદર—વીસ રૂપિયાના ખર્ચમાં નિભાવી લે છે. બે વખત પેટ ભરી શકાય એટલો સાદો ખોરાક મળ્યો કે પછી તેને કંઇ જરૂર રહેતી નથી. ચા, સોડા કે સિગારનું નામ નહિ. કોઇ મિત્રને ત્યાં બહુ આગ્રહ થાય તો પાણીનો એક ટંબલર પી જાય, અગર થોડાં ફળ મળે તો તે લે. કામને વખતે એક ટંક જમીને ચલાવી લે. કામ કરવામાં તો ભાઇ ચોંટ્યા તે ચોંટ્યા; કામ પુરૂં

થયે જ બીજી વાત કરવાના. કોઇ વાતની અગવડ પડે છે એવી તો ફરિયાદ જ નહિ. આશ્રમની તેની ઓરડીમાં જુઓ તો એક ચટાઇ નાખી ભોંય પર બેસી તેનાં અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્રનાં પુસ્તકો ઉથલાવતા દેખાય. પોશાકની ટાપટીપ પાછળ આંખો મીચી ખર્ચ કરનાર આપણા ભાવિ ગ્રૅજ્યુએટો, એક વર્ષ પછી મળનારી ડૉક્ટર (મહાપંડિત)ની ડિગ્રી માટે અભ્યાસ કરતા આ હૅન્સભાઇને જુએ તો તેઓ આશ્ચર્યથી છક થઇ જાય. હૅન્સ પાસે બે ખાખી ચડ્ડી ને બે ખમીસ સિવાય બીજાં લુગડાં હશે એમ લાગે જ નહિ. વારાફરતી હાથે ધોઇને પહેર્યા કરે. જાહેર ભાષણમાં કે પોતાની ઓરડીમાં એ જ તેનો પોશાક. પગમાં મોજાં સરખાં પણ નહિ; માત્ર સાદા જાડા બુટ. પોતાની ઓરડીમાં તો તેણે હિંદવાસીની પેઠે પહેરણ વગર કેડથી ઉપર ખુલ્લા બેસવાની રીત જ ગ્રહણ કરી છે: શરીર સુખમાં રહે અને લુગડાંનો ઘસારો ઓછો.

હૅન્સને સરસ શોભાયમાન અક્ષરો લખતાં આવડે છે, આકૃતિઓ ચીતરતાં અને ત્વરિત આલેખનો કરતાં પણ આવડે છે. ઉપરાંત આ દેશની છબીઓ અને ફિલ્મો ઉતારતા જાય છે અને જર્મની મોકલી આપે છે. તેણે હિંદીઓ વચ્ચે રહીને હિંદનો અભ્યાસ કરવા માંડ્યો છે. બહુ જ થોડા યૂરોપિયનો એ રીતે હિંદને જોવા યત્ન કરે છે.

હૅન્સ નવ વર્ષનો હતો ત્યારથી તેને પ્રવાસનો શોખ લાગેલો ને શાળાઓની પ્રવાસમંડળીઓમાં તે દર વખતે જોડાતો. તેનાં પિતા અને માતા બંને તેની ઇચ્છાઓને અનુકુળ થતાં આવ્યાં છે. તેઓ જર્મનીના હાઇનલૅન્ડના ક્રેફીલ્ડ ગામનાં રહીશ છે. બંને જીવે છે. પિતા અને માતા બંનેનો ધંધો શિક્ષણ આપવાનો છે. માતાએ જોકે લગ્ન પછી ઘર સંભાળવા ખાતર નોકરી મુકી દીધી છે, પણ પોતાનાં છોકરાંને તો પોતે જ ભણાવ્યાં. હૅન્સ બાર વર્ષનો થયો ત્યાં લગી માતાનું શિક્ષણ પામ્યો છે. તેને બીજી બે બહેનો પણ છે. બંને બુદ્ધિશાળી છે. એક બહેનમાં તો એ ત્રણ વર્ષની હતી ત્યારથી સંગીતનો શોખ જણાયો તેથી તેને સંગીતના અભ્યાસમાં રહેવા દીધી છે. અત્યારે તેના પ્રાંતમાં તે પ્રખ્યાત વાયોલિનિસ્ટ (સારંગીની ઉસ્તાદ) ગણાય છે.

હૅન્સે ક્રેફીલ્ડમાં રહીને જ સાતમું ધોરણ પસાર કર્યું. પછી બ્લૅક ફૉરેસ્ટમાં આવેલી ફ્રીબર્ગની યૂનિવર્સિટીમાં દાખલ થયો. બ્લૅક ફૉરેસ્ટ જર્મનીનો અતિ સુંદર પ્રદેશ છે. એ કૉલેજના અભ્યાસકાળ દરમ્યાન હૅન્સની રખડપટ્ટીઓ વધતી ચાલી. રજા પડી કે ભાઈ ગામડાંઓ, વનો, પહાડો ઘૂમવા નીકળી પડતા. કોઈ વાર યૂનિવર્સિટીમાંથી એકાદ ટર્મની રજા મેળવી યૂરોપના બીજા દેશો પણ જોઇ આવે.

જર્મનીની યુવક પ્રવૃત્તિની મુખ્ય ખુબી એ છે કે યુવકો માબાપ તરફથી ઘણી છુટ પામે છે અને પોતાની સ્વતંત્ર સંસ્થાઓ જમાવી ત્યાં અભ્યાસ, સાહાઇ, સ્વાશ્રય અને પ્રવાસ દ્વારા દેશપરિચય વગેરેના બુદ્ધિ ખીલવનારા આનંદો ભોગવી શકે છે. જર્મની આખામાં આજે ઠેરઠેર યુવકાશ્રમો, યુવકમઠો અને યુવકગૃહો બંધાયાં છે. આમાંનાં લગભગ બધાં જ શહેર બહાર કોઇ વનમાં કે કોઈ દૂરનાં ગામડાંમાં આવેલાં છે. વિદ્યાર્થીઓ અને યુવકો પોતાને સગવડ પડતાં આવાં ગૃહો જોડે સંબંધ બાંધી લે છે અને રજામાં પરીક્ષાની આગલી તૈયારીઓ માટે એવે ઠેકાણે પહોંચી જાય છે. આવી સંસ્થાઓના ખર્ચ માટે ઘણે ઠેકાણે ગામપંચની જ મદદ મળે છે; કોઇ ઠેકાણે સરકારી ગ્રાન્ટ પણ મળતી હોય છે અને કેટલીક તો વિદ્યાર્થીઓના જ બળથી નભતી હોય છે. જે વિદ્યાર્થી ત્યાં આવે છે તે પોતાનો ખર્ચ ભરી દે છે અથવા કોઇ જાતનું કામ કરીને સંસ્થાને સહાય કરી ઋણ પતાવે છે. દરેક આશ્રમમાં પચાસથી સો વિદ્યાર્થીઓ વસી શકે એવી ગોઠવણ હોય છે. તેનું આખું યે તંત્ર વિદ્યાર્થીઓ જ ચલાવે છે.

અહીં તેઓ ગામડાંનું સાદું મહેનતુ જીવન જીવે છે. ગ્રામજનો જોડે રમે છે ભમે છે, ખાયપીએ છે ને મોજગમ્મત કરે છે. અભણને ભણાવે છે ને ભણેલાને આગળ કેળવે છે. તેમને નાટકો ભજવી બતાવી અને નાચો તથા ગાયનોથી રીઝવી જ્ઞાન સાથે ગમ્મત આપે છે. યુવકપ્રવૃત્તિને અંગે તેમણે ઘણાં નિર્દોષ, પ્રેરક અને શિક્ષણદાયક નાટકો તથા નાચ ઉપજાવ્યાં છે, એટલું જ નહિ પણ જુનાં લોકગીતો, રાસાઓ અને ઇતિહાસકથાઓને સજીવન કર્યાં છે. વિલ્હેલ્મ ટેલ જેવું નાટક તો ખુબ જ લોકપ્રિય થયું છે.

આશ્રમની આસપાસ જો વધુ જમીન મળી જાય તો વિદ્યાર્થીઓ ત્યાં ખેતી પણ કરે છે અને બાગબાની શીખે છે. આશ્રમના મકાનમાં એકાદ નાની સરખી પ્રયોગશાળા હોય છે: સુતારી લુહારી કામનું નાનું કારખાનું પણ હોય છે; તે ઉપરાંત ચિત્રકામ, ફોટોગ્રાફી, સીવણ, ભરત કે નેતરકામ કરવાનાં યે સાધનો મળે છે. વરસોવરસ આવતા નવા વિદ્યાર્થીઓ આ આશ્રમમાં રહી બેત્રણ વર્ષમાં તો આવી એકાદ બાબતમાં પ્રવીણ થઈ જાય છે. વિદ્યાર્થીઓએ બનાવેલો આ બધો માલ વેચી આપનારી સંસ્થાઓ પણ મુખ્ય શહેરોમાં રાખી હોય છે. તેઓ એક પ્રદર્શન કે મેળો ગોઠવીને બધું વેચી નાખે છે. દેશના લોકો પોતાના વિદ્યાર્થીઓનો વિકાસ કરનારી આ પ્રવૃત્તિઓ ઉમંગ અને ગર્વપૂર્વક વધાવી લે છે અને તેમની તરફ આશા અને શ્રદ્ધાથી જુએ છે.

શાળા કૉલેજોમાં રજાઓ પડી કે બીજે દિવસે તો સવારમાં શહેરોની બહાર પોતપોતાના સામાન સાથે વિદ્યાર્થીઓની પલટનો નીકળી પડે. પછી પોતાના અનુભવી નેતા, ઉપનેતા વગેરેની સૂચનાઓ પ્રમાણે કુચકદમ કરતા માઇલો પર આવેલાં આશ્રમોમાં અથવા કોઈ કુદરતી નિવાસસ્થાને પહોંચી જાય. તેમાં જે આનંદ અને અનુભવ મળે છે તે કોઇ પણ સંસ્થા દ્વારા મળે જ નહિ. સ્કાઉટિંગ જોડે આ મંડળોને

લેશમાત્ર મળતાપણું નથી. સ્કાઉટિંગમાં તો દેશનાં ફંડો તથા રાજ્યની મદદ, શાળાની મદદ, માબાપની મદદ હોય છે અને સ્કાઉટિંગ જીવનની એક રમત માફક કરવાનું હોય છે; જ્યારે યુવકોની આ પ્રવૃત્તિમાં સ્વતંત્ર જીવન ઘડવાનું, સ્વાશ્રયથી રહેવાનું અને અગવડો વેઠી લેવાનું તથા પ્રવાસો દ્વારા જ્ઞાન મેળવવાનું મુખ્ય ધ્યેય હોય છે.

યુવકોની આ પ્રવૃત્તિ માત્ર છોકરાઓની જ નથી. યુવતીઓ કે ઉગતી વિદ્યાર્થિનીઓ પણ તેમાં યુવકો જેટલો જ આગળ પડતો ભાગ લેતી અને આશ્રમજીવનનો લાભ લેતી હોય છે. યુવકો તેમની મર્યાદા અને સન્માનનું સંપૂર્ણ રક્ષણ કરે છે, અને શુદ્ધ મૈત્રીનો ભાવ કેળવાય છે. યુવતીઓની સોબતમાં યુવાનો નમ્ર, સુશીલ અને ચારિત્ર્યવાન બને છે, એટલું જ નહિ પણ કન્યાઓ તરફથી વારંવાર સંગીત નાચ અને આતિથ્યના સુંદર પ્રસંગો સ્વાભાવિક રીતે ઉપસ્થિત થાય છે. આ બધું છતાં યુવાનોમાં સ્ત્રીસન્માનવૃત્તિ ઘણી પ્રબળ હોય છે અને કોઇવાર અકસ્માતે થતો મર્યાદાભંગ પણ તેઓ સહન કરી શકતા નથી. યુવતીઓ પણ પોતાની ખાનદાની અને ચારિત્ર્યરક્ષા સંપૂર્ણપણે સંભાળી શકે છે અને લોકાપવાદની કલ્પના સુદ્ધાં તેઓને આવતી નથી. આશ્રમવાસ દરમિયાન તેઓ બે અથવા વધારે સમૂહમાં જ બહાર જાય-આવે છે. કામકાજ, રમતગમતો, અભ્યાસ કે આનંદ બધી બાબતમાં તેઓ સરખા હકકો અને સરખી શક્તિઓ પ્રદર્શિત કરે છે; સરખી જ છુટ ભોગવે છે.

આપણા હૅન્સભાઇ આ પ્રવૃત્તિમાં વર્ષોથી ઘડાએલા ચોવીસ વર્ષના એક અનુભવી યુવક છે. તે દસેક નાના વિદ્યાર્થીઓને સાથે લઇને જર્મનીથી નીકળેલા. તેઓ ઈટાલી, ગ્રીસ અને તુર્કસ્તાનમાં થઇ ઇજિપ્ત પહોંચ્યા ત્યાં સંઘરેલા પૈસા ખુટી ગયા એટલે પછી એમણે નાટકો અને જલસા કરીને આગળ જવાનો ખર્ચ મેળવવા માંડ્યો. એ રીતે ફરતા ફરતા હિંદુસ્તાન આવી તેઓએ દાર્જિલિંગ, કલકત્તા, કાશી, ઉદયપુર, આબુ વગેરે જોયાં. મુંબાઈમાં પણ તેમણે નાટ્યપ્રયોગો કરી પૈસા મેળવ્યા હતા. મુંબાઇથી હૅન્સે નાના વિદ્યાર્થીઓને દેશ મોકલી દીધા અને પોતે અહીં રોકાયા.

ઇજીપ્ત આવ્યા પછી તેણે અંગ્રેજી શીખવા માંડેલું પણ અત્યારે તો તે કાવ્યમય અંગ્રેજી લખી શકે છે. એ સિવાય જે દેશમાં જાય ત્યાંની ભાષાના જરૂર પુરતા થોડા શબ્દો શીખી લે અને કામ ચલાવે. ખોરાક પણ જે મળે તેમાંથી રૂચતું ઉપાડી પેટ પુરૂં કરે. દુધ અને ફળ તો દુનિયામાં બધે મળે.

અત્યારે ભાઇ હૅન્સ અમદાવાદ, મુંબાઇ, પૂના વગેરે સ્થળોમાં યુવકપ્રવૃત્તિનાં દીપકચિત્રો બતાવી લોકોને તેનો ખ્યાલ આપી પ્રચારકાર્ય કરે છે. સીનેમાની ફિલ્મો લેવામાં અને ફોટો લેવામાં તેની હથોટી ઠીક જામી ગઇ છે, એટલે એવાં ચિત્રો જર્મનીની વર્તમાનપત્રોની સંસ્થા મારફત વેચાય છે અને તેનો ખર્ચ ચાલે છે. એક વર્ષ બાદ ડૉકટરની ડિગ્રી મળ્યા પછી પણ તે ફિલ્મના ધંધામાં જ જોડાવા ઈચ્છે છે, કારણકે તેણે ઘણા દેશોના રીતરિવાજ અને પોશાકનાં જ્ઞાન તથા અનુભવ મેળવ્યાં છે, ઇતિહાસ પણ તેના શોખનો વિષય છે, એટલે સીનેમેટોગ્રાફીમાં પોતે બહુ ઉપયોગી કાર્ય કરી શકશે એમ તે માને છે.

કૉલેજની કેળવણીમાં હજારો રૂપિયા બરબાદ કરીને માબાપને અને દેશને લાચાર હાલતમાં મુકતા આપણા દેશના અસંખ્ય વિદ્યાર્થીઓ આ એક વિદ્યાર્થી પાસેથી પણ કાંઇ નહિ શીખે ?

—ર.

આ પ ણી ઉ ગ તી પ્ર જા



થોડા વખત પહેલાં ત્રણ પારસી જુવાનોએ સાઇકલ પર દુનિયાની મુસાફરી કરી. બીજા બે વધારે સાહસિક જુવાનિયાઓએ અફઘાનિસ્તાન સુધીની અને પછી ફાવે તો આગળની મુસાફરી પગે ચાલીને કરવાની હિંમત ખેડી. આ બધાથી પ્રેરાઇને કાઠિયાવાડના થોડાક યુવાન વિદ્યાર્થીઓને પણ પગના પ્રવાસની મોજ લેવાનું મન થયું અને વાંકાનેરથી ગઈ તા. ૨૩મી એપ્રિલની સાંજે છ વાગ્યે એક ઉત્સાહી શિક્ષક શ્રી પ્રાણશંકરના સાથ તળે છ વિદ્યાર્થીઓએ પગરસ્તે આબુ પહોંચવા પ્રયાણ કર્યું. માર્ગમાં તેમને બીજા વિદ્યાર્થીઓએ પણ સાથ આપ્યો. પ્રવાસમાં તેમને સ્નેહીઓનાં આતિથ્ય, અજાણ્યા લોકોની શંકાઓ, માર્ગની અગવડો વગેરે જાતજાતના અનુભવો મળ્યા અને પગરસ્તે ધીરેધીરે ભમવાથી દેશની ભૂગોળ અને જનતાનું સાચું દર્શન તેઓ પામ્યા. આવા પ્રકારનું શિક્ષણ કોઈપણ બીજી સંસ્થા દ્વારા મળી શકે એમ નથી. પ્રવાસની તેમણે કરેલી નોંધમાંથી જાણવા જેવા થોડા ફકરા અહીં ઉતારીએ :

'થાનની નજીક એક પહેલવાન જેવો ભરવાડ મળ્યો.



તેણે થોડી વાતચિત કરી પુછ્યું, 'ઇ ઓલ્યા ગાંધી ક્યાં સે? મારે ઇને જોવાની બહુ તલબ સે. ઈ બાપડો ગાયું હારૂં બહુ હારૂં કરે સે.'. . . ચોટીલામાં તો નહાવા માટે પાણીની પુરી અગવડ . . . મુળીની નજીકમાં ભરવાડોની જાનનો ઉતારો હતો. અકેક વર્ષનાં નાનાં બાળકોના લગ્ન થતાં જોયાં. આ લોકો એકબીજાને છુપી રીતે કંકુના થાપા મારતા તે જોવાની ગમ્મત પડી. અહીં સ્વામીનારાયણનું મોટું મંદિર જોયું. દેવમંદિર એટલે મોટીમોટી મહેલાતો અને અઢળક દ્રવ્યનો દેખાવ . . . લખતર પહોંચ્યા ત્યાં દરબારનાં કુંવરીનાં લગ્ન થતાં હોવાથી ગામ શણગારવામાં આવ્યું હતું. વિધવા સ્ત્રીઓને કુવે પાણી ભરવા નીકળવાની પણ મનાઇ કરવામાં આવી હતી. રખેને અપશુકન થાય! વિધવાઓ માટે દયા, સન્માન કે સહાય તો રહ્યાં, પણ ઉલટો તેમના પ્રતિ તિરસ્કાર! . . લખતરથી નવ માઈલ દૂર કારેલા રાત્રે અગિયાર વાગ્યે પહોંચ્યા. ત્યાં ચોરો નાનો હોવાથી ધર્મશાળામાં રાત પસાર કરી. એક બાઇએ ઉત્કંઠાપૂર્વક અમને પુછ્યું, 'રામલીલા કરવા આવ્યા છો? ક્યારે કરશો?'. . . મેરાગામ પહોંચ્યા. ચોરે ઉતારો કર્યો, પણ ખાવાની વસ્તુ કાંઇ મળે નહિ. અમારૂં ૨૦ જણનું ટોળું જોઇને લોકોએ અમને સૌને છોકરાં લઇ જનારા ઓળગ આવ્યા છે એમ ધાર્યું અને સૌએ ઘરનાં બારણાં બંધ કર્યાં; પણ એક જૈન ભાઇ મળી ગયા તેમની સાથે વાતચિત થયા પછી ગામનાં ટોળાંબંધ સ્ત્રીપુરુષો અમને જોવા હિંમત કરી આવવા લાગ્યાં. અમારા સારા નસીબે દુધ વેચાતું મળી ગયું. અહીંના નાના દરબાર, જેઓ ચોરે ઉતરનાર કોઈ ભુખ્યો ન રહેવો જોઇએ એવી ભાવના રાખે છે તેમણે ખીચડી તથા ઘી મોકલાવ્યાં તે રાંધી અમે જમ્યા.

. . . અંતે બ્રહ્મચરાજી પહોંચ્યા. અહીંનું મંદિર મોટું છે ને ભવ્ય લાગે છે. કોતરણી કરી રંગથી શોભાવ્યું છે. દર અમાસે અહીં મેળો ભરાય છે. વરસમાં એક વાર એક લાખ જેટલા માણસોનો મોટો મેળો થાય છે અને આખા વરસમાં અહીં દસ લાખ રૂપિયાનું ચુરમું થાય છે એમ કહેવાય છે. . . . ખેરડીમાં જૈન ધર્મશાળા ઉપરાંત વૈશ્ણવની પણ ધર્મશાળા છે, છતાં આ બંને ધર્મશાળા પોતાના ધર્મ સિવાય બીજા કોઇને દાખલ થવા દેતી જ નથી. આવી સ્થિતિ દરેક ધર્માલયમાં થઈ ગએલી જોઇ ધર્મની ઉદારતા માટે શોક થાય છે. . . . અમારી આ આખી મુસાફરી વઢવાણવાળા શ્રી પોપટલાલ સુખલાલ શાહને આભારી હતી, અને એમના જેવા સાદા અને આદર્શપ્રેમી પુરુષનો સમાગમ અમારા પ્રવાસને સંસ્કારી અને આનંદમય બનાવવામાં અતિશય ઉપકારક થયો.

અસંતોષ!

નહિ કે આપણે પ્રગતિ કરવાને બદલે સંતોષ પકડી બેસી રહીએ; નહિ કે આપણી અણપુરી અભિલાષાઓના અમર્યાદિત આકાશમાં મહત્ત્વાકાંક્ષાને અવિશ્રાન્ત ખંતની પાંખો વડે દૂરદૂર—ઘણે દૂર ઉડવાને બદલે, છે તેમાં જ સંતોષ માનીએ; નહિ કે આપણે સંતોષનાં સાંકડાં સીમાબંધનોમાં ગોંધાઇ રહી માનવી તરીકેના આપણા વ્યક્તિત્વને વિસરી જઇએ; નહિ કે આપણી શારીરિક અને માનસિક આલમને 'સંતોષ'નું સગવડિયું નામ આપી, આપણો જીવનવિકાસ સાધતા અટકી જઇએ; નહિ કે નાનકડા વર્તુલમાં જ આપણે આપણી ઉછળતી ઉર્મિઓને અથડાવીએ; નહિ કે રત્નાકરના અગાધ જળમાં વિહાર કરવાને બદલે ખોબા જેવડા ખાબોચિયાનાં ગંદા જળમાં જ પડ્યા રહીએ; નહિ કે ઉચ્ચતમ આદર્શોને 'અશક્ય' કહીને આપણા વ્યક્તિત્વને વહી જવા દઇએ; નહિ કે સંતોષનાં શસ્ત્રથી આપણા સ્વૈરવિહારી આત્માની નિરંકુશ સ્વતંત્રતા છીનવી લઇએ; નહિ કે 'સંતોષી તે સદા સુખી' એ સૂત્રને જીવનમાં ડગલે ને પગલે માન્ય રાખી આપણી પ્રગતિનો પંથ છોડી દઇએ. . . . પણ અસંતોષી થઇએ.

અસંતોષ એટલે જ ઉન્નતિ. સંતોષ એટલે સીમા.

મનસુખલાલ મગનલાલ ઝવેરી

તનુ—(છાત્રાલયની ઓરડીમાં, રાત્રે એક વાગે ઉઠીને) અરે મનુ ઉઠ, ઉઠઃ હું ધારૂં છું કે ઓરડીમાં ઉંદર છે. મને ઉંઘ નથી આવતી.

મનુ—(પડયાં પડયાં જ) સાથે એમ પણ ધારી લે કે ઓરડીમાં બિલાડી પણ છે, એટલે ઉંઘ આવી જશે.

શરદ ઋતુની માંદગી

એ બીજું કશું જ નહિ પણ શરીરમાં મળ ભરાયાની કુદરતની ચેતવણી છે

સામાન્યરીતે શરદ ઋતુમાં દરેક જણને માંદગી પોતાનો સ્વાદ ચખાડી જાય છે. કોઇને ટાઢીઓ તાવ તો કોઇને ઉનો, કોઇને વળી મૅલેરિયા, કોઇને ઇન્ફ્લુએન્ઝા તો કોઇને ન્યુમૉનિયા થઇ આવે છે. સામાન્યરીતે આ સ્થિતિ એકાદ બે અઠવાડિયાં રહી શાંત થઇ જાય છે; પણ કોઇકને મહિનાના મહિના સુધી લંબાય છે. તેમાથી આંતરીઓ, ચોથીઓ અને હાડકચરીઓ તાવ પણ લાગુ પડે છે અને પરિણામે દરદી શરીરે દુર્બળ બની જાય છે; કેટલીક વખત તેમાંથી મરણ પણ નીપજે છે. આવા તાવ શરદ ઋતુની શરૂઆતમાં નિયમિત આવતા જણાય છે. ઘણી વખત ચોક્કસરીતે કહી શકાય કે હવે શરદ ઋતુ આવી એટલે માંદગી આવવાની, માટે ખાવાપીવામાં સાવચેતી લ્યો. પણ પુરેપુરી સાવચેતી લીધા છતાં આપણે માંદગીના ભોગ થઈ પડીએ છીએ. આનું કારણ શું હશે?

કુદરત આપણાં શરીરની ઘણી બારીકાઇથી સંભાળ લે છે. જેવી રીતે ઘરધણી પોતાનું ઘર ખુણેખોચરેથી વાળીઝાડી સાફ રાખે છે, તેવી રીતે કુદરત પણ આપણા શરીરને હરહંમેશ સાફ રાખવાનું કામ કર્યા જ કરે છે. કબાટ, ખુરસીઓ, ટેબલ અને બીજા સામાનને સાફ રાખવાને માટે આપણે ઉત્સુક હોઇએ છીએ; ઘરની ભીંતો જુની થઈ હોય તો સુધરાવી તેના ઉપર રંગરોગાન કરીએ છીએ; લીપણ ઉખડી ગયું હોય તો નવેસરથી લીપીએ છીએ; માકણ ચાંચડ ઇત્યાદિ જંતુઓને ભરાઇ રહેવાની જગ્યાઓ પુરી દઇ ઉપર તેમનો અટકાવ કરનારી વસ્તુઓ નાખીએ છીએ. આ બધું આપણે શા માટે કરીએ છીએ? આપણું ઘર સ્વચ્છ રહી ઘણા લાંબા વખત સુધી ટકી શકે એટલા માટે. તમે ઘણી વખત અનુભવ્યું હશે કે એક વખત પોતાનું ઘર સાફસુફ થયા પછી તેમાં રહેવામાં કોઇ અવર્ણનીય આનંદ અને ગર્વ થાય છે અને તેમાં કચરો ન થાય તે માટે ખાસ કાળજી રાખીએ છીએ. પણ આપણા પોતાના શરીરમાં ભરાઇ રહેલા જીવલેણ મળ (કચરા) વિષે આપણે કોઇ દિવસ વિચાર કરીએ છીએ ખરા? શરીરના આ જાતના મળ વિષે આપણે કદિ કાળજીપૂર્વક વિચાર કરતા ન હોવાથી કુદરતને પોતાને તે કામ ઉપાડી લેવું પડે છે. શરીરના કચરાને આવી રીતે બહાર કાઢવાની કુદરતની આ ક્રિયાને આપણે માંદગી કહીએ છીએ.

સામાન્યરીતે વરસના આ (શરદ ઋતુના) સમયે કુદરત આપણા શરીરમાંથી જુનાં રજકણો લઇ લઇ નવાં રજકણો પુરે છે, અને તે વખતે જમા થએલો કચરો બહાર કાઢે છે. શરીર ટકાવવા માટે આ ક્રિયા ઘણી જરૂરી છે. જોકે તે વખતે તો માંદગીને આપણે બીનજરૂરી ગણીએ છીએ; પણ કુદરત પોતાનું કામ અચુક રીતે કર્યે જાય છે. કોઇને શરદી થઇ જાય છે, કોઇને સળેખમ થઈ આવે છે, કોઇને માથું દુખે છે તો કોઇને વાંસામાં કળતર થઇ આવે છે. આ બધાં ચિહ્નો મુળ એક જ રોગનાં ફક્ત બાહ્ય ચિહ્નો હોય છે. શરીરની અંદર જ્યારે ખુબ મળ ભરાય છે ત્યારે આવું ગમે તે એક ચિહ્ન દેખાય છે અને આપણે માંદા પડીએ છીએ. પછી એ માંદગી વડે કુદરતી રીતે સઘળો મળ સાફ થાય છે. કેટલાકને આ સાફ થવાની ક્રિયા એકાદ બે દિવસમાં પતી જાય છે તો કેટલાકને અઠવાડિયા સુધી અને કેટલાકને મહિનાના મહિના પણ લંબાય છે. જ્યાં સુધી શરીરના ખુણે ખોચરે પણ આ મળ ભરાઇ રહ્યો હોય છે ત્યાં સુધી કુદરત પોતાનું કામ સતત રીતે કર્યે જ જાય છે.

કુદરતનાં આ બધાં બાહ્ય ચિહ્નોમાં સળેખમ વધારે ત્રાસદાયક થઈ પડે છે. તેમાં વારંવાર ઉપરાછાપરી છીંકો આવી દરદીને હેરાન કરે છે; આંખમાંથી અને ખાસ કરીને નાકમાંથી પાણી ઝર્યા જ કરે છે; નાક અને ગળું સોજાથી ઝલાઇ જાય છે તથા દુખવા આવે છે; માથું પણ દુખે છે અને અવાજ બેસી જાય છે. માંદગીની શરૂઆતનું આ પહેલું ચિહ્ન છે. જો આવે સમયે દરદી ચેતી જઇ સાજા થવાના કુદરતી ઉપાયો—જેવા કે ઉપવાસ, ખોરાકમાં યોગ્ય ફેરફાર અને બીજા ઘરગથુ ઇલાજ—લે અને કુદરતને આ મળ દૂર કરવામાં મદદ કરે તો દરદી

લાંબી માંદગીમાંથી બચી જાય છે. પરંતુ જો તેમ ન થાય અને સળેખમ છીંકો વગેરેને બળજોરીથી રોકવાના પ્રયત્નો કરવામાં આવે તો સ્થિતિ વધારે કફોડી બને છે. સળેખમ, છીંકો વગેરે ફેફસાં વાટે મળને બહાર કાઢે છે એટલે તેને રોકવામાં ઉલટું નુકસાન થાય છે. તેને અટકાવવાનો સાચો ઇલાજ તો એ જ છે કે તેના મુળ કારણને રોકવું.

બીજું ધ્યાનમાં રાખવા જેવું એ છે કે જ્યારે આપણે માંદા પડીએ ત્યારે માંદગીથી ડરવું જોઇએ નહિ. માંદગી વખતે પણ ખુશમિજાજ રહેવાનો પ્રયત્ન કરવો જોઇએ. એક રીતે તો માંદગી એ બીજું કશું નહિ પણ ફરી સાજા થવાનો એક કુદરતી ઇલાજ જ છે. દરદી માંદગીના સમયે ભયભીત બનવાથી ઉલટો પોતાની સ્થિતિને વધારે કફોડી બનાવી દે છે; કારણકે ભયથી રોગમાં વધારો થાય છે. એવે વખતે દરદીએ વિચાર કરવો જોઇએ કે કયા કારણ કે કારણોને લઇને પોતે માંદો પડ્યો છે. તે કારણો જાણ્યા પછી તેને દૂર કરવા માટે તેણે ઉપાયો લેવા જોઇએ. માંદગીનું સામાન્ય કારણ હોજરી અને આંતરડાંમાં ભરાઈ રહેલો મળ—એટલે પરિણામે કબજિયાત હોય છે. વધારેપડતો ખોરાક અથવા અપથ્ય ખોરાક આમાં મુખ્ય ભાગ ભજવે છે. આખા દિવસ દરમિયાન પુરતું પાણી ન પીવાથી અને પુરતી કસરત ન મળવાથી કબજિયાત વધે છે. સારી રીતે સ્નાન વગેરે નહિ લેવાથી પણ ચામડીનાં છિદ્રો દ્વારા પરસેવો બહાર નીકળી શકતો નથી. અને શરીરના મળને બહાર કાઢવાનું એક મુખ્ય સાધન પરસેવો પણ છે. ટાઢીઆ વગેરે તાવ આવવાનું કારણ ભલે આપણે બીજું ગણીએ, પણ ખરૂં કારણ આ મળ હોય છે.


આ બધું અટકાવવા માટે આપણે પહેલેથી જ જોઇતો ફેરફાર કરવો જોઇએ. સળેખમ શરૂ થાય કે તરત જ એકાદ બે અથવા વધારે ઉપવાસ ખેંચી કાઢવા જોઇએ. ખોરાક ઓછો કરી તેમાં યોગ્ય ફેરફાર કરવો. બને તેટલો હલકો ખોરાક લેવો. ઠંડા અગર ગરમ પાણીમાં નારંગી કે લીંબુનો રસ લેવો. પાણી સાથે થોડુંથોડું મીઠું લેવાય તોપણ ઠીક ફાયદો થાય. ઉપવાસની શરૂઆતમાં કબજિયાત ઘટી જાય એવો ભાજીવાળો ખોરાક લેવો. નુકસાન ન કરે એવો એકાદ સાદો હલકો જુલાબ પણ શરૂઆતમાં લઈ શકાય. ઉપવાસ પછી જો બની શકે તો કેવળ દુધનો ખોરાક શરૂ કરવો. એનાથી શરીરની બધી અપૂર્ણતાઓ પુરાઇ જઇ શરીર તદ્દન નવું બને છે. દુધ કરતાં યે કેટલીક વખત ફક્ત તાજા દહીંની છાશ ઉપર રહેવાનું વધારે સુગમ અને પથ્ય થઇ પડે છે. દુધ કેટલું લેવું એ દરેક પોતાની જરૂરિયાત ઉપરથી નક્કી કરી શકે; પણ સામાન્ય રીતે ૮થી ૧૦ શેર સુધી હમેશ સહેલાઇથી લઇ શકાય છે. આ પ્રમાણે પાંચ છ અઠવાડિયાની દુધવટી પછી બહુ સાદો ખોરાક શરૂ કરવો. કઠોળ, મંડ (**Starch**) અને વધારેપડતું ગળપણ લેવું નહિ. જેને ચાળીને થુલું ન કાઢી નાખ્યું હોય તેવા લોટની રોટલી, રોટલા, દુધ, દહીં, ઘી, શાકભાજી અને આમ્લરસ વાળાં ફળ—જેવાંકે લીંબુ નારંગી વગેરેનો ઉપયોગ મુખ્યત્વે કરવો. ભાતને ઓસાવ્યા સિવાય અને બટાટાને બાફ્યા સિવાય પુરતા પાણીમાં ચડાવીને ખાવાના ઉપયોગમાં લેવા. વળી ગાજર, કાકડી, ટમેટાં, મુળા, મોગરી વગેરે કાચા ખાઇ શકાય તેવા પદાર્થો કાચા અથવા કચુંબર કરીને ખાવા. શરીરને ટમેટાંનો રસ ઘણો જ ફાયદો કરે છે. આવી રીતે ખોરાક લેવાથી કબજિયાત ઘટી જઇ શરીરમાં ઝેરી મળ એકઠા થતા નથી. હમેશ એ વખત જ ખોરાક લેવાની ટેવ હિતકારક છે, કારણકે તેથી હોજરી અને આતરડાંને કંઇક આરામ મળી શકે છે. દર વર્ષે ૨૫–૩૦ ઉપવાસ કરવાની ટેવ પણ પાડવી જોઇએ. આ ઉપરાંત ખાસ કરીને ખુબ ચાલવાની કસરત ઉપર ધ્યાન આપવું જોઇએ.

આ પ્રમાણે કુદરતી ઉપાયોનું સેવન કરવાથી શરીરમાં મળ એકઠો થતો અટકાવી શકાય છે અને પરિણામે કોઇ રોગ ભાગ્યે જ થાય છે. નાના રોગોની કાળજી રાખવાથી મોટા રોગ એની મેળે દૂર નાસતા ફરે છે. સળેખમ, શરદી, કબજિયાત એ જોકે નાના રોગો છે, પરંતુ બધા મોટા રોગનાં મુળ એમાં જ રહેલાં છે. પોતાનું શરીર આરોગ્યમય રાખવા ઇચ્છનાર દરેકે વેળાસર ચેતી જઇ તેની પહેલી કાળજી કરવી જોઇએ. અને આટલું હમેશાં યાદ રાખવું કે કુદરત સિવાય તેમાં બીજું કોઇપણ વધારે મદદગાર નથી થવાનું.

(અંગ્રેજી ઉપરથી) **ચુનીલાલ ધ. પટેલ**

નવાં પુસ્તકો

બાળવાર્તાવલિ (બીજી આવૃત્તિ) : સંપાદક સૌ. હંસા મહેતા, સોલ એજન્ટ સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઇ, કીમત એક રુપિયો. દોઢ વરસમાં જેની બે હજાર નકલ ખપી જઈ બીજી આવૃત્તિ કાઢવાનો વખત આવ્યો તે અતિ લોકપ્રિય-ખરી રીતે બાલપ્રિય-થઈ પડેલી, ચિત્રો અને રસથી ભરેલી આ ચોપડી હવે એક રૂપિયાની ઘટાડેલી કીમતે મળે છે, એટલે જેણે નહિ વસાવી હોય તે જરૂર વસાવશે. ચિત્રો ને વાર્તાની ઓળખાણ માટે નીચેનો નમુનો બસ થશે:



ત્યારે દીકરી કહે કે 'એમ કરો; આ તુંબડામાં બેસીને જાઓ, એટલે કોઇને ખબર નહિ પડે.' ડોશી તો તુંબડામાં બેઠાં ને તુંબડું ગબડવા માંડ્યું.

જે ઘરમાં વાંચી શકે તેવું બાળક હોય તે ઘરમાં આ ચોપડી હોવી જ જોઇએ.

બાલસાહિત્યમાળા નામની ચાળીસ ચાળીસ પાનાંની રમકડાં જેવી પુસ્તિકાઓ **શ્રી** દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર તરફથી પ્રગટ થવાના ખબર ઘણા વખતથી જાહેર થયા હતા. આપણા પ્રાંતમાં બાલમાનસના અભ્યાસી ને પરખંદા મનાતા ગિજુભાઇ અને તારા બહેનના સંપાદનથી આજ સુધી પ્રગટ થએલાં આ માળાના બાર પુસ્તકો બાળકોને બહુ ભાવે એવા છે. પુસ્તકો છ-છના સેટમાં બહાર પડે છે, ને છુટક કીમત દરેક નંગની દોઢ આનો પડે છે. પણ આઠ આના આપીને માળાના ગ્રાહક તરીકે નામ નોંધાવનારને સાત રૂપિયામાં આ આખી પુરી માળાનાં ૭૮ પુસ્તકો મળી જાય એવી ગોઠવણ કરી છે તે લાભ લેવા જેવી છે.

કેરીનાં ભજીયાં અને **મોતીના દાણા** અને **એક હતો કુતરો**:—એ વળી શું ? એ ત્રણે, નવનવી જાતનાં નામ પાડનાર સુરતના ગાંડીવ સાહિત્ય મંદિરનાં બાળકો માટેનાં પુસ્તકો છે. પહેલામાં ગમુ નામની ઉંદરડીની વરસગાંઠને દહાડે કેરીનાં ભજીયાં ખાવાની વાતો છે. ખીસકોલી મનુરાણ, બગરાભાઇ ચેવારી ને કાબીઆ કબુતરની તેમાં અચ્છી પિછાન છે. અંદર બાર ચિત્રો છે ને દેખાવ આકર્ષક કર્યો છે. મોતીના દાણા એ છ ચિત્રોવાળી નાનીનાની નવ વાર્તાઓની સરસ ચોપડી છે. ત્રીજી ચોપડીમાં દેશવિદેશના કુતરાઓની ચાલાકી, વફાદારી ને બહાદુરીની સોળ ટચુકડી વાર્તાઓ છે. ત્રણે પુસ્તકો બાળકોને ગમે એવાં છે. પહેલાની કીમત ત્રણ આના, બીજાની પાંચ આના ને ત્રીજાની ચાર આના.

અંગુઠિયાભાઇ: લેખક, ચન્દ્રશંકર મ. ભટ્ટ; પ્રકાશક, ચરોતર એજ્યુકેશન સોસાએટી આણંદ; કી. ૦-૧-૦ ટૉમ થમ્બ નામની બાલરોચક નાનકડી અંગ્રેજી કથાનું આ ગુજરાતી ભાષાંતર પણ બાળકોને રસ પમાડે એવું છે.

પ્રયોગમાલાના ચાર મણકા : (૧) યુનાઇટેડ સ્ટેટ્સ: એક દષ્ટિપાત: (૨) અંબાલાલભાઇ: (૩) પરિષદ-પ્રવૃત્તિ; (૪) લિરિક. લેખક-પ્રકાશક, બલવન્તરાય કલ્યાણરાય ઠાકોર, મદન ઝાંપે વડોદરા; કીમત અનુક્રમે ૦-૧૨-૦, ૧-૦-૦, ૦-૧૨-૦ ૧-૮-૦. પોતાના નિબંધો, વ્યાખ્યાનો, ચર્ચાઓ, ભાષણો, અવલોકનો વગેરે નાનીમોટી કૃતિઓનું છુટુંછુટું પ્રકાશનકાર્ય કર્તાએ એક માળા રૂપે જે આરંભ્યું છે તેના શરૂના આ ચાર મણકા એમની વિવિધવિષયી લેખનપ્રવૃત્તિના જાણે એકેક પ્રતિનિધિ રૂપ છે. પહેલો મણકો એમાંણે ૨૫-૨૬ વર્ષની વયે પ્રેસિડંટ લિંકનના ચરિત્રના ઉપોદ્ઘાત રૂપે લખેલો એમાં, અત્યારે જગતમાં સર્વોપરિ ગણાતા દેશ યુનાઇટેડ-સ્ટેટ્સની ત્રણ સૈકાની સળંગ ઇતિહાસરેખા આલેખી છે; બીજે મણકો, આપણા ગુજરાતની એક શક્તિશાળી વિભૂતિ શ્રી અંબાલાલ સાકરલાલ દેસાઇના વ્યક્તિત્વની પ્રભાનું—એમની ચારિત્ર્યરેખાનું મૂર્ત નિરૂપણ છે; ત્રીજામાં લેખકની પરિષદ્પ્રવૃત્તિ વિષેનો પોતાનો પક્ષ રજુ કરતાં ચર્ચાપત્રોનો સંગ્રહ છે; અને ચોથામાં કાવ્યના એક પ્રકાર 'લિરિક'—એટલે ઊર્મિકાવ્ય—ને વિસ્તારથી સમજાવતો, વિદ્વત્તાભર્યો લાંબો નિબંધ છે. લેખક પ્રસ્તાવનામાં જણાવે છે તેમ અંગ્રેજી ગુજરાતી કાવ્યોનો અલ્પકચરો પરિચય પામેલા ને કાવ્યશાસ્ત્ર વિષે કાચીકોરી સમજણ ધરાવતા આજના આપણા સુશિક્ષિતોને ખરૂં માર્ગદર્શન કરવાનો આ નિબંધનો આશય છે. એ વિષયમાં રસ ધરાવનારાઓને એ પુસ્તક, તથા ગુજરાતના પ્રત્યેક ઉગતા નાગરિકને અંબાલાલભાઇની ચરિત્ર-રેખા વાંચવાની અમારી ભલામણ છે.

સુરભિ: સુરતના ગુજરાતી સાહિત્ય મંડળ તરફથી પ્રગટ થએલું વાર્ષિક (૧૯૮૩-૮૪નું). તંત્રી: પ્રો. મોહનલાલ પાર્વતી-શંકર દવે. સાહિત્યપ્રેમી મંડળો તરફથી ચુંટેલા લેખોનો વાર્ષિક અંક પ્રગટ કરવાની પ્રથા 'વીણા' પછી આગળ ચાલી છે એમ

આ અંક બતાવે છે. 'કુમાર' જેવડા કદનાં ૧૫૦ પાનાંના આ અંકમાં ગુજરાતના અગ્ર લેખાતા કવિ-સાક્ષરોના લેખો સંઘરવા મંડળ ભાગ્યશાળી થયું છે. એ બધાની કલમ અને વિચારનો પરિચય મેળવવા અવકાશ મળ્યે વાંચવા જેવો અંક છે.

શુભસંચય ભાગ ત્રીજો: 'કુમાર'માં આવતી માધુકરીની ઢબે જ્ઞાન, વિજ્ઞાન અને માહીતીઓ ભરેલા ટુંકા ને ઉપયોગી ૨૦૦ લેખોનો સંગ્રહ 'કુમાર' જેવડાં ૪૦૦ પાનાંમાં પાકા પુઠામાં બાંધીને દોઢ રૂપિયે આ પુસ્તકમાં અમદાવાદના સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયે આપ્યો છે. ધર્મ, વિજ્ઞાન, જીવનચરિત્રો, પ્રેરક લેખો, તથા સામાન્ય જ્ઞાન અને વૈદકીય નુસખા વગેરેનો આ સંગ્રહ ખરેખર 'ઉપયોગી' છે.

હિંદુધર્મની આખ્યાયિકાઓ: શ્રી દક્ષિણામૂર્તિના નાનાભાઇ (નૃસિંહપ્રસાદ ભટ્ટ) જેવા આર્ય સંસ્કૃતિના પ્રેમી અને ધાર્મિક સંસ્કારોથી તરબોળ નવા યુગના શિક્ષણાચાર્ય મહાભારતનાં કથારત્નો તારવીને ગુજરાતની ઉગતી પ્રજા આગળ મુકે એ પુસ્તક વિષે વધુ લખવું બીનજરૂરી છે. નવા યુગના આદર્શોમાં આપણી સનાતન સંસ્કૃતિની પીમળ પુરનારૂં આ પુસ્તક 'ચારિત્ર્યસંગઠન, ધર્મજ્ઞાન અને સામાજિક સદ્‌ગુણોની કેળવણી' માટે પાઠ્ય પુસ્તક થવું જોઇએ.

જાતક કથાઓ: ભગવાન બુદ્ધના પૂર્વ જન્મની વાતો. શ્રી દ. મૂ. ભવનના આચાર્ય હરભાઇએ લખેલા આ પુસ્તકનો પ્રસ્તાવ કરતાં નાનાભાઈ કહે છે તેમ એક કાળે 'આખી દુનિયાને પોતાનો કેફ પાઇ ગાંડી બનાવનાર ને આખા સમાજનું જીવનસુખ ફેરવી નાખવાની ઇશ્વરી તાકાત ધરાવનાર ભગવાન બુદ્ધમાં એ તાકાત ક્યાંથી આવી એ સમજાવનારી' આ કથાઓનું દુનિયાના સાહિત્યમાં ચોક્કસ સ્થાન છે. ભગવાન બુદ્ધ પોતે બુદ્ધ થયા પહેલાં કેવાકેવા પ્રસંગોમાંથી પસાર થયા તેની તેમના અનેક જન્મજન્માંતરની આ કથાઓ જુવાન વિદ્યાર્થીઓ માટે લખાએલી છે નાનાભાઇ કહે છે કે 'જીવનના આવા Romanceથી જે સળગી ઉઠે તે જુવાન જ છે.

ઉપલાં બંને પુસ્તકો ભાવનગર દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિરમાંથી આઠઆઠ આને મેળવી લેવા જેવાં છે.

હરિલાલ દેસાઈનાં સંસ્મરણો: 'કુમાર'ના ૪૭મા અંકમાં, જે શ્રી હરિલાલ માણેકલાલ દેસાઇની અવસાનનોંધ પ્રકટ થઈ હતી તે ઉંચી ભાવનાવાળા ને શાન્ત સેવક વિષે જુદીજુદી વ્યક્તિઓ ને સામયિકો તરફથી લખાએલાં શુમારે પચાસેક સ્મરણલેખોનો આ મોટો સંગ્રહ સ્વર્ગસ્થ વિષે વધુ નિકટની પિછાન કરાવે છે. ઉંચા કાગળ, સ્વચ્છ છપાઇ, ૩૦૦ પાનાં. પ્રકાશકો, કલ્યાણરાય નથુભાઈ જોષી, શંકરલાલ માણેકલાલ દેસાઇ; મળવાનું સ્થળ પુસ્તકાલય સ. સ. મંડળ લિ. વડોદરા; કી. ૧-૪-૦; પાકું પુઠું રૂા. ૧-૯-૦.

કરિયાવર: લેખક, નેમચંદ ગિરધરલાલ કાપડિયા; પ્રકાશક જૈનધર્મ પ્રસારક સભા ભાવનગર; ૦-૮-૦. દીકરીને આણું વળાવતી વેળા અપાતા દાયજાના બદલામાં ડાહી માતાએ શાણી દીકરીને આપેલાં બોધવચનો રૂપે આ સંગ્રહ સાદી અને સમજાય તેવી ભાષામાં અસરકારક રીતે રચાયો છે. અને ખરેખર શીલવતી હિંદુ કન્યાને માટે એ જ ખરો કરિયાવર છે. પ્રત્યેક કન્યાને આ ઉપયોગી પુસ્તકના વાંચન માટે અમારી ભલામણ છે.

કેમ કથાઓ: લેખક-પ્રકાશક: હિંમતલાલ ચુ. શાહ, શાહપુર ચકલા, અમદાવાદ ૦-૬-૦. આ વિચિત્ર નામ ધરાવતા પુસ્તકમાં જુદાંજુદાં ફુલોનાં નામ કેમ પડ્યાં તેની કલ્પના ગુંથતી બાળ માનસને રૂચે એવી આઠ વાર્તાઓ છે. આવી સરસ વાર્તાઓ માટે તો સુંદર છપાઈ અને આકર્ષક શોભનની જરૂર છે. માબાપો અને શિક્ષકો તથા મોટેરાં બાળકો આ પુસ્તકથી નાનેરાંઓનું ખુબ રંજન કરી શકશે. આ 'કેમ કથાઓ' કેમ પ્રાપ્ત થઈ તે પણ જણાવ્યું હોત તો ઠીક થાત

ગુજરાતી દુહા સંગ્રહ: સંગ્રાહક શાહ મોતીલાલ નરોત્તમ કાપડિયા, પ્રકાશક ઉપર મુજબ; ૦-૩-૦.

ગીતા-સુભાષિતમ્: ગીતાના ઉત્તમ શ્લોકોની ચુંટણી, તે પર સટીક અંગ્રેજી ગુજરાતી વિવરણ સાથે: મુળ લેખક મોરો નાનજી પાટીલ, અનુવાદક નંદમુખરામ હરિરત્નરામ મહેતા, ગો. તે. હાઇસ્કુલ મુંબાઈ; કિંમત રૂા. ૧.

સાદી શીખામણ: પુસ્તક ૧ તથા ૨; ટુંકાં ઉદાહરણો સાથે બોધવચનોનો સંગ્રહ: કરનાર અને પ્રકાશક મગનલાલ શંકરભાઇ પટેલ, પાટણ. કિંમત અનુક્રમે રૂા. ૧ તથા ૨.

નિરંજની ગીતા: ગુરુ-શિષ્યસંવાદ રૂપે કર્મ, ભક્તિ અને જ્ઞાનની સત્ય સમજણ; લેખક પ્રકાશક, ચુનીલાલ ત્રિભુવનદાસ ભાયાણી, નવી હનુમાનગલી મુંબાઈ-૨; કિંમત રૂા. ૧.

સન્નારીઓને બે બોલ: લેખક, આનંદશંકર બાપુભાઇ ધ્રુવ; પ્રકાશક, ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળ, મુંબાઈ.

ધર્મનાં દસ લક્ષણ: લેખક, રણછોડદાસ માધવલાલ પટેલ; પ્રકાશક, નાર ૃશિક્ષક સમાજ; અમૂલ્ય.

વૈષ્ણવ બાલશિક્ષા ભાગ ૫: લેખક-પ્રકાશક, દીનકિંકર, શ્રી ભક્તિમાર્ગીય સસ્તી ગ્રંથમાળા કાર્યાલય, દેસાઇ વગો, નડિયાદ; કિંમત ૦-૯-૦.

સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ પાલીતાણાનો રીપોર્ટ.

ધી મહુઆ ખોજા શિયા ઇશનાઅસરી યુવકમંડળનો ૧૯૨૮નો રીપોર્ટ,

ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળ-મુંબાઇનો રીપોર્ટ.

યુવક મંડળ-સીસોદરાનો વાર્ષિક રીપોર્ટ.

મ. સો. ચાતિલક્ષ્મી ફ્રી લાયબ્રેરી (અમદાવાદ)નો સંવત ૧૯૮૩-૮૪નો અહેવાલ.

હીરાજીરાવ ના. માને સાર્વજનિક પુસ્તકાલય (વાઘોડિયા)નો ઇ. સ. ૧૯૨૭-૨૮નો અહેવાલ.



❀ બા ળ વિ ભા ગ ❀

વાંકું લોઢું ને જીવાદોરી

એક હતો કડિયો. તેને એક દીકરો. દીકરો પરણવા જેવડો થયો એટલે બાપને ફિકર થઇ કે આને માટે કોઇક ચતુર ને સુશીલ વહુ લાવવી જોઇએ. એણે દીકરાને શીખવ્યું કે પરણ્યા પછી તું વહુ પાસે અરધી રાત્રે દુધપાક માગજે. દીકરો કહે ઠીક. બાપે તો એક સારી કન્યા શોધી લગન લીધાં ને વાજતેગાજતે વિવાહ પુરા કર્યા. વહુવર પરણીને ઘેર આવ્યાં. અરધી રાત થઇ એટલે કડિયાનો છોકરો પોતાની વહુને કહે કે મને ભુખ બહુ જ લાગી છે; દુધપાક કરી દે. વહુ કહે, 'અત્યારે અરધી રાતે અહીં દુધપાક ક્યાંથી કાઢું? ચુલો નથી, બળતણ નથી, દુધ નથી, વાસણ નથી. હું કેમ કરીને દુધપાક કરી દઉં? અત્યારે તો સુઇ જાઓ; સવારે કરી દઇશ.'

સવાર પડ્યું. દીકરાએ બાપને વાત કરી કે આણે કાંઇ દુધપાક ન કરી દીધો. બાપ કહે, 'ત્યારે આપણે એ વહુનું કામ નથી.' એણે તો વહુને વિદાય કરી દીકરાને બીજી સ્ત્રી પરણાવી. સંકેત મુજબ દીકરાએ પરણીને ઘેર આવીને અરધી રાત્રે એની પાસે પણ દુધપાક માગ્યો. આ વહુએ તો વળી છણકું પરખાવી દીધું કે 'અરધી રાત્રે વળી દુધપાક બુધપાક કેવા?' એને પણ પિયર વળાવી કડિયાએ છોકરાને ત્રીજી પરણાવી. અરધી રાત થઇ એટલે છોકરાએ દુધપાક માગ્યો. વહુ કહે, 'થોડી વાર રહો, હમણાં કરી આપું.' એમ કહીને એ તો મેડીએથી ઉતરી નીચે આવી અને ગમાણમાં ભેંશ બાંધેલી હતી તેને દોહી. પછી ત્રણ ઇંટો માંડી ચુલો કર્યો. પણ બળતણ ક્યાંથી કાઢવું? પોતે કીમતી અંબરનો સાળુ પહેર્યો હતો એ કાઢીને જુનો સાડલો પહેર્યો અને અંબર બાળી દુધપાક કરી દીધો. સવારે દીકરાએ બાપને કહ્યું કે આજ દુધપાક ખાવા મળ્યો. કડિયો કહે હાશ, હવે મારી ચિંતા ટળી. પછી વહુને બોલાવીને કહ્યું, 'વહુ, દીકરા, આ ઘર તમારું, આ બાર તમારું; તમારે મરજી પડે તેમ કરો.'

કડિયાએ વિચાર કર્યો કે જેવી ડાહી વહુ જોઇતી હતી તેવી મળી છે, એટલે હવે પરદેશ જવામાં વાંધો નહિ આવે. કડિયો તો હતો મોટો કારીગર. એટલે દેશ પરદેશથી એને તેડાં આવે. થોડા દહાડામાં એક રાજાનું તેડું આવ્યું. બાપદીકરો તો ઉપડ્યા એ રાજાના દેશમાં. ત્યાં શંકરનું એક મોટું મંદિર ચણવાનું હતું. બાપદીકરાએ મળી કામ કરવા માંડ્યું. વરસે દહાડે મંદિર પુરું થયું. કામ એવું તો સરસ કર્યું કે રાજાને ભારે રકમ આપ્યા વિના છુટકો થાય જ નહિ.

પણ રાજાની દાનત બગડી. એના મનમાં થયું કે આ બાપદીકરાને મારી નાખીએ તો આવડી મોટી રકમ આપવી બચે. પણ કડિયો ભારે ચકોર હતો. એને રાજાની દાનતની ખબર પડી ગઇ અને બચવાનો ઉપાય શોધવા માંડ્યો. મંદિર પુરું થઈ ગયું હતું; ફક્ત

એના શિખર ઉપર ઇંડું ચડાવવું બાકી હતું. કડિયાએ રાજાને કહ્યું કે એને માટે જે ઓજાર જોઇએ તે અમે અમારે ગામ ભુલી ગયા છીએ. એ અમે જઇને લઇ આવીએ. રાજા કહે કે એમાં તમારે શા માટે જવું જોઇએ. આપણા કાસદને મોકલીશું. કડિયો કહે કે એ જેવાતેવાથી લવાય એમ નથી. કાં તો અમે જાતે જઇએ ને કાં તો તમારા બે દીકરાને લેવા મોકલો તો આવે. અંતે રાજા તથા પ્રધાનના દીકરાને જવાનું ઠર્યું. કડિયાએ દીકરાની વહુ ઉપર ચિઠ્ઠી લખી દીધી કે 'વાંકુ લોઢું ને જીવાદોરી મોકલજો.' રાજાનો કુંવર તથા પ્રધાનનો દીકરો તો ઉપડ્યા ને કડિયાને ગામ આવ્યા. કડિયાને ઘેર જઇ ચિઠ્ઠી આપી. વહુ ચિઠ્ઠી વાંચતાં જ એનો મર્મ સમજી ગઈ. વાંકુ લોઢું એટલે ત્યાં કંઇક વાંકુ થયું છે—કંઇક સપડાયા છે; અને જીવાદોરી એટલે તમે યુક્તિ કરશો તો જ જીવતા રહેશું.

એણે તો તરત રાજા ને પ્રધાનના દીકરા માટે એક મોટી હવેલી ખાલી કરી દીધી ને એમાં ઉતારો આપ્યો. એમને કાંઈ જાતની અડચણ ન પડે એવી ગોઠવણ કરી. પછી હવેલીને ફરતો સખત ચોકીપહેરો મુકીને કહ્યું કે ખબરદાર, આ બંને જણની બરોબર ચોકી રાખજો; જોજો છટકે નહિ.

ચોકીપહેરા તો બેસી ગયા. પછી વહુએ છોકરાઓને કહ્યું કે તમે તો હવે મારા ઘરમાં કેદ છો. જ્યારે મારો સસરો ને ધણી આવશે ત્યારે જ તમે છુટી શકશો; માટે એમને કાગળ લખી ઝટ તેડાવો.

કુંવરે રાજા ઉપર ચિઠ્ઠી મોકલી કે કડિયાને તથા એના દીકરાને મોકલશો તો જ અમે અહીંથી છુટી શકીશું. રાજા સમજી ગયો અને પસ્તાયો. આખરે એણે કડિયાને સમજાવીને ઇંડું ચડાવવા કહ્યું. કડિયાએ ઇંડું ચડાવ્યું. રાજાને એમનું મહેનતાણું આપવું પડ્યું. બાપદીકરો ઘેર આવ્યા અને રાજાના કુંવર તથા પ્રધાનના દીકરાને છોડી માનથી રવાના કર્યા.

મોગરાની માળ

(નૃત્યગીત)

મોગરાની માળ, મારી મોગરાની માળ;
નાની રસાળ, મારી મોગરાની માળ.
બ્હેને વીણેલ કળી
બાએ ગુંથેલ વળી
કંઠે લટકંત મારી મોગરાની માળ.
આમ ફરે તેમ ફરે
ચકર ચકર કુદડી લે
તુટી તુટી શું મારી મોગરાની માળ:
દેવતણે ચરણ મારી મોગરાની માળ.

દેશળજી પરમાર

હું પંખી હોત!

હું પંખી હોત તો કેવી મજા! મારા ઘરના ખુણામાં બેસી હું મોટાભાઇના ગંજીપાનો બંગલો કરતો હોઉં ને હજી તો બે માળ માંડ બાંધ્યા હોય ત્યાં મારી બા સાદ પાડે કે જનુભાઈ, ચાલો જમી લો; નિશાળનો વખત થઈ ગયો. બંગલો જાણે પોતાનો મોટો દેવ હોય એમ એની આસપાસ મારી નાની બ્હેન નાચતી કુદતી ને 'ઓ ઇશ્વર તું એક છે' ગાતી હોય ત્યાં મારે બંગલો પાડી દઇ, બધાં પાનાં એકઠાં કરી લઈ પેટીમાં ભરી દેવાં પડે. બ્હેન બીચારી રડવા જેવી થઇ જાય, પણ બા તો જરા યે વિચાર કર્યા વગર બુમો જ પાડતી હોય કે આ અગિયારના ડંકા થયા, કાંઇ ખબર પડે છે?

ત્યારે તો મને બાપુજી ઉપર પણ રીસ ચડી જાય છે. શું કામ એ એવડી મોટી ઘડિયાળ લાવ્યા હશે? ને ઘડિયાળ પણ કેવી! મોટાભાઇની નાનકડી ઘડિયાળની જેમ ચુપ રહેતી હોત તો બા રસોઇ કરતાં-કરતાં કાંઈ જોવા ઉભી થાત? પણ આમાં તો ટન ટન ટન ટકોરા જ વાગે!

પછી હું જમવા બેસું એટલે ફળિયામાંથી ચકલીઓ ઉડીઉડીને ચકચક કરતી મારી પાસે આવે. હું એમને ભાતના થોડા દાણા નાખું તે રાજી થતીથતી ને માથું ડોલાવતી એ ચણી જાય. ત્યાં તો સામેના માળના કરા પર બેસી કાગડો કા... કા... કરવા માંડે. ચીં... ચીં... ચીં... ચીં... કરતી કાબરો પણ આવે. સામે લીમડા ઉપર ખિસકોલીઓ તો એવી દોડાદોડી કરતી હોય ને ખિલખિલ હસી પડતી હોય! ને કયારેક તો છાપરા પર બેસી એકાદ હોલાભાઇ પણ લહેરથી લલકારતા હોય!

એ કોઇને નિશાળની ઉપાધિ નહિ. અગિયાર તો શું પણ પંદર વાગે તો યે એમને કોઇ રમતમાંથી ઉઠાડે નહિ. બસ ગાવાનું, રમવાનું ને જમવાનું! કેવી મજા!

હું યે એકાદ પંખી હોત!

વ્રજલાલ શાહ



મધુકરી

વીર બાળા મસાકો

'બહેન મસાકો! હમણાંહમણાં તું બહુ મોડી નિશાળે આવે છે. આજથી તારે રોજ નિયમિત હાજર રહેવું જોઇશે.' આજથી પાંચ વર્ષ પહેલાં ૧૯૨૩ના શિયાળામાં મસાકો નામની એક બાળા જાપાનના તોશીમા પ્રાંતના હચીમા ગામમાં ભણતી હતી ત્યારે તેના શિક્ષકે ઉપરના શબ્દો કહ્યા હતા.

મસાકોની ઉમર માત્ર નવ વર્ષની હતી. શાળાના બીજા ધોરણમાં તે અભ્યાસ કરતી હતી. તેના સુંદર ચહેરા પર ફિક્કાશ પ્રસરી રહી હતી ને એનું કોમળ શરીર ઢાંકવા ચીંથરાં સિવાય બીજું કાંઈ એની પાસે નહોતું.

'તારે નિયમિત હાજર થવું જ જોઇશે, સમજી?' ફરી શિક્ષકે કૈંક સખ્તાઇથી કહ્યું.

'ગુરુજી,' માફ કરો. મારાથી વહેલું ઉઠાતું નથી. હું શું કરૂં?' બોલતાંબોલતાં મસાકોની નિર્દોષ આંખોમાં ઝળઝળિયાં ભરાઈ આવ્યાં. ભીની આંખે આજીજી કરતી તે ગુરુજી સામે જોઈ રહી.

'ત્યારે એમ જ છે ને કે તારે મહાન સ્ત્રી થવું નથી! મેં તને નથી કહ્યું કે જગતનાં બધાં જ મહાન સ્ત્રી-પુરુષો વહેલા ઉઠવાની ટેવ રાખે છે?'

મસાકોની આંખમાંથી મોતીના દાણા જેવાં આંસુ ખરી પડ્યાં. એનાં આંસુ જોઇ શિક્ષકને દયા આવી. મસાકો પર જે ઈશ્વરી કોપ ઉતર્યો હતો તેનું એમને સ્મરણ થયું. 'કાંઇ નહિ; ફિકર નહિ બહેન! કાલથી તારે નિશાળના કામની કે હાજરીની ચિંતા કરવી નહિ.' એમ કહી શિક્ષકે મસાકોને સોડમાં ખેંચી, પીઠ થાબડી આશ્વાસન આપ્યું.

મસાકોના પિતા આગલે જ વર્ષે પોતાની પાછળ ૪ આદમીનું કુટુંબ મુકી ગુજરી ગયા હતા: મસાકોની માતા, અને તેના બે ભાઈ:—મોટો ઇસામુ ને નાનો કીન્યા. તે વખતે ઈસામુની ઉમર પંદર વર્ષની હતી અને કીન્યાની માત્ર ચાર-સાડા ચાર વર્ષની. મસાકો નવ વર્ષની હતી. એના પિતા બહુ ગરીબ સ્થિતિનો હતો. મરતી વેળા તેણે વારસામાં માત્ર ૧૩ યેનની પુંજી મુકી હતી અને દેવાંના તો ડુંગર માથે ચડ્યા હતા. નહોતી એણે દેવું પતાવવા કાંઇ ગોઠવણ કરેલી કે નહોતી ચાર આદમીના પોષણની જોગવાઇ કરેલી. કુટુંબનાં ચારે જણને કકડતા ઉપવાસના વારા આવી લાગ્યા.

મસાકોની માતાએ સીવવા ભરવાની મજુરી કરવા માંડી. મોટા ભાઇ ઈસામુને પાડોશની એક પેઢીમાં નોકરીએ મુક્યો. ત્યાં તેની માસિક આવક માત્ર ૧૬ યેન હતી. પણ એટલાથી કાંઇ ચાર પેટનું પોષણ થાય નહિ. રાતે રાતે પેઢીની નોકરીમાંથી પરવારી ઇસામુ બીજી કાંઈક મજુરી કરે. પેઢીમાં વાર તહેવારે રજા હોય ત્યારે પોતાના ગામથી દૂર આવેલી ડુંગરીઓમાંથી લાકડાં કાપી લાવી ભારા વેચે.

આવી આવી રીતે માદીકરાએ દરિદ્રતા ડાકણને અગિયાર મહિના તો હંફાવી. પણ આખરે મા અને દીકરો બંને લથડ્યાં. બેહદ મજુરીથી ઇસામુ લથડ્યો. તેને જીવલેણ ક્ષયરોગ લાગુ પડ્યો. તે જ વેળાએ માતાને પણ અસાધ્ય સંધીવા થયો.

ફુલડાં ઉગ્યાં અણમોલ
ચાંદલિયાની ડાંખળીએ રે:
એવા કંઇ રસના બોલ
ઉગે મારી આંખડીએ રે.
ચાંદનીઓ વેરી ચંદ્ર ચાલે રે
ઠમક ઠમક ઠમકંત;
વેરૂં હું એવી તેજપગલીઓ
મારગડે મલકંત:
ચાંદલિયાની ડાંખળીએ રે.
સેંથે ઓઢી મેઘઓઢણી રે,
ચંદની ચણિયાને ઘેર,
ચંદ્રકલા આ કલા કરી ચમકે;
કરૂં હું કલા એ પેર;
ચાંદલિયાની ડાંખળીએ રે.
કિરણે રચે અલબેલડી રે
અલકલટો ચંદ્રભાગ્ય;
ઘુંટો મેલ્યો મારો અજબ છટાનો
અંબોડલાનો સોહાગ;
ચાંદલિયાની ડાંખળીએ રે.
રૂપનો સાગર ડોલતો રે,
ચંદ્રી ઝીલે એ જુવાળ;
કોડભરી એવી હું ય કુમારી
દેવસુધાનો થાળ;
ચાંદલિયાની ડાંખળીએ રે.
ફુલડાં ઉગ્યાં અણમોલ
ચાંદલિયાની ડાંખળીએ રે:
એવા અમૃતના બોલ
ઉગે મારી આંખડીએ રે.

કવિ નાનાલાલ

નિરાધાર કુટુંબ પર દૈવના ઘા હવે અસહ્ય થઇ પડ્યા. કમાઉ મા અને દીકરો મરણપથારીએ પડ્યાં. સારવાર કોણ કરે? ને ઔષધ કે સારવારના ખર્ચ માટે જોઇતાં નાણાં પણ ક્યાં હતાં? અરે! બે દર્દી અને બે બાળકોને સુક્કો ટુકડો પણ કોણ પુરે એમ હતું?

છતાં એ મરણપથારીએથી પણ મસાકોની માતા અને ભાઈની હિંમત ડગી નહિ. એમણે પડ્યાંપડ્યાં યે કાંઇક ઉદ્યોગ હાથ ધરવા નિશ્ચય કર્યો. જાપાનમાં દીવાસળી મુકવાનાં ખાલી ખોખાં બનાવવાનો ઘરગથુ હુન્નર જાણીતો છે. એમાં કમાણી તો છેક નામની જ, પણ એક દમડી યે મળે તે હુન્નર નિરાધાર માટે શો ખોટો? વળી મરણપથારીએ પણ થઇ શકે એવો એ ઉદ્યમ ગણાય.

મસાકોની મા અને મોટા ભાઇએ એ કામ હાથ ધર્યું. પહેલાં પહેલાં તો બંને મળી રોજનાં ચારસો ખોખાં બનાવી શક્યાં અને એ રીતે મહીને ૬૦ યેન જેટલી આવક પડી. પણ દિવસે દિવસે બંનેના વ્યાધિ વધતા જતા હતા. પરિણામે શક્તિ ઘસાતી ગઇ. બીજે મહીને તો રોજનાં સરેરાસ ૩૦૦ ખોખાં જ કરી શક્યાં. ત્રીજે મહિને રોજનાં ૨૦૦ પર ઉતર્યાં, અને એમ ઉતરતાં પાંચમે મહિને તો રાત દિવસ મળી મા–દીકરો ફક્ત ૫૦ ખોખાં જ રોજ બનાવી શક્યાં. તે મહિને આખા સાડા સાત યેનની આવક થઇ. એટલાથી બહુ તો એકબે પાલી ભરી ચોખા મેળવી શકાય. ચાર જીવનું પોષણ અને તેમાંના બે માટે તો દવા ને સારવારનો ખર્ચ ક્યાંથી નીકળે?

એમ કરતાં શિયાળો આવ્યો મસાકોની માનો સંધીવા બહુ વધી પડ્યો, ને તે પથારીવશ થઈ તે ઠેઠ સુધી ઉઠાયું જ નહિ. મહિનો રહી ઈસામુ પણ છેલ્લી પથારીએ પડ્યો.

હવે કરવું શું? નાની મસાકોએ ઘરમાં જે કાંઇ જુનાં લુગડાં પડ્યાં હતાં તે પેટે મળી શકી તેટલી રકમ મેળવી. કપડાં કાંઈ ભારે કે નવાં તો હતા જ નહિ; અને એટલી નાની છોડીને તેની પુરી કિંમત જેટલા પૈસા કોઇ આપે પણ નહિ. જે કાંઈ મળ્યું તેમાંથી ફી આપી મસાકો એક દાકતરને તેડી લાવી તેણે મા–દીકરાને તપાસ્યાં તો જોયું કે બંનેનો અંતકાળ આવી લાગ્યો હતો. પણ બીચારી મસાકોને ખરેખરી વાત સમજાવતાં દાક્તરનું હૃદય ચાલ્યું નહિ.

બે જણાંની માંદગી અને ગરીબાઇએ મસાકોની કોમળ કાયા પર કેટલો બોજો લાગ્યો હતો તે વાત માંદી મા અને ભાઇના ધ્યાનમાં તો હતી જ. મસાકો પર ઘણી યે દયા આવે, પણ પોતાની જ અંતકાળની અસહ્ય વેદનાને લીધે મસાકોને રાહત આપવાનું તો ક્યાંથી જ બને?

મા અને ભાઈની માવજત કરવામાં મસાકો જરા યે કંટાળી નહિ કે હિંમત હારી નહિ. આખો દિવસ દર્દીનું શરીર મસળે કે તેમની પગચંપી કરે. મધરાતે પણ ફળ, ઔષધ કે કરકરિયાણું લેવા નિડરપણે નીકળી પડે. પથારીવશ થએલાં મા કે ભાઇને ઝાડા પિશાબ થાય તે સ્વચ્છ કરી દર્દીને અને ઘરને સ્વચ્છ રાખવાનું પણ રોજ એને જ માથે હતું. અને તે ઉપરાંત, ૪–૫ વર્ષના નાના ભાઇ કીન્યાની સંભાળ પણ મસાકો લેતી જતી. દિવસે એને આરામ નહિ ને રાતે એને ઉંઘ નહિ. એ મસાકો શાળામાં શી રીતે નિયમિત હાજર થાય? ગુરુને શો જવાબ આપે?

પણ આખરે, સુખે કે દુ:ખે, મસાકોના એ કસોટીકાળનો આરો પાસે આવતો હતો. એ લોકો જે ઘરમાં રહેતાં હતાં તેનો માલિક એક દિવસ ભાડું માગવા આવ્યો. દસદસ મહિનાથી એક દમડી પણ ભાડા પેટે મળેલી નહિ, એટલે ક્રોધે રાતોપીળો થઇ આવ્યો હતો. પણ આ કમનસીબ કુટુંબની દરિદ્રતા જોઇ એનું અંત:કરણ પીગળી ગયું. ભાડું વસુલ કરવાને બદલે સામો તે થોડુંક દાન આપતો ગયો. એક બીજા વેપારીનો ગુમાસ્તો શેઠનું ચડેલું લેણું વસુલ કરવા બારણાં ઠોકતો આવ્યો તે પણ દયા દ્રવતો ગયો: 'વારુ, ફિકર નહિ બહેન! મારા શેઠનું એટલું લેણું તો હું જ જોઇ લઇશ. તું ચિંતા કરીશ નહિ, હો!'

એમ કરતાં આખા ગામે આ વીર બાળાની વાત સાંભળી. એની વીરતા, એનો કુટુંબપ્રેમ ને એની સહનશક્તિના તપની જ્યોતિ સર્વત્ર પહોંચી. ૧૮મી મે ૧૯૨૩ના દિવસે ગામના બાળકોને ઇનામ વહેંચાયાં ત્યારે, મા અને ભાઇ પ્રત્યે એના આવા પ્રેમ અને સેવાધર્મની કદર તરીકે મસાકોને એક ખાસ ભેટ આપવામાં આવી. એની શાળામાં બધાં મળી ૮૦૦ બાળકો હતાં. એ સૌએ પોતપોતાના ખીસાખર્ચમાંથી ઉઘરાણું કરી મસાકોને સારી રકમ ભેટ કરી.

આમ નાણાંની મદદ તો આવી મળી, પણ પાંચ જ દિવસ રહીને એની માતા દેવલોક પામી. પોતાની વહાલી દીકરીએ જે અડગ સેવા કરી હતી તેની વાહવાહ અને કદર થઈ તેટલું જોવા જ જાણે એટલો વખત એણે જીવ ટકાવી રાખ્યો હતો! માની પાછળ ઈસામુ પણ ઝાઝું જીવ્યો નહિ.

મસાકો અને નાનો ભાઇ કીન્યા અનાથ બન્યાં. પણ ઇશ્વરની ગતિ ન્યારી છે. તેણે મસાકોને કસોટીએ તો ચઢાવી, પણ તે કસોટીમાં એ સો ટચની નીવડી એટલે તેનો તાત્કાલિક બદલો પણ આપ્યો. એના જ ગામનો એક ધનાઢ્ય ગૃહસ્થ મસાકોની વીરતાની તારીફ સાંભળી રાજીરાજી થઈ ગયો. તેણે મસાકોને અને નાના કીન્યાને હવે દત્તક લીધાં છે. એમને હવે દરિદ્રતાને બદલે ધન ને વૈભવ આવી મળ્યાં છે. મસાકો આ વર્ષે શાળાના છઠ્ઠા ધોરણમાં ભણે છે.

મસાકોને મહાન સ્ત્રી થવું છે કે નહિ એવો સવાલ એના ગુરુજી હવે એને પુછતા નથી. એ તો પ્રેમ ને સેવાના તપના બળે મહાન વીરાંગનાઓમાં ગણાઇ ચુકી છે.

(અંગ્રેજી ઉપરથી) માધવપ્રસાદ મજમુદાર

હિંદુસ્તાનની એક અજોડ વ્યાયામસંસ્થા

વ્યાયામપ્રેમનું આંદોલન આજે હિંદભરમાં પૂર્ણ વેગથી પ્રસરી રહ્યું છે. ઠેરઠેર બજરંગ-ઉપાસનાનો બલધર્મ સ્વીકારનારા જુવાનો નજરે ચડે છે. ગુજરાત-કાઠિયાવાડ પણ દસકા-દોઢ દસકાથી એ બલધર્મની અગત્ય સમજતાં થયાં છે, ને ત્યાં ધીમેધીમે, ફુટતી આવતી અરુણપ્રભા જેમ, વ્યાયામ પ્રવૃત્તિનો પ્રકાશ પ્રસરતો જાય છે. એવે કાળે, હિન્દઆખામાં અદ્વિતીય તરીકે પંકાએલી, ને કર્નલ હચિન્સન જેવા સરકારી લશ્કરી અમલદારે 'પશ્ચિમની કોઈ પણ ખાનગી કે લશ્કરી સંસ્થા કરતાં કોઇ રીતે ઉતરતી નહિ' એવી કહીને જેની પ્રશસ્તિ કરી છે એવી, વરાડના પાટનગર અમરાવતીમાં ફુલેલીફાલેલી એક વિશાળ વ્યાયામસંસ્થા 'શ્રી હનુમાન વ્યાયામ પ્રચારક મંડળ'ની પિછાન ગુજરાતની પ્રજાને અગત્યની છે.

જેટલો અદ્ભુત તેનો જન્મઇતિહાસ છે તેટલી જ તાજુબ કરનારી તેની આજ સુધીની નાની આવરદાની સિદ્ધિઓ છે. હિન્દભરમાં એ અજોડ સંસ્થા મનાય છે. લાલાજી સમા નેતાવર તેને 'વિસ્મય' કહે છે. મહાત્માજી તેના મુખ્ય વ્યાયામમંદિરની ઉદ્ઘાટન ક્રિયા કરવા અમરાવતી દોડયા જઈ તેના ઉપર શુભાશિષો વરસાવે છે. પ્રત્યેક હિન્દી નેતા, જેને આ વ્યાયામ પ્રચારક મંડળના અસ્તિત્વનું જ્ઞાન છે તે તેના પ્રત્યે પૂર્ણ આદર અને પ્રેમથી જુએ છે. આજે વરાડમાં દોઢસો કરતાં વધારે શાખાઓ ધરાવતી અને વરાડની બહાર એટલી જ બીજી પ્રશાખાઓ પાથરનારી, હિન્દભરમાં પોતાના બાહુઓ ફેલાવતી આ અદ્ભુત સંસ્થાના જન્મ અને જીવનવિકાસનો ઇતિહાસ જાણવા જેવો છે.

૧૯૧૪ની સાલમાં વરાડના પાટનગર અમરાવતીના એક નાના મકાનમાં ત્રણચાર જુવાન છોકરા ભેગા થયા. તેમને થયું કે આજનું બધું દૌર્બલ્ય ખંખેરી નાખવા આપણે કંઇક સંગીન પ્રવૃત્તિ આરંભવી જ જોઇએ દેશના જુવાનોમાં પ્રાણ આવે, ઢીલી પાટલીએ અને સ્ત્રૈણ ચાલે ચાલવાના મોહમાંથી તેઓ છુટે, તેઓ દેશદાઝથી સળગતા સશક્ત જોધમલ્લો બને, એ અર્થે અખાડા-પ્રવૃત્તિ એ જ સાચી પ્રવૃત્તિ છે એમ તેમને થયું. અને તેમણે વૈદ્ય બંધુઓના અગ્રેસરપણા હેઠળ એક ખાનગી અખાડો શરૂ કર્યો.

૧૯૧૪થી ૧૯૧૭ સુધી એ અખાડો ખાનગી રહ્યો. તેમાં થોડા જુવાનો નિયમસર હાજરી આપતા અને શરીર કસવાને માટે કસરત કરતા. અખાડાનો જે મામુલી ખર્ચ આવતો તે, તેનો લાભ લેનારા શ્રીમંત છોકરાઓ પોતાની પાસેની વધારાની વસ્તુઓના વેચાણમાંથી પુરો કરતા. વૈદ્ય બંધુઓનો આ અખાડો આ રીતે ચુપકીદીથી આગળ વધતો ગયો અને ચાર વર્ષમાં તો અમરાવતીમાં મશહૂર બની ગયો.

૧૯૧૭માં વૈદ્ય બંધુઓનું જાહેર વ્યાયામમંડળ બન્યું: શ્રી હનુમાન વ્યાયામપ્રચારક મંડળ તરીકે તેની જાહેર સ્થાપના થઇ; ને તે પછીનાં આજ દસ વર્ષમાં તો આ મંડળ વરાડને ગામડે ગામડે જાણીતું થઇ ચુકયું છે. ૧૯૨૭ની આખર સુધીમાં તેની ૧૪૭ શાખાઓ સ્થપાઇ છે અને દિવસે દિવસે એ સંખ્યા વધતી જાય છે. વરાડમાં તેની જેટલી શાખાઓ છે તેમાંની પ્રત્યેક શાખામાં અમરાવતીની મુખ્ય સંસ્થામાં તૈયાર થએલા વ્યાયામશિક્ષકો કામ કરી રહ્યા છે. આ બધી સંસ્થાઓમાં મળીને કુલ ચાર હજાર જેટલા જુવાનો હમેશાં વ્યાયામ કરી બલધર્મનો મહિમા ગાઇ રહ્યા છે. વરાડની આ શાખાઓ ઉપરાંત વરાડ બહાર પણ તેની શાખાઓ પથરાઈ છે. પુના, મીરજ, શોલાપુર, જબલપુર, નાગપુર, નાશિક, ત્ર્યંબકેશ્વર, યવતમાળ, અમલનેર, વડોદરા, જંજીરા વગેરે સ્થળોએ તેની શાખાઓ છે, જેની સંખ્યા પચાસ સુધી પહોંચે છે.

હિન્દભરમાં વ્યાયામનો વધારે ને વધારે પ્રચાર થઈ શકે તે ઉદ્દેશથી, મંડળ તરફથી સને ૧૯૨૪થી ઉનાળાની રજાઓમાં શારીરિક તાલીમનો વર્ગ ચલાવવામાં આવે છે. એ વર્ગ આ ચાર વર્ષમાં બહુ જ લોકપ્રિય નીવડ્યો છે. સને ૧૯૨૪માં એ વર્ગમાં ૩૨ વિદ્યાર્થીઓ આવેલા; ૧૯૨૫માં ૫૦, ૧૯૨૬માં ૨૫૦, ૧૯૨૭માં ૪૭૫ અને ૧૯૨૮માં ૫૦૩. આ વર્ગમાં હિંદુસ્તાનના દરેક ભાગના વિદ્યાર્થીઓ જાય છે. રાજકોટથી ભાઇ છોટાલાલ માકડ ગએલા. તે એક પત્રમાં એક મિત્ર ઉપર લખે છે કે 'હિંદુસ્તાનના જુદાજુદા પ્રાન્તોમાંથી એક જ ઉદ્દેશથી આવતા, એક જ વિચારના, એક જ વિષયનું સેવન કરનારા પાંચસો હિંદી જુવાનો લશ્કરી ઢબે વ્યાયામની તાલીમ લે અને સાથે ભારતોદ્ધારનાં સ્વપ્નો સેવે એ વાતાવરણનો ખ્યાલ શબ્દોમાં હું ન આપી શકુ. એ જાતે જોવું જોઇએ અને અનુભવવું જોઇએ.'

શારીરિક તાલીમના આ વર્ગમાં ત્રણ વર્ષનો અભ્યાસક્રમ રખાયો છે. ત્રણ ઉનાળાની રજાઓ આ મંડળની વ્યાયામશાળામાં ગાળી કોઇ પણ ભાઈ સરસ વ્યાયામશિક્ષક બની શકે છે. આ સંસ્થામાં પૂર્વ અને પશ્ચિમની બંને વ્યાયામ પદ્ધતિઓના જુદાજુદા ત્રીસ વિષયોનું જ્ઞાન અપાતું હોવાથી, એ શિક્ષક કોઈ પણ અખાડામાં વ્યાયામવિશારદ તરીકે દીપી નીકળે છે. આ સંસ્થામાં મુખ્યત્વે સ્વરક્ષણની તાલીમ અપાય છે. એ ઉપરાંત તલવાર, લાઠી, ભાલા, લકડી, જમયા, પરશુ, પટ્ટા તેમજ બૉક્સિંગ, જ્યુજીત્સુ વગેરેનું ખાસ જ્ઞાન આપવામાં આવે છે એ તેની વિશિષ્ટતા છે. આવી તાલીમનું એક વર્ષ પુરૂં કરનારને 'વ્યાયામપ્રવેશ'ની, બે વર્ષ પુરાં કરનારને 'વ્યાયામપટુ'ની અને ત્રણ વર્ષ પુરાં કરનારને 'વ્યાયામવિશારદ'ની પદવી અપાય છે.

મંડળના મુળ સ્થાપક વૈદ્ય બંધુઓમાંના એક ભાઇ અંબાદાસપંત વૈદ્ય એ મંડળના આત્મા છે. એમની વય માત્ર ૨૭ વર્ષની છે. જેને આ જમાનાના નમુનેદાર યુવક કહી શકાય તેવા, નિરભિમાની, આદર્શઘેલા, દિવસરાત સંસ્થાની પાછળ

તનતોડ પરિશ્રમ કરનારા આ બાંધવે આ સંસ્થાની પાછળ જીવન અર્પી દીધું છે. તેણે હિંદુસ્તાનના પ્રાંતેપ્રાંતમાં ભમીને, જોવા જેવી વ્યાયામસંસ્થાઓની મુલાકાત લઇને એ અનુભવ મેળવ્યો છે અને બીજી પાસ દસ વર્ષ સુધી વ્યાયામનો બધી દૃષ્ટિએ શાસ્ત્રીય અભ્યાસ કરી એ વિષયમાં પારંગત બન્યા છે.

અંબાદાસપંત વૈદ્યની સાથે નાનામોટા દોઢસો કાર્યકર્તાઓ કામ કરી રહ્યા છે. બધા જ ૧૬થી ૩૦ વર્ષ વચ્ચેની ઉમરના, નવલોહીઆ, દેશદાઝથી સળગતા જુવાનો છે. બધાની વચ્ચે વર્તતો એકરાગ તાજ્જુબ કરી નાખે તેવો છે. નાનામોટા, શ્રીમંત–ગરીબ વગેરે કોઇ પણ પ્રકારના ભેદ વિના બધા જ ભાઇઓ વ્યાયામમંદિરમાંનું બધુ જ કામ હાથે કરે છે.

વ્યાયામમંદિરમાં નાનામોટા કુલ ૬૦ તો અધ્યાપકો છે. તેમાંનો દરેક વ્યાયામવિદ્યાના એક વિભાગનો ખાસ નિષ્ણાત હોય જ છે. બધા જ અધ્યાપકો કશું વેતન લેતા નથી. સંસ્થા તરફની બીજી પ્રવૃત્તિઓમાં ફીઝિકલ કલ્ચર ઈન્ફર્મેશન બ્યુરો તથા વ્યાયામ વસ્તુભંડાર એ મુખ્ય છે.

મંડળના ભાવનાભક્ત અને ઉત્સાહભર્યા જુવાન ચાલકોને પોતાના પરિશ્રમનો આવો સુંદર પરિપાક આવેલો જોઇ, મંડળને માટે એક પ્રમુખ વ્યાયામમંદિર હોવાનો મનોરથ જાગ્યો. તેમણે એ મનોરથને સિદ્ધ કરવા કમર કસી. તેમનું કામ તો ક્યારનું યે વરાડભરમાં મશહૂર થઇ ગયું હતું, એટલે તેમના વ્યાયામમંદિરના ભંડોળમાં વગર માગ્યા પૈસા આવવા લાગ્યા. ૧૯૨૬ ની સાલમાં પંદરેક હજારને ખર્ચે ભવ્ય વ્યાયામશાળા તૈયાર થઈ. સાતસો વિદ્યાર્થીઓ સાથે કસરત કરી શકે એટલાં વ્યાયામ–સાધનો તેમાં વસાવાયાં અને ૧૯૨૬ના ડિસેમ્બરમાં મહાત્માજી ગૌહત્તીની મહાસભામાં હાજરી આપવા જતા હતા ત્યારે તેઓશ્રીએ અમરાવતી ઉતરી એ વ્યાયામમંદિરને ખુલ્લું મુકવાની ક્રિયા કરી. આ ઉપરાંત વ્યાયામ સંબંધી ઉપયોગી સાહિત્ય તથા એક વ્યાયામ સર્વસંગ્રહ (એન્સાઇકલોપીડિયા) પ્રસિદ્ધ કરવાની તેમની યોજના છે અને તેને અંગે એક છાપખાનું પણ ખરીદવામાં આવ્યું છે.

આ વ્યાયામમંદિરની પાછળ તેના સંચાલકોનાં અનેક સ્વપ્નોની સૃષ્ટિ ઉભી છે. આ વ્યાયામમંદિરમાંથી હિંદભરમાં વ્યાયામ–પ્રવૃત્તિ પ્રચારવાના, હિંદની પ્રત્યેક ભાષામાં વ્યાયામનું સાહિત્ય પ્રગટ કરવાના, હિંદની યુવકપ્રવૃત્તિની લગામો હાથમાં લેવાના, આ વ્યાયામમંદિરને હિંદને માટે વ્યાયામ મહાવિદ્યાલય બનાવવાના તેના સંચાલકોના અભિલાષ છે.

પણ ગયા જુન માસમાં અમરાવતીમાં મેઘરાજાએ દારૂણ તોફાન મચાવ્યું, તેમાં આ વ્યાયામમંદિરને પણ ભારે જફા પહોંચી છે. મંદિરનો ઉપરનો માળ વરસાદના તોફાને તારાજ કરી નાખ્યો, તેમજ મકાનમાંનાં તમામ વ્યાયામ–સાહિત્યો અને વ્યાયામ ગ્રંથોનું સત્યાનાશ વાળી નાખ્યું. મંડળને પંદરથી વીસ હજારનું નુકસાન થયું. ગુજરાત–કાઠિયાવાડના શ્રીમંતોનો, હિંદુસ્તાનની આવી અજોડ સંસ્થાના પ્રમુખ વ્યાયામમંદિરના પુનરૂદ્ધાર માટે યથાશક્તિ ફાળો આપવાનો ધર્મ છે. (સૌરાષ્ટ્ર)

વાયુશાસ્ત્રનું પુનામાં નવું મથક

હિંદના વાયુશાસ્ત્ર (માટીઓરોલોજી)ના ખાતાનું મુખ્ય મથક સીમલેથી ખસેડી પુના લાવવામાં આવ્યું અને તેની મંગલ ક્રિયા જુલાઇના બીજા અઠવાડીઆમાં થઇ, એ વૈજ્ઞાનિક દૃષ્ટિએ આપણા મુંબાઇ ઇલાકાનો એક બહુ મોટો બનાવ છે. આ ખાતાના કામ વિષે હજી આપણી શિક્ષિત પ્રજામાં પણ બહુ અજ્ઞાન છે. હવે એ ખાતાનું મુખ્ય મથક આપણી પાસે આવ્યું તેથી અને એમાં ઘણા હિન્દીઓ (માત્ર ૨ અંગ્રેજો ને ૨૫ હિન્દીઓ) છે તેથી, એ તરફ જરૂર ધ્યાન ખેંચાશે.

એ ખાતાની શરૂઆત ૫૩ વર્ષ પૂર્વે હેન્રી બ્લૅનફર્ડે કરી. એ ખાતાના વડાઓએ આ પ્રદેશમાં અગાઉ ઘણી કીમતી શોધખોળો કરી છે. તેમાંના સર ગિલ્બર્ટ વૉકર તો મશહૂર છે. તેમાંના ડૉ. સિમ્પસન આજ લંડનની માટીઓરોલોજીકલ ઑફિસના ડાયરેક્ટર છે; છેલ્લા ડૉ. ફીલ્ડ હતા, જેમણે કેટલાંક વર્ષ આગ્રામાં કામ કર્યું હતું; ને આજ ડૉ. નૉરમંડ છે,—વિલ્સન કૉલેજના જાણીતા પ્રોફેસર નૉરમંડના ભાઈ.

આ ફેરફારથી દક્ષિણમાં કોડીકનાલની, પૂર્વમાં અલીપુરની, ઉત્તરમાં સીમલાની, વાયવ્યમાં આગ્રાની, ને પશ્ચિમમાં કોલાબાની એ સર્વ અવલોકનશાળાઓનું કામ હવે પુનામાં એકત્ર થશે. એટલું જ નહિ પણ અરબ્બી સમુદ્રનાં તોફાન વગેરેનાં અવલોકન તથા તે માટે ચેતવણી એ કામ પણ પુનેથી વધારે સારી રીતે થઇ શકશે.

મુખ્ય કામ હવાના અવલોકનનું છે. તે સીમલામાં ઠીક નહોતું થતું. આપણને નવાઈ લાગે કે સીમલા જેવી ઉંચી જગ્યાએ બરોબર ન થાય ત્યારે ક્યાં થાય ? પણ વાત એમ હતી કે આ વિષે તપાસ કરવાને નાના ગુબારાઓ ને બલુનો ઉડાડવામાં આવે છે. તે હિમાલય તરફ ખેંચાઈ જઇ એવીએવી જગ્યાએ ભરાઇ પડતાં કે તેમને પાછાં ય મેળવાય નહિ. એટલે મહેનત ને પ્રયોગ સર્વ વ્યર્થ જતાં. અહીં હવે એવું નહિ થાય. આશા છે કે મુંબઇ ઇલાકો જે વૈજ્ઞાનિક સંસ્થાઓમાં ગરીબ છે તે આ સંસ્થાના સાંનિધ્યથી હવે વૈજ્ઞાનિક ફલ્લાસ મેળવશે.

(ગુજરાતી) —ડૉ. કાંતિલાલ પંડ્યા

પૃથ્વીની ઉમર

'પૃથ્વીની ઉમર કેટલી હશે ?' એ વિષે જેઓએ પોપટલાલ શાહના 'વિજ્ઞાન-વિનોદ'માં વાચ્યું હશે તેઓને જાણીને રસ પડશે કે પ્રો. હેઈલ નામના એક અમેરિકન વિજ્ઞાનશાસ્ત્રીએ રેડિયમનાં રૂપાન્તરોના કાળની માપણી કરી તે ઉમરની ચોક્કસ ગણત્રી કરી છે. 'વિજ્ઞાન-વિનોદ'માં એચ. જી. વેલ્સના પુસ્તકને આધારે ૧૦ કરોડ વર્ષ પૃથ્વીની ઉત્પત્તિને માટે મુકયાં છે. પ્રો. હેઇલની ગણત્રી પ્રમાણે પૃથ્વીની ઉમર બરોબર ૯૦ કરોડ વર્ષની છે. (ગુજરાતી)

ઊંચે ચડો જન પડેલ ચડાવવાને

અમેરિકા જતી વેળા સ્વામી રામતીર્થને એક વૃદ્ધ અમેરિકન પ્રોફેસર સાથે સ્ટીમરમાં ઓળખ થઇ. તે ૧૧ ભાષાઓ જાણતો ને ૧૨મી રશિયન શીખતો હતો. એ જાણી સ્વામીજીએ કહ્યું, 'હવે તો મૃત્યુને બારણે આવી પહોંચ્યા છો માટે ઇશ્વરભજન કરો.' પેલાએ જવાબ આપ્યો, 'હું ભુસ્તરવિદ્યાનો અધ્યાપક છું ને રશિયનમાં એ વિદ્યાનો અદ્‌ભુત ગ્રંથ લખાયો છે. જો હું તેનું ભાષાંતર કરૂં તો મારા દેશને અત્યંત લાભ થાય.' એને મન લોકસેવા એ જ ખરી ઈશ્વરભક્તિ હતી.

સરખા શબ્દો

દર=પ્રત્યેક; દર=ભાવ; દર=કાણું.

ફુલદાનીમાં પાણીને બદલે ભીની માટી ભરવાથી એક વધુ ફાયદો એ છે કે ફુલદાની ગબડી પડવાનો સંભવ ઓછો.

૧૫મી ઑગસ્ટ (૧૮૭૨): શ્રી અરવિંદ ઘોષની જન્મતિથિ. ૪થી સપ્ટે. શ્રી દાદાભાઇ નવરોજીની જન્મતિથિ.


એવું શું એક જે તમારૂં છેક
તો યે બીજા તે વાપરે વિશેષ ?

આજ સુધીમાં ટુંકામાં ટુંકું વર્ષ ૧૮૯૨નું આવ્યું છે. તે શુક્રવારે બેઠું હતું ને શનિવારે પુરૂં થયું હતું.

સળગેલી મીણબત્તીનો વહી ગએલો રસ ઉપયોગમાં લેવાના અનેક રસ્તા છે. એક તો એ કે એનો ભુકો એક વાસણમાં ફરી ઓગાળી તેમાં વાંસની થોડી સળીઓ પલાળી સુકવી રાખવી. દેવતા સળગાવવા માટે કાકડીને બદલે એ સળીઓ કામમાં લઇ શકાય.


ડુંગળી પાસે રાખવાથી સાપ નાસી જાય છે એમ કહેવાય છે. એક અનુભવીનો મત છે કે કારબોલિક ઍસિડની વાસથી પણ સાપ દૂર નાસે છે.

કપડા પર બળવાથી પડેલા લાલ ડાઘ પર તરત જ ડુંગળીનો રસ ચોપડી દેવામાં આવે તો નીકળી જતા કહેવાય છે.



હોથલ અને ઓઢાની પ્રેમભૂમિ હાલોઇ ને હલામણ પર્વતોની વચ્ચે આવેલા ધ્રંગ ગામ (કચ્છ)માં મેકણ ડાડા (દાદા)ની સમાધિ છે. તે મોટા કચ્છી કવિ થઇ ગયા ને કબીરનો અવતાર ગણાતા. મુળ એ ખુંભડી ગામના રહીશ. જાતે મેકણ રજપુત. જંગલમાં ગાયો વાછડાં ચારતા, એવામાં કોઇ સંત મળ્યા. જ્ઞાન થયું ને ઘર છોડી નીકળ્યા. ધ્રંગમાં આવી શાંતિ પામ્યા. ત્યાં સાધના કરતા ને સમાધિ પણ ત્યાં જ લીધી. એમની ગાદીએ આવનાર બધા દાદા કહેવાય છે. જેમની આ છબી છે તે વીરજી દાદો આજ એમની ગાદીએ છે.

ભેજવાળા કબાટ કે તાકામાં થોડો કોરો ચુનો મુકી રાખવાથી ભીનાશ ચુસી લેશે.



દુનિયામાં મીઠા પાણીનું સૌથી મોટું સરોવર કૅનેડાનું લેક સુપીરિયર (૩૨૦૬૦ ચો. માઇલ) છે. એથી ય મોટો એશિયાનો કાસ્પિયન સમુદ્ર(૧૬૯૦૦૦ ચો.માઇલ) પણ સરોવર જ છે. પણ એનું પાણી ખારૂં હોવાથી તે સમુદ્ર કહેવાય છે.

'. . નાળી' અને 'સાવર . .' એ બે શબ્દોમાં ખાલી જગ્યાએ હાથ મુકવાથી પ્રસિદ્ધ સ્થળ ને પુરૂષનાં નામ નીકળશે.

સહરાના રણના ઉત્તરના ભાગમાં પુરુષો પણ મોં આડો પડદો રાખે છે ને પોતાના કુટુંબનાં માણસો સિવાય બીજા કોઇને મોં જોવા દેતા નથી.



જપાન પાસેના દરિયામાં ૨૦૦૦ ફુટ ઉંડે આ રાક્ષસી કરચલો થાય છે. એના બે પગના છેડા વચ્ચેનું અંતર ૧૨ ફુટ છે.

થોડા પાણીમાં બેત્રણ ટીપાં લીંબુનો રસ નાખી તે વડે બ્રશ અથવા દાતણથી દાંત સાફ કરવાથી ઝટ ઉજળા થશે.

અખાડે જવાની પંચાત જ નહિ. અમેરિકનો આવાં સાધન ઘરમાં ગોઠવી દે છે. એના પર હલેસાં મારવાની, મુક્કાબાજીની, શરીરનો મેદ ઉતારવાની, વેઇટ લિફ્ટિંગની, જુદાજુદા સ્નાયુઓ કેળવવાની વગેરે વિવિધ કસરતો ઘરનાં નાનાંમોટાં બધાં માણસો કરી શકે છે. સૌ, પોતપોતાને સમય મળે ત્યારે એના પર થોડી મનફાવતી કસરત લઈ શરીરને સ્ફૂર્તિ તથા ગરમીથી ભરી દેછે.